પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક
માહે જૂન, ૧૯૯૯ — વર્ષ ૭૨ • અંક ૮૫૭

કુમાર

સંસ્થાપક : રવિશંકર રાવળ
તંત્રી
ધીરુ પરીખ




વૃક્ષો અને વાયરા] [નટુ પરીખ

પૂર્વથી વીંઝાતા પવનોમાં સહેજસાજ ઝૂકી પડેલાં વૃક્ષો, તેનાં સહેજસાજ વીખરાયેલાં પર્ણો આપણને અદેહી પવનની સદેહી અનુભૂતિ કરાવે છે. તેમાં કલાકારનો રંગસંયોજનાનો કસબ ઓર ઉમેરો કરે છે.



ફર્નાંદો સર્કસમાં રિંગ માસ્ટર • હેન્રિ દ તોલુઝ લોત્રેક (ઈ.૧૮૬૪ - ૧૯૦૧) ફ્રાંસમાં સમૃદ્ધ પરિવારમાં જન્મેલા, પરન્તુ કલાની લગનીને ખાતર સકલ વૈભવનો ત્યાગ કરી મોંતમાત્રની ગંદી વસાહતમાં રહેવાનું પસંદ કર્યું. ત્યાંનાં સંગીતગૃહો, સર્કસ અને વેશ્યાગૃહો એમની તત્કાલીન ચિત્રસૃષ્ટિનો વિષય બન્યાં. એમણે ચિત્રો, રેખાંકનો, પોસ્ટરો અને લિથોગ્રાફ્સ સર્જ્યાં છે. એમની કલામાં પ્રખર શક્તિ, તોર અને તણાવ જોવા મળે છે. પોતાના જમાનાના ચાલુ કલાપ્રવાહોથી ઉફરા ચાલવાનું તેમણે સાહસ કરેલું, અને તે સમયના પ્રસિદ્ધ અને પ્રતિષ્ઠિત કલાકારોની સામેની હરોળમાં એક શિખાઉ કલા-ઉપાસક તરીકે ખૂબ ધ્યાન ખેંચેલું.

એમનો શોખનો એક વિષય તે સર્કસ. અહીં ફર્નાંદો સર્કસના રિંગ માસ્ટરને અને તેના તે દૃશ્ય પરના આધિપત્યને આબેહૂબ રજૂ કરાયાં છે. ઘોડાની છટાયુક્ત ગતિ અને તેના પગમાં અટવાતો રિંગ માસ્ટરનો ચાબૂક તથા તે રિંગ માસ્ટરના મુખ પરના વિજયી તોરીલા ભાવો સરસ રીતે ચિત્રિત થયા છે. સામે પ્રેક્ષકદીર્ઘામાં ગોઠવાયેલાં ઈસમો, આસપાસનું વાતાવરણ સર્કસનો હૂબહૂ માહોલ સર્જે છે.



જગન્નાથપુરી (ઓરિસા)માંનું ૧૪"X ૯.૫"નું લાકડા પર કરેલું ચંડીનું ચિત્ર

કુમાર
KUMAR
Editor : DHIRU PARIKH
Phone : 21443745
પૂરા પરિવારનું સુરુચિપૂર્ણ સર્વલક્ષી સામયિક
An Encyclopedic Family Magazine of High Taste
1454, Raipur Chakla, Ahmedabad - 380 001. INDIA

અનુરોધ-પત્ર

સુજ્ઞ સ્નેહીશ્રી,

આપ ઘણા સમયથી 'કુમાર'ના ગ્રાહક રહ્યા છો. આપ એ પણ જાણો છો કે 'કુમાર'ને પંચોતેર વર્ષ પૂરાં થશે. કલાગુરુ રવિશંકર રાવળે સ્થાપેલું અને પીઢ પત્રકાર બચુભાઈ રાવતે સંવર્ધેલું 'કુમાર' માસિક, વચ્ચે ત્રણેક વર્ષના વિરામ સિવાય, એકધારું સંસ્કારપોષક અને જ્ઞાનવર્ધક વાચનસામગ્રી પીરસતું આવ્યું છે. એનું સર્વક્ષેત્રીય (ઇન્સાઇક્લોપીડિક) કાઠું ઉત્તરોત્તર ગજું કાઢતું રહ્યું છે. અમને શ્રદ્ધા છે કે એનું વાચન આપને સંતર્પક રહ્યું હશે.

આ ૭૫મા વર્ષના વિશિષ્ટ અવસરે અમે આપને આ પત્રથી અનુરોધ કરીએ છીએ કે આપ જો ગ્રાહક તરીકે બંધ હો તો આપનું લવાજમ રૂ.૧૦૦ (૩૦ જૂન ૧૯૯૯ સુધીમાં) મોકલી આપી આપનું ગ્રાહકપદ તાજું કરાવી લેશો. આપ જો ગ્રાહક તરીકે ચાલુ હો તો નવા વર્ષનું લવાજમ મોકલી આપી ગ્રાહકપદ તાજું રાખી આ સંસ્કારપત્રને પ્રોત્સાહક થશો.

પરદેશનું લવાજમ હવાઈમાર્ગે રૂ.૭૫૦ અથવા ડૉલર ૨૫ અથવા પાઉન્ડ ૧૫ રાખવામાં આવ્યું છે. લવાજમનો ડ્રાફ્ટ / ચેક 'કુમાર કાર્યાલય લિ.'ના નામનો લખવા વિનંતી છે. બહારગામની બૅન્ક પરના ચેક ઉપર રૂ.૧૫ = ૦૦ બૅન્ક - કમિશનના ઉમેરીને (રૂ.૧૦૦ + ૧૫ = ૧૧૫) લવાજમ મોકલશો. લવાજમ મની ઑર્ડરથી મોકલવું વધુ સરળ અને સસ્તું રહેશે.

આ અવસરે એક બીજી પણ ખાસ વિનંતિ કે આપ એક નવા ગ્રાહક મેળવી આપી આપનો સદ્ભાવ સક્રિય રીતે પ્રકટ કરશો. અમને શ્રદ્ધા છે કે અમારી આ અપીલનો આપના તરફથી સાનુકૂળ પ્રતિભાવ સાંપડી રહેશે.

આપના આગોતરા આભાર સાથે.

'કુમાર'નો ૭૫મા વર્ષમાં પ્રવેશ : સ્થાનસમર્પિત યોજના

આ અંકથી 'કુમાર' ૭૫મા વર્ષમાં પ્રવેશે છે એ નિમિત્તે 'કુમાર'ગ્રાહકોને સ્થાનસમર્પિત યોજનામાં સહયોગ આપવા હાર્દિક અપીલ છે.
સ્થાનસમર્પિત આખું પાનું રૂ.૧૦૦૦/-, અડધું પાનું રૂ.૫૦૦/-
આ પાન પર જીવનપોષક અવતરણ મૂકી શકશો અથવા અમે તે આપના વતી પસંદ કરીને મૂકીશું.
આપની રકમનો ચેક અથવા ડ્રાફ્ટ 'કુમાર કાર્યાલય લિમિટેડ'ના નામે લખશો અને 'કુમાર'ના સરનામે મોકલી આપશો તેવી વિનંતી.

'કુમાર'ના લવાજમમાં વધારો

છેલ્લાં બેએક વર્ષથી મુદ્રણસામગ્રી, મુદ્રણ, ટપાલદરો આદિમાં સતત વધારો થતો રહ્યો હોવા છતાં પણ અમે 'કુમાર'નું લવાજમ યથાવત્ રાખ્યું હતું અને પૃષ્ઠસંખ્યા સતત વધારતા રહ્યા છીએ. પરન્તુ હવે ઉપરોક્ત સંજોગોમાં અમારે નાછૂટકે લવાજમમાં વધારો કરવો પડ્યો છે.

હવે જુલાઈ ૧૯૯૯થી 'કુમાર'નું વાર્ષિક લવાજમ રૂ.૧૫૦-૦૦ રહેશે. જે ગ્રાહકોનું લવાજમ જુલાઈ ૧૯૯૯થી ડિસેમ્બર ૧૯૯૯ સુધીમાંના કોઈ પણ માસમાં પૂરું થતું હોય તેઓ જો જૂન ૩૦, ૧૯૯૯ સુધીમાં પોતાનું વાર્ષિક લવાજમ મોકલી આપશે તો તે રૂપિયા ૧૦૦ના જૂના લવાજમદરે સ્વીકારાશે. ૧લી જુલાઈ ૧૯૯૯થી નવા દરે લવાજમ રૂપિયા ૧૫૦ (દોઢસો) ભરવાનું રહેશે. હવેથી ત્રણ વર્ષનું લવાજમ રૂપિયા ૪૦૦ તથા પાંચ વર્ષનું લવાજમ રૂપિયા ૭૦૦ રાખવામાં આવ્યું છે. ૧લી જુલાઈ પછી જેમનું લવાજમ રૂ. ૧૦૦ મળશે તેમને આઠ માસ માટે ગ્રાહક ગણવામાં આવશે.

અમારો આ લવાજમ વધારો સહુ ગ્રાહકો નિભાવી લેશે તેવી શ્રદ્ધા છે. 'કુમાર'ની ગુણવત્તા અને સ-રસતા દઢાવવા અમે સંકલ્પબદ્ધ છીએ.

સ્નેહાધીન

તંત્રી : 'કુમાર'

હીરાલાલ હરિલાલ ભગવતી (ચેરમેન)
ભાલચંદ્ર રતિલાલ શાહ
બિહારીલાલ પોપટલાલ શાહ
(ડિરેક્ટરો)

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

વર્ષ ૭૨મું | અંક ૬

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

* કુમાર દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઓફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
* અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
* લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું.
* સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
* ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. ગ્રાહક નંબર લખવાથી પત્રવ્યવહારમાં વિલંબને ટાળી શકાશે.

જૂન ૧૯૯૯

અનુક્રમણિકા

કુમાર સળંગ અંક ૮૫૭

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દેસાઈ ઓફસેટ, ૪૬, શિવશક્તિ એસ્ટેટ, હોટેલ પ્રેસ્ટીજની પાછળ,નારોલ ચોકડી પાસે, અમદાવાદ.
વાર્ષિક લવાજમ (માત્ર ૩૦ જૂન, ૧૯૯૯ સુધી જ) રૂ. ૧૦૦; પરદેશમાં હવાઈ માર્ગે ડોલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૭૫૦, અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ.૭૦૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૧૨ - ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૩ - ૦૦

વાચકો લખે છે

માર્ચ, ૧૯૯૯ના 'કુમાર'માં શ્રી પ્રહ્લાદ છ. પટેલના ડૉ. કે.એસ. ક્રિશ્નન અંગેના જીવનચરિત્ર-લેખ અંગે નીચેની બાબતો તરફ ધ્યાન દોરું છું.

(૧) પાના ૧૨૭ના છેલ્લા પેરામાં જણાવ્યા પ્રમાણે ૧૯૨૮માં શ્રી ક્રિશ્નન ઢાકા ખાતે ભૌતિકવિજ્ઞાનના રીડર તરીકે જોડાયા. હકીકતમાં તેઓ ૧૯૨૯માં ઢાકા યુનિવર્સિટીમાં જોડાયા અને ચાર વર્ષ બાદ ૧૯૩૩માં કલકત્તામાં પ્રોફેસર તરીકે જોડાયા હતા.

(૨) 'મંદ પ્રસ્ફુરણ જે પાછળથી નવા જ પ્રકારનું ગૌણ વિકિરણ તરીકે ઓળખાયું તેની નોંધ સૌપ્રથમ વાર ૧૯૨૮માં ડૉ. કે.આર. રામનાથને કરી હતી.' શ્રી રામનાથન, મદ્રાસ યુનિવર્સિટીની એક વર્ષની સ્કૉલરશિપ મેળવીને નવેમ્બર ૧૯૨૦માં રામનના માર્ગદર્શન હેઠળ સંશોધન કરવા આઈ.એ.સી.એસ. કલકત્તામાં જોડાયા હતા. ત્યાં એક વર્ષ દરમિયાન દસ સંશોધન પેપરો તૈયાર કરી તેઓ રંગૂન યુનિવર્સિટી ખાતે મદદનીશ વ્યાખ્યાતા તરીકે જોડાયા હતા અને ૧૯૨૫માં ત્યાંથી ભારતીય મૌસમ વિભાગમાં આમંત્રણ મળતાં સીમલા અને ત્યાંથી આગ્રા ગયા હતા. તેમણે ઉપરોક્ત ઘટના જે પાછળથી રામન અસર તરફ દોરી ગઈ હતી તે કલકત્તા ખાતે ૧૯૨૩ની રજાઓ દરમિયાન સંશોધન કાર્ય કરતાં સૌપ્રથમ નિહાળી હતી.

(૩) ક્રિશ્નને ૧૯૨૦માં મદ્રાસ યુનિવર્સિટીમાંથી ફિઝિક્સના વિષયમાં તેમની અનુસ્નાતક ડિગ્રી મેળવી હતી.

- સુરેશ ર. શાહ (અમદાવાદ)

'કુમાર' અંક ૮૫૧ (ડિસેમ્બર-'૯૮) વાંચ્યો. ઘણો રસિક લાગ્યો. પાન ૮૩૬ પર '૧૯૯૮ સંબંધી ગણિત-અંકયંત્રોમાં ૧૯૯૮ વિષે અવનવું જણાવાયું છે કે ....આવું ભાગ્યે જ કોઈ સંખ્યામાં બને છે. કોશિશ કરી જુઓ.......'

પરંતુ તેમાં '૧૯૯૮ વિષે જે અવનવું' બતાવવામાં આવ્યું છે તે માત્ર ૧૯૯૮ વિષે જ નહિ, પણ '૯૯ની આગળપાછળ શૂન્ય સિવાયની જે બે સંખ્યાઓનો સરવાળો '૯' થતો હોય તેવી સંખ્યાઓ મૂકવાથી બનતી કોઈ પણ ચતુર્અંકી સંખ્યાઓને લાગુ પડશે. આવી સંખ્યાઓ આ પ્રમાણે છે : ૧૯૯૮, ૨૯૯૭, ૩૯૯૬ અને ૪૯૯૫. આવી સંખ્યાઓ બહુ વધારે હોઈ શકે નહિ. અને ખરેખર તો ઉપરોક્ત સંખ્યાઓ તે લેખમાં 'ઊલટાવી... સરવાળા... બાદબાકી' વગેરે કર્યા છે તેમાંથી જ પ્રાપ્ત થાય છે. ૪૯૯૫ પછીની ચારેય સંખ્યાઓ તો આની આ સંખ્યાઓને ઊલટાક્રમે (જમણેથી ડાબે) લખવાથી મળે છે. માટે તેને સ્વતંત્ર તો ન ગણી શકાય.

જો કે સરવાળા બાદબાકી વગેરે કરીને મૂળ સંખ્યા અથવા તેની ઉલટાવેલી સંખ્યા લાવવાની (અંકમાં દર્શાવી છે તે) પ્રક્રિયામાં ૪૯૯૫ અપવાદ થશે. કેમ કે તે અને તેની ઊલટી સંખ્યાનો તફાવત '૯૯૯' જ આવે માટે. પરંતુ બાકીની ૧૯૯૮ની ચારે ચાર વિચિત્રતાઓ તો આ બધી સંખ્યાઓને લાગુ પડે છે, જે અહીં દર્શાવ્યું છે.

જેમ કે ૩૯૯૬, ઉલટાવેલી ૬૯૯૩ :	૬૯૯૩
તફાવત -	૩૯૯૬
તેને ઉલટાવતાં	૨૯૯૭
અને ઉમેરતાં +	૭૯૯૨
	૧૦૯૮૯
૩૯૯૬ના ઊલટા બાદ કરવાથી -	૬૯૯૩
મૂળ ૩૯૯૬ની રકમ	૩૯૯૬
	૬૯૯૩
ફરી પાછો તફાવત -	૩૯૯૬
	- ૨૯૯૭
૨૯૯૭ને ઉલટાવી તફાવત લેતાં	૭૯૯૨
	૪૯૯૫
૪૯૯૫ને ઉલટાવી ઉમેરતાં +	૫૯૯૪
	૧૦૯૮૯
૩૯૯૬ બાદ કરતાં -	૩૯૯૬
૩૯૯૬ની ઉલટાવેલી રકમ	૬૯૯૩

બાકીની ચાર વિચિત્રતાઓ : આ માટે '૨૯૯૭' લઈએ. નીચે ત્રણ આપી છે :

(૧) ૨૯૯૭ના વર્ષમાં '૩' ઉમેરતાં, '૩'ના આંકડાથી શરૂ થતાં પહેલું જ વર્ષ ૩૦૦૦ શરૂ થશે. આવો યોગ ૧૦૦૦ વર્ષ પહેલાં ૧૯૯૮ના વર્ષ માટે, ૨૦૦૦ વર્ષ પહેલાં ૯૯૯ના વર્ષ માટે હતો અને હવે પછી ૧૦૦૦ અને ૨૦૦૦ વર્ષ પછી અનુક્રમે ૩૯૯૬ અને ૪૯૯૫ ના વર્ષ માટે આવશે.

(૨) ૨૯૯૭ના અંકોમાં હજારના સ્થાને રહેલા '૨' ને '૭'માં ઉમેરતાં ૯૯૯ થાય છે. જે ૨૯૯૭ના બરાબર ત્રીજા ભાગના છે. આવો યોગ કોઈ પણ વર્ષ માટે થતો નથી. પણ ૩૯૯૬, ૪૯૯૫ માટે થશે. તે અનુક્રમે ચોથા અને પાંચમા ભાગના છે. (એટલે કે ૧૯૯૮ ÷ ૨ = ૨૯૯૭ ÷ ૩ = ૩૯૯૬ ÷ ૪ = ૪૯૯૫ ÷ ૫ = ૯૯૯).

(૩) ૨૯૯૭ના આંકડાઓનો સરવાળો કરતાં ૨+૯+૯+૭ = ૨૭ અને ૨+૭ = ૯ થાય છે. જેથી ૨૯૯૭ને '૯'થી નિઃશેષ ભાગી શકાય છે. આવી સંખ્યા ૨૯૮૮ના વર્ષ માટે હતી અને તે પછી ૩૦૦૬ના વર્ષ માટેની હશે. એ બંને સંખ્યાઓની વચ્ચેની સંખ્યા ૨૯૯૭ છે. આમાં પણ ૯ના તફાવતે આવતી ઘણી સંખ્યાઓ આગળપાછળ આવી શકે. જેમ કે પાછળ ૨૯૭૯, ૨૯૭૦, ૨૯૬૧ વગેરે આવે. આગળ જતાં ૩૦૦૬, ૩૦૧૫, ૩૦૨૪ વગેરે આવે. અને આમાંની કોઈ પણ સંખ્યા આગળપાછળની બંને સંખ્યાઓની વચ્ચેની હશે. જેમ કે ૨૯૭૦ એ ૨૯૭૯ અને ૨૯૬૧ વચ્ચેની છે.

આ જ બાબત ૩૯૯૬ અને ૪૯૯૫ માટે પણ શક્ય છે.

આશા છે કે ૧૯૯૮ જેવા ગુણધર્મ ધરાવતી આ અન્ય સંખ્યાઓ રસપ્રદ બની રહેશે.

- દેવ ચાવડા (વડોદરા)

'કુમાર'ના ૮૫૬મા અંકમાં 'ઓશો રજનીશ'ના લેખમાં મારી એક ભૂલ પ્રત્યે મારા મિત્રે મારું ધ્યાન દોર્યું છે. પૃ. ૨૫૨ઃજમણી કટારમાં શીલાનું નામ શીલા ચંદ્રકાન્ત પટેલ નહિ પણ શીલા અંબાલાલ પટેલ જોઈએ.

- નૌતમભાઈ વખારિયા (અમદાવાદ)

છોડવું નથી / ભગવતીકુમાર શર્મા

(ગઝલ)

ઉપવન છે કેવું ખુશબૂસભર! છોડવું નથી;
તારાં સ્મરણનું મારે નગર છોડવું નથી.

જાકારો દઈ રહી છે મને ભીંત ક્યારની;
મારે પરંતુ શ્વાસનું ઘર છોડવું નથી.

મુઠ્ઠીમાં બંધ મારી બધી હારજીત છે;
મારે કશુંય ભાગ્ય ઉપર છોડવું નથી.

અશ્રુની માછલીને મળ્યો છે નયનવટો;
પાણીમાં રમતું પાટનગર છોડવું નથી!

મેં લાગણીકુમારીને આપી હતી વિદાય;
કુંવરીને કિન્તુ વહાલું પિયર છોડવું નથી !

ટહુકા, સુગંધ, માટી, નદીને મનુષ્યજાત -
મારે આ વિશ્વ સહુના વગર છોડવું નથી.

કુદરતનો નિત્યક્રમ / ભરત પાલ

(શિખરિણી • સૉનેટ)

નદીને પંપાળે પવન હસતો ગેલ કરતો,
કદી ના કંટાળે સરરર કરી જાય સરતો.
નમે ફૂલો ડાળી ખિલખિલ હસે બેવડ વળી,
વિહંગો જોતાં આ કલરવ કરે વૃક્ષ પરથી.

લચેલા પાકોથી તરબતર આ તૃપ્ત ધરતી,
ફરે છે તો યે ના ખબર પડતી, સ્હેજ સરખી.
નદી, પ્હાડો, ખીણો નિબિડ વન ને સાત દરિયા,
સમાયું આ આખું સમતલ પણે એક પડમાં !

પણે પેલો નીચે ખસુ ખસુ થતો સૂર્ય ક્ષિતિજે;
અને આ માથે છે હસુ હસુ થતો ચંદ્ર નભમાં,
નભે એ બન્નેથી જગતભરનું લોક સઘળું,
પ્રકાશીને બન્ને ઝગમગ કરે આ જગતને !

હતો છે ને રે'શે કુદરત તણો નિત્યક્રમ આ,
નહીં સ્હેજે એમાં ફરક પડશે સોય સરખો !

નીકળ / કરસનદાસ લુહાર

(મુક્તક)

આ ચપોચપ ચામડી ને હાડ વચ્ચેથી નીકળ !
શ્વાસને ગૂંગળાવતી આ વાડ વચ્ચેથી નીકળ !
હે ઝરણ, તું ક્યાં સુધી રૂંધીશ તારો ખળખળાટ ?
ફોડ પથ્થરનાં પડળ ને પહાડ વચ્ચેથી નીકળ !

વરવા જઈશું / હરબન્સ પટેલ 'તન્હા'

(ગાન)

રે અમે હરિવર વરવા જઈશું
ઊંચે ઊંચે આઘે ગગનમાં
ખુશબૂનો સાગર થઈશું
રે અમે હરિવર વરવા જઈશું.

ઊંડે ઊંડે અંદર અંદર
અનહદ ગીતો ગઈશું
રે અમે હરિવર વરવા જઈશું.

અનહદ અનહદ ઘોર સુણીશું
નામદિવાના થઈશું
રે અમે હરિવર વરવા જઈશું.

અલખ અગમનો મારગ ઝીણો
એ મારગ પર હઈશું
રે અમે હરિવર વરવા જઈશું.

હરિવર મારો પ્રાણથી પ્યારો
જે માગે તે દઈશું
રે અમે હરિવર વરવા જઈશું

મન મૂકીને પ્રીત કરી એને
મન ફાવે તે કહીશું
રે અમે હરિવર વરવા જઈશું.

જે પીવરાવે તે પીશું ને
જે ખવરાવે તે ખઈશું
રે અમે હરિવર વરવા જઈશું.

જનમ જનમનાં પાતક ધોઈ
આજ અમીરસ લઈશું
રે અમે હરિવર વરવા જઈશું.

ગીત ઉપાડ્યું ગહન ગભીરું
ગઈશું ગઈશું ગઈશું
રે અમે હરિવર વરવા જઈશું.

કોણ? / નીતિન વડગામા

(ગઝલ)

કોણ કહેતું, કોણ સાંભળતું હશે ?
કોણ આવી રક્તમાં ભળતું હશે ?

પાંદડું એકાદ ખરતું જોઈને
કોણ પંખી થૈને ટળવળતું હશે ?

એક અમથું આ તણખલું તારવા,
કોણ જળમાં જાત સાંકળતું હશે ?

નીતરે છે ચાંદની નેવાં ભરી,
કોણ આખ્ખી રાત ઓગળતું હશે ?

આ ગઝલના દેહને ઉગારવા,
કોણ લાક્ષાગૃહમાં બળતું હશે ?



મૌલિક ચિંતક, નીડર અને ક્રાંતિકારી વક્તા, મંત્રમુગ્ધ કરી નાખતો વાક્પ્રપાત વહેવડાવનાર અને પ્રબુદ્ધ પુરુષ પણ સદાય વિવાદમાં ઘેરાયેલા

ઓશો રજનીશ

નૌતમભાઈ વખારિયા

અમેરિકામાં થોડા દિવસો તેઓ ન્યૂ જર્સીના મોન્ટ ક્લેર ગામમાં શીલાના કમ્યૂનમાં રહ્યા. અમેરિકામાં તેમનું સ્વાસ્થ્ય ઝડપથી સુધરવા માંડ્યું. દરમિયાનમાં તેમના અમેરિકન સંન્યાસીઓ કોઈ ભેજ વગરની સૂકી અને ગરમ વાતાવરણવાળી જગ્યાની શોધમાં હતા. આવી જગ્યા તેમને મધ્ય ઓરેગોનનાં રેતાળ અને અર્ધ-રણ પ્રદેશમાં મળી ગઈ. ત્યાં તેમણે ૬૪૦૦૦ એકર (૧૦૦ ચોરસ માઇલ)નું એક પશુ-ફાર્મ ખરીદ્યું. આ સ્થળ એવી એકાંત જગ્યાએ હતું કે ત્યાંથી નજીકમાં નજીકનું શહેર એન્ટેલોપ પણ વીસ માઇલ દૂર હતું.

ઓશો ત્યાં રહેવા આવી જતાં કમ્યૂનનો ઝડપથી વિકાસ થવા માંડ્યો. અહીં ઓશોનાં સચિવ મા આનંદશીલા સર્વેસર્વા હતાં. શીલા ખૂબ જ કાર્યદક્ષ, વહેવારકુશળ અને બુદ્ધિશાળી. ૧૯૫૦માં જન્મેલી આ ગુજરાતી યુવતી સુંદર અને આકર્ષક પ્રતિભાવંત હતી. તે અમેરિકામાં રહેતી હતી પણ એક વાર ઓશોનું પ્રવચન સાંભળતાં તેમના પ્રત્યે આકર્ષાઈ. પૂનામાં રજનીશ આશ્રમમાં પ્રવૃત્તિઓ અને કાર્યોમાં ઊંડો રસ લીધા પછી ક્રમશઃ તે પોતાની કાર્યપટુતાથી ઓશોના અંગત સંપર્કમાં આવી. ઓશોના એક અમેરિકન સંન્યાસી સ્વામી પ્રેમ ચિન્મય સાથે લગ્નગ્રંથિથી જોડાયાં પછી, ટૂંકા ગાળામાં પતિનું મૃત્યુ થતાં થોડા સમય પછી તેણે સ્વામી પ્રેમ જયાનંદ નામના અમેરિકન સંન્યાસી સાથે લગ્ન કરી લીધાં.

અમેરિકાના કમ્યૂનનો પ્રયોગ બેહદ સફળ રહ્યો. પાંચ હજાર લોકો ત્યાં નિવાસ કરી કમ્યૂનના નિર્માણમાં લાગી ગયાં હતાં. આ કમ્યૂન એવા રેગિસ્તાનમાં નિર્માણ થઈ રહ્યું હતું કે જ્યાં ખેતી થઈ નહોતી, કોઈ ફૂલ ખીલ્યું નહોતું, કોઈ પંખી દેખાયું નહોતું. પાંચ વર્ષમાં પાંચ હજાર લોકોનાં આધુનિક સુવિધાવાળાં રહેઠાણો ત્યાં બની ગયાં! ચારે તરફ હરિયાળી છવાઈ ગઈ. જમીન ઉપજાઉ બની ગઈ. બંધ અને નહેરો બન્યાં. આ મરુસ્થલીમાં હજારો પક્ષી તથા હરણો આવવા માંડ્યાં. હંસ આવી ગયા અને ૩૦૦ મોર આવી ગયા ! તંદુરસ્ત ગાયોનું ધણ હતું અને એક ડેરી હતી. મિથેન ઉત્પાદન યંત્ર, શાકભાજીના બગીચા અને ગરમ પાણી માટે સૌર ઉપકરણો હતાં. દ્રાક્ષના બગીચામાંથી ગૃહ-ઉદ્યોગ તરીકે શરાબ બનાવવાની તૈયારી પૂરી થવામાં હતી. પાણીનો ફરી ફરી ઉપયોગ થાય તેવી સિંચાઈ વ્યવસ્થા કરવામાં આવી હતી. દસ લાખથી વધુ વૃક્ષો રોપવામાં આવ્યાં હતાં. પર્યાવરણવાદીઓ માટે તો ત્યાં એક સ્વર્ગ જ ઊભું કરી દેવામાં આવ્યું હતું. અદ્યતન તબીબી સવલતો, ફેશન બૂટિક, સ્કૂલ, જાપાની ફાસ્ટ ફૂડ, શાકાહારી રેસ્તુરાં, તરવાના બે રિસોર્ટ, પિઝા પાર્લરો, બેકરી, ડિસ્કો અને ૧૦૦ બસોની મોટી વણઝાર. એક અખબાર પણ કાઢવામાં આવતું હતું. જુદા જુદા ૪૦ ઉદ્યોગો શરૂ કરવામાં આવ્યા હતા. થોડા વખતમાં ૧૪૫ રૂમોની એક ભવ્ય હોટેલ, મુલાકાતીઓ માટેનું મોટું મકાન, ઑફિસોનું વહીવટી મકાન, પાવર સ્ટેશન, શૉપિંગ મૉલ, એરપોર્ટ આદિ પૂરાં થવાની તૈયારીમાં હતાં અને આ બધું તો પાશેરામાં પહેલી પૂણી સમાન હતું. બધું આત્મનિર્ભર હતું. પાંચ હજાર લોકો માટે ૫૦૦ કાર હતી, જેના ઉપર કોઈની વ્યક્તિગત માલિકી નહોતી. જેને જરૂર હોય તેને માટે ઉપલબ્ધ હતી. કમ્યૂનની માલિકીનાં પાંચ વિમાનો હતાં.

ગામનું નામ રજનીશપુરમ્ રાખવામાં આવ્યું. ગુરુપૂર્ણિમાને દિવસે દર વર્ષે એક વિશ્વ-ઉત્સવ થાય. આ ઉત્સવમાં ૨૦,૦૦૦ લોકો ભાગ લેતાં. ૨૦,૦૦૦ લોકો ધ્યાન કરે, ગીત ગાય, સંગીત છેડે, નાચે, આનંદ લૂંટે. ૨૦,૦૦૦ લોકો માટે એક જ રસોડું. દરેકે પોતાની 'સંપૂર્ણ જવાબદારી' ઉઠાવવાની. ઉપરથી નિયમન કરનાર કોઈ 'સરકાર' નહિ. એક પ્રકારની અરાજકતા છતાં શ્રેષ્ઠ નિયમન. પૈસાનો કોઈ વહેવાર નહિ. કમ્યૂનમાં સંન્યાસી દાન આપી શકે પણ એક વાર દાન આપી દીધા પછી વસ્તુની લેવડ-દેવડ માટે પૈસાનો ઉપયોગ નહિ. દરેક વ્યક્તિની તબીબી, શૈક્ષણિક, કપડાં, મકાન, પોષણ, વાહનવ્યવહાર વગેરેની બધી જવાબદારી કમ્યૂનની. આથી લાખ ડૉલર ધરાવનાર તવંગર થાય નહિ અને એક ડૉલરવાળો

ગરીબ થાય નહિ. સામ્યવાદ અને અરાજકતા બન્ને સાથે સાથે વિચરતાં હતાં. બધાં રોજના ચૌદ-ચૌદ કલાક કામ કરે. જેને જ્યારે જે કામ ફાવે તેને તે કામ સોંપવામાં આવે. આ બધું કરવા પાછળ ૨ થી ૩ અબજ ડૉલરનો ખર્ચ થઈ ચૂક્યો હતો.

ઓશો અમેરિકા આવેલા તે અમેરિકન સરકારને પહેલેથી જ ગમ્યું નહોતું. ઓશોએ ૨૦ વર્ષો સુધી ઇસાઈ ધર્મ, પોપ અને મિશનરીઓની આકરી ટીકાઓ કરી હતી. (જો કે તેમણે ઈસુ ખ્રિસ્તને ખૂબ નવાજ્યા હતા). આ સંજોગોમાં દુનિયાના અને ખાસ તો યુરોપ-અમેરિકાના ધર્મગુરુઓ તથા ત્યાંની સરકારો ઓશોની હાડોહાડ વિરુદ્ધ હતી. અમેરિકા પહોંચીને ઓશોએ મૌન ધારણ કરી લીધું. પ્રવચનો બંધ થઈ ગયાં. જે કાંઈ સંપર્ક કરવો હોય તે શીલા મારફત જ થઈ શકે. દરમિયાનમાં ઓશોએ અમેરિકામાં સ્થાયી રહેઠાણ માટે કરેલી વિઝાની અરજીનો અમેરિકન સરકારે અસ્વીકાર કર્યો. આ અંગે લાંબો કાનૂની જંગ ચાલ્યો. ધર્મગુરુઓને સ્થાયી વિઝા આપવાની અમેરિકન વસાહતી કાયદામાં જોગવાઈ છે, પણ અમેરિકન સરકારે જણાવ્યું કે ઓશો તો મૌન છે, બોલતા નથી તેથી તેમને ધર્મગુરુ કહી શકાય નહિ. ઊલટાનું, ઓશો વિરુદ્ધ કોઈ એવાં પ્રમાણો શોધવામાં અમેરિકાની સરકાર લાગી ગઈ કે જેથી ઓશોને અમેરિકાની બહાર તગેડી શકાય.

ઓશો મૌન હોવાથી અહીં ભારતમાં પણ, તેમના કોઈ પ્રમાણભૂત ખબર આવતા નહિ. તેથી ભારતમાં એવી અફવા ઊડી કે ઓશોને નજરકેદમાં રાખવામાં આવ્યા છે, અથવા તો કોઈક ઘેનનાં રાસાયણિક દ્રવ્યોની અસર તળે રાખવામાં આવ્યા છે અથવા તો તેમનું ખૂન થયું છે અને રજનીશપૂરમમાં જે છે તે અસલ ઓશો નથી, પણ નકલી ઓશો છે. અમેરિકાથી સ્વામી ચંદ્રકાન્ત ભારતીએ એક લાંબી પત્રિકા દ્વારા આ અફવાનું ખંડન કર્યું. અને જણાવ્યું કે ઓશો રજનીશપુરમમાં તેના સંન્યાસીઓના મહેમાન તરીકે રહે છે અને ગંભીર બીમારી પછી ફરી પાછા ઝપડભેર સ્વસ્થ થઈ રહ્યા છે અને ૩જી થી ૭મી જુલાઈ ૧૯૮૨ના ગુરુપૂર્ણિમાની ઉજવણી દરમિયાન હજારો શિષ્યોએ તેમને પ્રત્યક્ષ નિહાળ્યા છે.

અમેરિકામાં ઓશો સાડા ત્રણ વર્ષ સુધી (૩૦-૧૦-૮૪ સુધી) મૌન અને એકાંતમાં રહ્યા. ઑક્ટોબર ૧૯૮૪માં ઓશોએ પોતાના નિવાસસ્થાને એક નાનકડા સમૂહ આગળ બોલવાનું શરૂ કરી દીધું. જુલાઈ ૧૯૮૫થી તેમણે હજારો સંન્યાસીઓ સમક્ષ સવારનું પ્રવચન શરૂ કરી દીધું. અમેરિકાનું પ્રેસ, ટી.વી. અને બધાં પ્રચાર માધ્યમોમાં ખૂબ જ સ્પર્ધા જાગી અને તેમનું નામ, ફોટો, તેમનાં વિધાનો આખા અમેરિકામાં પ્રસારિત થવા માંડ્યાં. આનાથી સરકાર ખૂબ અકળાઈ ગઈ.

સરકારની જેમ ઓશોની સચિવ શીલા પણ નારાજ થઈ ગઈ. ઓશો મૌન હતા તે દરમિયાન શીલા ખૂબ વિખ્યાત થઈ



હાથકડીમાં ઓશો રજનીશ. (એન.સી. જેલ, શાર્લોટમાં)

ગઈ હતી. હવે જ્યારે ઓશોએ પત્રકારો સાથે સીધો વાર્તાલાપ શરૂ કરી દીધો ત્યારે શીલાનું મહત્ત્વ ઘટવા માંડ્યું. અમેરિકન કાનૂનને સંતોષવા માટે તેણે 'રજનીશિઝમ' નામનો ધર્મ ચાલુ કરવા પ્રયત્ન કર્યો હતો કે જેથી ઓશોને અમેરિકામાં સ્થાયી નિવાસ મળી જાય, પણ તેમાં તેને સફળતા મળી નહોતી.

ઓશો તરફથી પોતાની થતી અવગણના શીલાને આકરી લાગવા માંડી અને શરૂ થઈ એક દિલધડક કહાણી. એવું કહેવાય છે કે શીલા અને તેના સાગરીતોએ મળીને ઓશોને ખતમ કરવાનું કાવતરું કર્યું. ઓશોને ખતમ કરતાં પહેલાં તેમના ડૉક્ટર સ્વામી દેવરાજ અને તેમની સંભાળ રાખનાર મા વિવેકને ખતમ કરવાની જરૂર હતી. કહેવાય છે કે શીલા અને તેની ટોળકીએ આ બન્નેને મારી નાખવા માટે તેમને ખોરાકમાં ઝેર આપવા પ્રયત્ન કર્યો પણ બન્ને બચી ગયાં.


આ બનાવથી રજનીશપુરમમાં ખળભળાટ મચી ગયો. જાતજાતની વાતો બહાર આવવા માંડી. ખોરાકમાં ઝેર, ટેલિફોન ટેપિંગ, જંગી રકમની સ્વિસ બેન્કમાં ટ્રાન્સફર, કમ્યૂન ઉપર મોટું કરજ વગેરે આરોપો શીલા ઉપર થવા માંડ્યા. આવા સંજોગોમાં શીલા અને તેની સાથેના તેના ૨૦ સાગરીતો તા. ૧૪-૯-૮૫ના રોજ એકાએક અમેરિકા છોડીને પશ્ચિમ જર્મની ભેગાં થઈ ગયાં!

આવા સંજોગોમાં ઓશોએ પોતે જ અમેરિકન સરકારને રજનીશપુરમ્માં આવીને આખા મામલાની તપાસ કરવા માટે



૧૯૮૪-૮૫ દરમિયાન 'ભગવાન પર પ્રતિબંધ મૂકો' એ ચળવળના ભાગરૂપે ટી-શર્ટ

આમંત્રણ આપ્યું. અમેરિકન સરકારને તો આ જ જોઈતું હતું. તેણે આ તકનો પૂરો લાભ ઉઠાવ્યો. આખું શહેર અમેરિકન સરકારની લપેટમાં આવી ગયું. રજનીશપુરમ્ અમેરિકન અધિકારીઓ અને પોલીસોની છાવણી બની ગયું. તેઓએ ઠેકઠેકાણે છાપા માર્યા. ટી.વી., સમાચારપત્રો અને બધાં માધ્યમોમાં રજનીશપુરમના સનસનાટીભર્યા સમાચારો પ્રકટ થવા માંડ્યા. આખું અમેરિકા ખળભળી ઊઠ્યું. બાજુનું શહેર એન્ટેલોપ અને ઓરેગોન સ્ટેટમાં તો ઓશો અને તેના સંન્યાસીઓ સામે હંમેશાં પ્રબળ વિરોધ હતો જ. વ્યવસ્થા સંભાળનાર કાર્યકરોની ગેરહાજરીને કારણે રજનીશપુરમ્નું તંત્ર લગભગ ભાંગી પડ્યું. અમેરિકન સરકાર શીલા અને ઓશો વિરુદ્ધ શક્ય એટલા વધુ ગુનાઓ એકત્ર કરવામાં લાગી ગઈ. હવે વધુ વખત ત્યાં રહેવાનું ઓશોને પણ હિતાવહ ન લાગ્યું. ઉત્તર કૅરોલિનાના પોતાના ઘરમાં રહેવા આવવા માટે એક મિત્રે ઓશોને આમંત્રણ આપ્યું. આવા અંધાધૂંધીભર્યા વાતાવરણમાં ઓશો અને તેનો રસાલો તા. ૨૮-૧૦-૮૪ના રોજ રજનીશપુરમ્ છોડી પોતાના વિમાનમાં ઉત્તર કૅરોલિનાના પાટનગર શાર્લોટ જવા રવાના થયો. આ બાજુ અમેરિકન સરકારે ઓશોની ધરપકડ કરવાનાં ચક્રો ગતિમાન કરી દીધાં. ઉત્તર કૅરોલિનાના માર્શલને એવો સંદેશો મળ્યો હતો કે ગુનામાંથી છટકવા માટે ઓશો અમેરિકા છોડી જવાની પેરવી કરી રહ્યા છે. જેવું વિમાન શાર્લોટના ઍરપોર્ટ ઉપર ઊતર્યું કે તરત જ હથિયારધારી ૧૨ કમાંડોએ તેને ઘેરી લીધું. ઓશો અને તેના સાથીદારોને હાથે, પગે તથા કમર ઉપર ભારે જંજીરો પહેરાવવામાં આવી અને કોઈ પણ જાતના વૉરંટ વગર તેમની ધરપકડ કરી તેમને જેલમાં ધકેલી દીધા. બીજી સવારે મૅજિસ્ટ્રેટે તેમની જામીનઅરજી નામંજૂર કરી. કારણ એવું આપવામાં આવ્યું કે જો તેમને જામીન આપીને છૂટા મૂકવામાં આવશે તો તેમના કેટલાક વિરોધીઓ તેમનું ખૂન કરી નાખે અથવા તો ઓશો પોતે આપઘાત કરે તેવી વકી છે! ઓશોના કહેવાતા ગુનાઓ ઓરેગોનમાં હોવાથી ત્યાંની કોર્ટમાં કેસ ચલાવવા તેમને ઓરેગોન લઈ જવા તેવો મૅજિસ્ટ્રેટે હુકમ કર્યો. આ બધી કોર્ટની કાર્યવાહીમાં શાર્લોટની જેલમાં તેમને સાત દિવસ કાઢવા પડ્યા. તા. ૪-૧૧-૮૫ના રોજ જેલના વિમાનમાં


FEDERAL PRISONER
David Washington
Rajneesh Puram, Oregon
12-11-31 54 None
In transit
Mayfield - USM
HOLDS
No Bond
Prints/Transit
WASHINGTON, DAVID

અમેરિકામાં આંક્લાહામાની જેલમાં ઓશો રજનીશને 'ડૅવિડ વાશિંગ્ટન'ને નામે પૂરવામાં આવેલા તેનો દસ્તાવેજી પુરાવો રજૂ કરતું જેલપોથીનું એક પૃષ્ઠ

તેમને શાર્લોટથી ઓરેગોન માટે રવાના કરવામાં આવ્યા. શાર્લોટથી ઓરેગોનનું વિમાની અંતર ૫-૬ કલાકનું છે પણ તેઓ પૂરા ચાર દિવસે એટલે કે ૭મી નવેમ્બરે રાત્રે ૮ વાગે ઓરેગોન પહોંચ્યા. વચ્ચે જે ત્રણ રાત ગઈ તેમાં તેમને ઓક્લોહામા જેલમાં રાખવામાં આવ્યા હતા. આ ૩-૪ દિવસ તેમના ઉપર જે વીતી તે અંગે એક આખું પુસ્તક લખાય તેમ છે. એવો એક આક્ષેપ છે કે આ દિવસો દરમિયાન તેમને ખોરાકમાં થેલિયમ નામનું ઝેર આપવામાં આવ્યું હતું. ઓક્લોહામાની એક જેલમાં એક દિવસ તેમને ડૅવિડ વૉશિંગ્ટન તરીકે સહી કરવાની ફરજ પાડવામાં આવી હતી. તેમને ગંદાં પાથરણાં આપવામાં આવતાં હતાં, ગંદો ખોરાક આપવામાં આવતો હતો, થોડા કલાકો હર્પિસના એક દર્દી સાથે રાખવામાં આવ્યા હતા. તેમની ઓરડી અંધારી કાળ કોટડી જેવી હતી. બધો વખત હાથ અને પગમાં બેડીઓ અને તેને કમર સાથે સાંકળોથી બાંધવામાં આવી હતી. આ ૩-૪ દિવસો એટલી ગુમતા રાખવામાં આવેલી કે ટી.વી. સમાચારપત્રો, ઓશોના સંન્યાસીઓ વગેરે દ્વારા ખૂબ જ ઊહાપોહ કરવામાં આવેલો કે ઓશો ક્યાં અંતર્ધ્યાન થઈ ગયા છે?!

તા.૮-૧૧-૮૫ના રોજ ઓશોને પોર્ટલૅન્ડ (ઓરેગોન)ની કોર્ટમાં હાજર કરવામાં આવ્યા. અહીં ભારે કાનૂની લડાઈ ચાલી. અહીંના મૅજિસ્ટ્રેટે ઓશોને પાંચ લાખ ડૉલરના જામીન પર મુક્ત કર્યા. તે દિવસે શુક્રવારની બપોર હતી અને પાંચ લાખ ડૉલર બચેલી મિનિટોમાં જમા કરાવવા તે રમત વાત નહોતી. દરમિયાનમાં ઓશોને પાછા જેલમાં લઈ જવામાં આવ્યા. કહેવાય છે કે તેમને જેલમાં લઈ જવાયા ત્યારે જેલ સાવ ખાલી કરાવી નાખવામાં આવી હતી અને તેમના રૂમમાં એક બૉમ્બ મૂકવામાં આવ્યો હતો; પણ બૉમ્બ ફૂટે તે પહેલાં જામીનની રકમ ચૂકવી દેવામાં આવી. ઓશો તેમના વિમાનમાં હેમખેમ રજનીશપુરમ્ જવા રવાના થઈ શક્યા.



સ્વામી ચંદ્રકાન્ત ભારતી

બાર દિવસની આકરી અગ્નિપરીક્ષા પછી ઓશો રજનીશ-પુરમ્ પહોંચ્યા ત્યારે તેમની તબિયત ખૂબ લથડી ગઈ હતી. તેમનું વજન દસ પાઉંડ ઘટી ગયું હતું. માથાનો દુખાવો, ઊબકા, આંખોની ખરાબી આદિ દર્દો પીડાકારક થઈ ગયાં હતાં. કોર્ટમાં ઓશો ઉપર ૩૪ ગુનાઓનું આરોપનામું રજૂ કરવામાં આવ્યું. તે પૈકી જો બે ગુના ઓશો કબૂલ કરી લે તો બાકીના ગુનામાંથી મુક્તિ આપવાની સરકારે ઓફર કરી. ઓશોએ તેનો ઈન્કાર કર્યો પણ તેમના વકીલો અને શુભેચ્છકોએ અમેરિકન સરકારની ઓફરનો સ્વીકાર કરી લેવા દબાણ કર્યું. બાર દિવસના જેલવાસ દરમિયાન ઓશોની હાલત તેમણે જોઈ હતી અને બોમ્બનો બનાવ તથા હવે પછી બે મહિનાઓ સુધી ખટલો ચાલે તો ઓશોની શી હાલત થાય તેની તેમને દહેશત હતી. આથી નાછૂટકે અને કમને ઓશોએ આ બન્ને આરોપો કબૂલ્યા : (૧) અમેરિકન નિવાસ મળે તે માટે ૧૬ દંપતીઓને જૂઠાં લગ્ન કરાવવામાં પોતે ભાગીદાર બન્યા અને (૨) અમેરિકામાં સ્થાયી થવાનો હેતુ હોવા છતાં તેઓ વિઝિટર વિઝા ઉપર આવ્યા. આ બન્ને ગુનાઓ માટે તેમનો અને તેમના સાથીદારોનો કુલ ચાર લાખ ડૉલર દંડ કરવામાં આવ્યો. દસ વર્ષની જેલની સજા થઈ, જે સસ્પેન્ડ કરવામાં આવી અને તરત અમેરિકા છોડી જવાનો અને પાંચ વર્ષ સુધી ફરી અમેરિકામાં દાખલ ન થવાનો આદેશ આપવામાં આવ્યો. ઓશોએ પાછળથી કહ્યું હતું કે, જિંદગીમાં તેઓ ત્રણ વાર જૂઠું બોલ્યા છે, જે પૈકી બે જૂઠ એ ઉપરના ગુનાની કબૂલાત. મેજિસ્ટ્રેટનો ચુકાદો ૧૪મી નવેમ્બર '૮૫ના રોજ આવ્યો એટલે તે અંગે જરૂરી કાર્યવાહી કરી ઓશોએ પોતાના વિમાનમાં તે જ દિવસે અમેરિકા છોડી દીધું. રજનીશપુરમ્‌ને આટોપી લેવાની શેષ વ્યવસ્થાની કામગીરી ચાર સંન્યાસીઓએ સંભાળી લીધી.

શીલાને જર્મનીમાંથી પકડવામાં આવી અને તેના ઉપર પણ ખૂનો કરવાના પ્રયત્નો સાથે ઘણા આરોપો મૂકવામાં આવ્યા. આરોપો પુરવાર થયે શીલાને ૩૫૫ વર્ષની જેલની સજા થઈ શકે (અમેરિકામાં દરેક ગુના માટે જેલની સજાનાં વર્ષ જુદાં ગણાય છે), પરંતુ અહીં પણ અમેરિકી સરકારે 'ડિલ' કર્યું, અને શીલાએ થોડાક આરોપો સ્વીકારી લીધા. સરકારે તેને સાડા ચાર વર્ષની જેલની સજા કરી. આ સજા કેલિફોર્નિયાની એક આધુનિક જેલ કે જેમાં કૉલેજ કેમ્પસ જેવી સ્વતંત્રતા હતી તેમાં કાઢવાની હતી. આ અંગે ભારતમાં જ્યારે ઓશોને પ્રશ્નો



અમેરિકા ખાતેનું રજનીશપુરમ્

કરવામાં આવ્યા ત્યારે તેમણે કહ્યું કે ઘણું કરીને શીલા નિર્દોષ હતી અથવા તો અમેરિકન સરકારે તેને પટાવી હતી અથવા તો તે સંજોગોનો શિકાર બની હતી. શીલા હજુ પણ પરત આવે તો તેનું સ્વાગત છે તેમ ઓશોએ ઉમેર્યું હતું.

હવે ઓશોની કઠણાઈનો બીજો તબક્કો શરૂ થયો. દુનિયાના ઘણા દેશોએ તેમના માટે દ્વાર બંધ કરી દીધાં હતાં.

અમેરિકા છોડીને ઓશો ભારત આવ્યા અને કુલુ-મનાલીમાં તેમના સાથીગણ સાથે હોટેલમાં રહેવા લાગ્યા. ભારત સરકારે તેમની નવી સચિવ મા પ્રેમહાસ્યા, તથા તેમના ડૉક્ટર દેવરાજ વગેરે જે વિદેશીઓ હતા તેમનો વિઝા રદ કરી નાખ્યો, અને ભારત છોડવાનો આદેશ આપ્યો. આથી થોડા દિવસોમાં જ ઓશો તેમના સાથીઓ સાથે નેપાળ ગયા કે જેથી વિદેશીઓ તેમની સાથે રહી શકે. નેપાળમાં તેમણે પ્રવચનો આપવાં શરૂ કર્યાં. દરમિયાનમાં ગ્રીસ સરકારે તેમને ૩૦ દિવસનો વિઝા આપ્યો. એટલે તા. ૨૦-૨-૮૬ના અરસામાં ઓશો તેમના સાથીઓ સાથે ક્રેટ ટાપુઓ ઉપર ગયા. ત્યાં તેઓ એક ગ્રીક ફિલ્મનિર્માતાના મહેલમાં ઊતર્યા. અહીં ઓશોએ દિવસમાં બે વાર પ્રવચન આપવાનું શરૂ કર્યું. સૉક્રેટિસના આ દેશમાં કટ્ટર ઇસાઈઓ વિરુદ્ધ તેમણે પ્રવચનો આપ્યાં. આનાથી ગુસ્સે થઈને તા. ૫-૩-૮૬ના દિવસે પોલીસો ભરીબંદૂકે મહેલમાં ઘૂસી આવ્યા, તોડફોડ કરી અને વગર વોરંટે, રાત્રે તેઓ સૂતા હતા ત્યારે, ઓશોની ધરપકડ કરી. અને તેમનો બાકીનો ૧૭ દિવસનો વિઝા રદ કરી નાખ્યો. પોલીસ તેમને એક બંદર ઉપર લઈ આવી પણ ૨૫,૦૦૦ ડૉલરની લાંચ આપ્યા પછી જ ઓશોને તેમના વિમાનનો ઉપયોગ કરવાની છૂટ આપવામાં આવી. તા. ૬-૩-૮૬ના દિવસે ઓશો અને તેમનો રસાલો સ્વિટ્ઝરલૅન્ડ - જીનીવા ગયો. ત્યાં તેમને ૭ દિવસનો વિઝા આપવામાં આવ્યો, પણ ત્યાં પહોંચતાં જ તેમનો વિઝા રદ કરી દેવામાં આવ્યો અને ત્યાંથી ચાલ્યા જવાનું કહેવામાં આવ્યું. ત્યાંથી તેઓ સ્વીડન ગયા, પણ ત્યાંય તેમનું તેવું જ સ્વાગત થયું! સશસ્ત્ર પોલીસોએ તેમને



ઓશોનું અંતિમ દર્શન

ઘેરી લીધા અને તરત જ ચાલ્યા જવાનો આદેશ આપ્યો. યુરોપના બધા કમ્પ્યૂટરમાં તેમનું નામ 'રાષ્ટ્રની સુરક્ષા માટે ખતરો' તેવું દાખલ કરવામાં આવ્યું હતું. બધાં ત્યાંથી ઇંગ્લંડ ગયા. આંતરરાષ્ટ્રિય નિયમો પ્રમાણે પાઇલટના કામના કલાકો પૂરા થયા હતા તેથી તેમને વિશ્રામ આપવો જરૂરી હતો. રાતના આઠ વાગી ગયા હતા. ઓશો અને તેમના સાથીઓને લૉજમાં કે હોટેલમાં જવાની અનુમતિ ન મળી. તેને બદલે તેમને એક ગંદી કોટડીમાં પૂરી દેવામાં આવ્યા.

તા. ૭-૩-૮૬ના દિવસે ઓશો અને તેમના સાથીદારો આયર્લૅન્ડ આવ્યા. ત્યાં તેમને ત્રણ મહિનાનો વિઝિટર વિઝા આપવામાં આવ્યો. તેઓ બધાં લિમરિક નામના એક ગામની એક હોટેલમાં ગયા, પણ બીજા જ દિવસે પોલીસોએ તરત ચાલ્યા જવાનો આદેશ આપ્યો. પણ આ શક્ય નહોતું, કારણ કે ત્યાંથી ઍંટીગુઆ જવા માટે રસ્તામાં પેટ્રોલ ભરવા માટે ગૅંડેર ટાપુ ઉપર ઊતરવાનો કેનેડાએ ઇન્કાર કરી દીધો હતો. આને કારણે થોડા દિવસો આયર્લૅન્ડમાં રોકાવાની ઓશોને અનુમતિ આપવી પડી. પણ તે દરમિયાન ઍંટીગુઆએ તેમને ત્યાં જવાની અનુમતિ પાછી ખેંચી લીધી. દરમિયાનમાં દક્ષિણ અમેરિકાના એક નાના દેશ ઉરુગ્વેએ ઓશોને ત્રણ મહિનાનો વિઝા આપ્યો. તા.૧૮-૩-૮૬ના રોજ આયર્લૅન્ડથી પ્રસ્થાન કરી ઓશો અને તેમના સાથીઓ, વચ્ચે એક દિવસ સેન્ગલ રોકાઈ, તા. ૨૦-૩-૮૬ના ઉરુગ્વે પહોંચ્યા. ઉરુગ્વેની સરકાર તેના દેશમાં ઓશોને સ્થાયી આવાસ આપવા તૈયાર હતી, પણ અમેરિકાના દબાણ નીચે ત્રણ મહિના પૂરા થયા કે તરત જ તા. ૧૮-૬-૮૬ના રોજ ઉરુગ્વે છોડી જવાનો તેમને આદેશ આપવામાં આવ્યો. જમૈકાએ ઓશોને ૧૦ દિવસનો વિઝા આપેલો. ઓશો તથા તેમના સાથીદારો તા. ૧૯-૬-૮૬ના રોજ જમૈકા પહોંચ્યા. આ બધા દેશોનો પ્રવાસ ખાનગી જેટ વિમાનમાં જ થતો હતો. જમૈકામાં પણ બીજા જ દિવસે ઓશો અને સાથીદારોના વિઝા રદ કરી દેવામાં આવ્યા એટલે તા. ૨૦-૬-૮૬ના રોજ ઓશો પોર્ટુગલ પહોંચ્યા. કમ્પ્યૂટરની કંઈક ગરબડને કારણે આશ્ચર્યજનક રીતે તેમને વિઝિટર વિઝા મળી ગયો! ઓશો થોડા દિવસો ત્યાં લાપતા રહ્યા, પણ થોડાંક અઠવાડિયાંમાં પોલીસોએ તેમને શોધી કાઢ્યા અને પોર્ટુગલ છોડવાનો આદેશ આપ્યો. હવે ઓશોને ભારત પાછા આવ્યા સિવાય છૂટકો નહોતો. તેથી તેઓ તા. ૨૯-૭-૮૬ના રોજ પોર્ટુગલ છોડી મુંબઈ પરત આવી ગયા. અહીં તેઓ લગભગ છ મહિના રહ્યા અને પ્રવચનો તથા પ્રેસ-કૉન્ફરન્સો શરૂ કરી દીધી. અંતે તા.૩-૧-૮૭ના મોડી રાત્રે મુંબઈથી નીકળી તા. ૪-૧-૮૭ના વહેલી સવારે ખૂબ ચૂપકીદીથી ઓશો તેમના રસાલા સાથે પૂના આશ્રમમાં આવી ગયા. આ બાબતની વહેલી સવારના પૂનામાં જેવી જાણ થઈ કે તરત જ ત્યાંના પોલીસ કમિશનરે તેમને પૂના છોડી જવાનો આદેશ આપ્યો પણ તે જ દિવસે મુંબઈ હાઈકોર્ટે તે આદેશ રદ કરી દીધો. પૂના આવ્યા પછી તેમના મૃત્યુ પર્યંત તેઓ ત્યાં આશ્રમમાં જ રહ્યા. પૂનામાં પહેલાંની માફક તેઓ પ્રવચનો અને મુલાકાતો આપતા રહ્યા.

તા. ૧૫-૯-૮૭ના રોજ તેમને કાનમાં ઇન્ફેક્શન થયું તેને રૂઝવતાં ૪૭ દિવસો લાગ્યા અને ડૉક્ટરના મત પ્રમાણે તેઓ લગભગ મૃત્યુની નજીક પહોંચી ગયા હતા. તેમની પ્રિય પ્રવૃત્તિ વાંચવાની. હવે તેમને આંખે ઝાંઝવાં દેખાવા માંડ્યાં. મુંબઈના એક ડૉક્ટર ગિલાડાએ એવો આક્ષેપ કર્યો કે ઓશોને એઇડ્સની બીમારી છે. અખબારોમાં આ સમાચારને ખૂબ ચમકાવવામાં આવ્યા. અગાઉ અમેરિકામાં તબિયત માટે સામાન્ય રીતે કરવામાં આવેલ બધાં પરીક્ષણોમાં એઇડ્સનો ટેસ્ટ પણ કરવામાં આવેલો તેનું પરિણામ નકારાત્મક હતું, પરંતુ અખબારોમાં આ જાતના ઊહાપોહથી ઓશો ફરીથી એઇડ્સ ટેસ્ટમાંથી પસાર થયા, જેનું સ્વાભાવિક જ નકારાત્મક પરિણામ આવ્યું.

તેમને કમર અને ખભાના હાડકાનું દર્દ ખૂબ વધી ગયું હતું. તેમનાં લોહી, પેશાબ તથા વાળ પરીક્ષણ અર્થે લંડનની એક અત્યંત આધુનિક લૅબોરેટરીમાં લઈ જવામાં આવ્યાં. વાળનું ખરવું અને હાડકાનું દર્દ એમ બતાવતાં હતાં કે તેમને કદાચ થેલિયમ નામનું ઝેર આપવામાં આવ્યું હોય! જો કે સંભવિત થેલિયમ અપાયા પછી બે વર્ષો વીતી ગયાં હોવાથી ખાતરીપૂર્વક આની સાબિતી થઈ શકે નહિ પણ તબીબી સાહિત્ય પ્રમાણે વાળનું ખરવું, હાડકાનું અસહ્ય દર્દ, ચહેરા ઉપર પેરેલિસિસની અસર, ડાબી આંખનું વારંવાર મીંચાવું વગેરે ચિહ્નોને કારણે અમેરિકાની જેલમાં ઓકલોહામાં તેમને ઝેર અપાયાની ડૉક્ટરોને શંકા રહી હતી. અલબત્ત, તે સાબિત થઈ શકે તેમ નહોતું.

ઓશોને ક્યારનું ય લાગતું હતું કે આ શરીરમાં વધારે વખત ટકી રહેવું હવે તેમને માટે શક્ય નહોતું. પોતાના સંન્યાસીઓને તેમના શરીરનો મોહ છોડી દેવા અનુરોધ કરતા હતા. ફેબ્રુઆરી ૧૯૮૯માં તેમણે 'ભગવાન' નામનો ત્યાગ કર્યો. થોડો વખત 'ઝોરબા ધ બુદ્ધ' નામ ધારણ કર્યું, પણ પછી તે બદલીને 'ઓશો' રાખ્યું. પૂનાના કમ્યૂનની વ્યવસ્થા

(અનુસંધાન પૃ.૩૨૪)

અજવાળું આરપાર

— બકુલ દવે —

'નહીં... નહીં... અને નહીં...' સુરેશે હાથમાં રહેલું છાપું ભૂંગળું વાળીને ત્રણ વાર જોરથી પછાડ્યું ને રોષથી તરડાયેલા અવાજે કહી દીધું, 'તું એ નાલાયક છોકરીનું નામ જ મારી પાસે ન લઈશ. એનો ટાંટિયો મારા ઘરમાં કદીયે ન જોઈએ, સમજી ?'

યશોદાની જીભ સિવાઈ ગઈ. એ શિયાંવિયાં થઈ. આતંકિત નજરે પતિના ચહેરા સામે તાકી રહી. સુરેશનો ચહેરો તંગ થઈ ગયો છે. લમણાની નસો ઊપસી આવી છે. લાલાશ ઊતરી આવેલી આંખો ગુસ્સાથી પહોળી થઈ ગઈ છે. જાણે હમણાં જ બેય આંખોમાંથી ડોળા બહાર નીકળી પડશે. યશોદાને થયું, અત્યારે શૈલી સામે ઊભી હોય તો સુરેશ એને જીવતી ન મૂકે.

સુરેશ માટે આટલું ગુસ્સે થવું સારું નથી તે વિચારતાં યશોદાનો ગભરાટ વધ્યો. સુરેશને હાઈ બી.પી. રહે છે. ઉત્તેજિત થઈ જવાનું એની તબિયત માટે ભયજનક નીવડી શકે એવું ફેમિલિ ડોકટરે યશોદાને ભારપૂર્વક કહ્યું છે. આ કારણસર, સુરેશનો સ્વભાવ ગુસ્સાવાળો છે તો પણ, યશોદા એ બાબતનું ખાસ ધ્યાન રાખે છે કે કશું એવું ન બને કે સુરેશ ગુસ્સે થઈ જાય. તલવારની ધાર પર ચાલવા જેવું અઘરું છે આ કામ. છતાં પણ યશોદા આજ દિન સુધી તલવારની ધાર પર ચાલતી રહી છે.

પણ આજે તલવારની તીક્ષ્ણ ધારથી યશોદાને જરા ઘસરકો થઈ ગયો. યશોદાથી ભૂલ થઈ ગઈ. લાંબા સમય પછી આજે એ પોતાની દીકરી શૈલીને મળી શકી હતી તેનો આનંદ એના હૃદયમાં પૂનમની રાત્રે દરિયામાં આવેલી ભરતી જેમ ઊભરાતો હતો. પોતે પોતાની દીકરીને લાંબા અંતરાલ પછી મળી શકી છે તે કોને કહેવું? માત્ર દુઃખમાં જ નહીં, પણ સુખમાંય કોઈ ભાગીદાર હોય તે જરૂરી હોય છે એવું એને લાગ્યું, પણ કોને કહેવું ?

સ્કૂલમાંથી છૂટીને યશોદા ઘેર આવતી હતી ત્યારે પણ એ જાણે હવામાં ઊડતી હતી. જીવનમાં આવા દિવસો - ઉત્સાહ અને આનંદની ભરચક ક્ષણોથી ખચિત એવા દિવસો - નું જ મહત્ત્વ હોય છે ને તે જ જિંદગી છે, એણે વિચાર્યું. એ ઘેર આવી ત્યારે સુરેશ સિવાય ઘરમાં બીજું કોઈ નહોતું. આલોક ક્રિકેટની પ્રેક્ટિસ માટે ગયો હતો અને જલ્પા હજી સ્કૂલમાંથી આવી નહોતી.

યશોદા ઉત્સાહમાં હતી. અચાનક જ એણે સુરેશને અણધાર્યું પૂછી લીધું, 'ધારો કે તમને રસ્તામાં ક્યાંક શૈલી મળી જાય તો? તો તમે શું કરો?'

'શું?!' છાપાનું ભૂંગળું વાળતાં સુરેશ તાડૂક્યો.

યશોદાને, પોતાનાથી કશુંક ખોટું થઈ ગયું છે તેનો અણસાર આવી ગયો. એણે સિફતથી વાતને છુપાવવાની કોશિશ કરતાં કહ્યું, 'આજે... આજે મને શૈલી જેવી જ એક છોકરી રસ્તામાં મળી ગઈ...'

શૈલીનું નામ સાંભળતાં જ સુરેશનો ચહેરો વિકૃત થઈ ગયો. એ ક્રોધથી થરથર ધ્રૂજવા લાગ્યો. શૈલીનું નામ જાણે તણખો હોય ને સુરેશના મગજમાં ઠાંસી ઠાંસીને દારૂ ભર્યો હોય તેમ એનું મગજ ફાટ્યું.

આવી જ એક સાંજે, પોતાની એક સખીને ઘેર જવાનું કહી શૈલી ઘરમાંથી નીકળી ગઈ હતી. તે પછી એણે ઊતરતી જ્ઞાતિના, અત્યંત સામાન્ય આર્થિક સ્થિતિ ધરાવતા કુટુંબના છોકરા સાથે ભાગી જઈને લગ્ન કર્યાં હતાં. સુરેશ ઘા ખાઈ ગયો હતો. પોતાની દીકરી પોતાને બનાવી ગઈ? પોતાના બાપની ઇચ્છાની ઉપરવટ જઈને પરણી ગઈ? એ ધૂંઆફૂંઆ થઈ ગયો હતો. એ રાત્રે એને ઊંઘ નહોતી આવી. સગી દીકરીએ એને સમાજમાં બેઆબરૂ કર્યો તે વિચાર હડકાયા કૂતરાની જેમ એની પાછળ પડ્યો હતો ને વારંવાર એના અસ્તિત્વમાંથી લોચા ઊતરડી લેતો હતો. અડધીપડધી ઊંઘમાં સુરેશને અનેક હસતા કટાક્ષભર્યા ચહેરા દેખાયા હતા. પોતાની તરફ ચીંધાયેલી અનેક તર્જનીઓથી એ પોતાની પ્રતિષ્ઠાના લીરેલીરા ઊડતા ફાટી આંખે જોતો રહ્યો હતો, નિઃસહાય થઈને.

યશોદાના મુખે શૈલીનું નામ સાંભળતાં જ સુરેશનો ચહેરો તમતમી ગયો ને યશોદાનો ઉત્સાહ વજનદાર પથ્થરની જેમ તળિયે બેસી ગયો. પોતાનાથી ભૂલ થઈ ગઈ છે તે એને સમજાયું, ને થયું કે હવે એણે સુરેશને શાંત પાડવાનો છે. એ સુરેશની નિકટ જઈ બેસી ગઈ ને પોતે ભૂલ કરી હોય ને પસ્તાવો કરતી હોય તેમ કહ્યું :

'મારાથી અમસ્તું જ બોલાઈ ગયું. તમે ગુસ્સે ન થશો....'

'ગુસ્સે તો થાઉં જ ને.' સુરેશનો ક્રોધ હજીયે શમ્યો નહોતો. એણે કહ્યું, 'એ કમજાત છોકરીએ મારું, તારું અને આપણા આખાય કુળનું નામ બોળ્યું ને મોઢું કાળું કરીને ચાલી ગઈ ત્યારથી એ મારા માટે મરી ગઈ છે. મેં તો એના નામનું નાહી નાખ્યું છે...'

'સમી સાંજે આવું ન બોલો.' યશોદા યાચનાભર્યા સ્વરે બોલી.

'બોલીશ.' સુરેશે ડોળા કકડાવ્યા, 'હજ્જાર વાર બોલીશ. હજીયે તને એ નાલાયક છોકરી માટે સહાનુભૂતિ છે? એણે આટઆટલું વીતાડ્યું ને આપણી માથે છાણાં થાપ્યાં તે પછી પણ?'

યશોદાની આંખમા ઝળઝળિયાં આવી ગયાં. એણે છાતી પર વજનદાર પથ્થર મૂકતી હોય તેમ લાગણીઓને કચડીને કહ્યું : 'હું તમને નહીં રોકું, બસ. પછી જે બોલવું હોય તે બોલજો પણ અત્યારે શાંત થઈ જાવ.'

'પણ તું જ કહે, હું ખોટું બોલું છું?' સુરેશે પોતાની વાત સાચી કરાવવાના મમતથી પૂછ્યું.

'તમે સાચા જ છો. પણ નકામો જીવ બાળીને અડધા ન થાવ. હું હવે પછી કદીયે તમને ગમતી ન હોય તેવી વાત નહીં કરું.'

સુરેશ પર યશોદાના ઝૂકી જવાની અસર થઈ. એ ટાઢો પડ્યો. એનો ચહેરો ધીમે ધીમે સ્વાભાવિક બન્યો. પોતપોતાના મૌનમાં ખોવાઈ જઈને પતિપત્ની સ્થિર હીંચકા પર ચૂપચાપ બેસી રહ્યાં.

યશોદાની આંખ સામે યાદોનું ધુમ્મસ છવાયું. આજે સાંજે જ - હજી થોડા કલાક અગાઉની ઘટના એ ફરી યાદ કરવા લાગી.

શાળા છૂટવાને હજી એક પીરિઅડ બાકી હતો. યશોદાને એ પીરિઅડ ફ્રી હોવાથી એ ટીચર્સરૂમમાં બેસીને વાંચતી હતી.

'યશોદાબહેન...' સ્કૂલમાં પાણી ભરતા શારદાબહેને એને ઢંઢોળી. યશોદાએ ઊંચું જોયું.

'શું છે?'

'કોઈ તમને મળવા આવ્યું છે...'

'કોણ છે?' પુસ્તક બંધ કરતાં યશોદાએ પૂછ્યું.

'કોઈ છોકરી છે...'

'તેં નામ પૂછ્યું?'

'ના.'

'એને અહીં મોકલ.'

'એ અહીં આવવાની ના પાડે છે. તમને બહાર મળવા માટે બોલાવે છે.'

યશોદાને આશ્ચર્ય થયું. શહેરની છેવાડે આવેલી આ શાળામાં એ હજી નવીસવી છે. આ અગાઉ એ ગામડામાં હતી. ત્યાં ઘણાં વર્ષ નોકરી કરી અહીંની સરકારી સ્કૂલમાં આવી છે. અહીં એને કોઈ ઓળખતું નથી. કોણ એને મળવા આવ્યું હશે?

'અચ્છા, એ છોકરી ક્યાં છે?'

'સ્કૂલના બગીચામાં, ટાંકી પાછળ કણજીનું ઝાડ છે ત્યાં.'

યશોદા ઊભી થઈ. એની આતુરતા વધી ગઈ. કોણ હશે એ છોકરી ? એ કણજીના ઝાડ પાસે પહોંચી તો ત્યાં કોઈ જણાયું નહિ. એ પાછી ફરવા જતી હતી ત્યાં એના કાને ચિરપરિચિત અવાજ સ્પર્શ કરી ગયો.

'મમ્મી...'

યશોદાએ અવાજ જે દિશામાંથી આવ્યો તે બાજુએ મેંદીની વાડ તરફ જોયું ને એ સ્થિર થઈ ગઈ. પોતાની સામે શૈલીને ઊભેલી જોઈ ન એ હલી શકી કે ન ચાલી શકી. એને પોતાની આંખો પર ભરોસો ન બેસતો હોય તેમ અનિમેષ તાકી રહી.

શૈલી દોડતી આવીને યશોદાને વળગી પડી, કદીયે અલગ થવા ન ઇચ્છતી હોય તેમ. વાત્સલ્યનું ઝરણું યશોદાના હૈયામાંથી નીસરીને છેક એની હથેળીમાં પહોંચ્યું. શૈલી જન્મી હતી ત્યારે, જે રીતે એણે એના પર હાથ ફેરવ્યો હતો તે જ રીતે એ એની પીઠ પર, ચહેરા પર અને વાળમાં હાથ ફેરવવા લાગી. પાંચ-પાંચ વર્ષ સુધી રાહ જોયા પછી, સાસુ-સસરા અને પતિથી ઉપેક્ષિત થઈને એને નિરાશાનું અંધારું ઘેરી વળ્યું હતું. ત્યારે શૈલીએ એના અસ્તિત્વનો અણસાર આપી એના જીવનમાં અજવાળું પાથર્યું હતું. માતૃત્વ બક્ષીને આ દીકરીએ એના જીવનને અર્થ આપ્યો હતો. એને ન્યાલ કરી દીધી હતી.

યશોદાની આંખમાંથી આંસુની પાતળી ધાર એના ગાલ પર સરકી આવી. શૈલીને એ ખૂબ ચાહતી હતી. વિચિત્ર સંજોગોમાં, નછૂટકે શૈલીથી અલગ પડવાની ક્ષણો આવી ત્યારે એનું હૈયું ચિરાઈ ગયું હતું.

શૈલીએ યશોદાને જણાવી દીધું હતું કે એ સૌમિલને પસંદ કરે છે, અને એને જ પરણવા ઇચ્છે છે. યશોદાએ તપાસ કરાવી હતી. સૌમિલ બધી જ રીતે સારો છોકરો હતો પણ એની જ્ઞાતિ અલગ હતી. સુરેશની ઇચ્છા પોતાની પુત્રીને પોતાની જ્ઞાતિના યુવક સાથે પરણાવવાની હતી.

અને સુરેશની ઇચ્છા ઘરમાં અંતિમ રહે છે, એની સામે દલીલ ન થઈ શકે કે ઉપરવટ પણ ન જઈ શકાય તે જાણવા છતાંયે યશોદાએ સુરેશને સમજાવવાની અથાગ કોશિશ કરી હતી પણ એમાં એને સફળતા નહોતી મળી. સુરેશે એક જ પૂછડું પકડી રાખ્યુ હતું કે સૌમિલ ઊતરતી જ્ઞાતિનો છે માટે એની સાથે શૈલીનાં લગ્ન શક્ય જ નથી.

સુરેશમાં સામાજિક રૂઢિનાં બંધનો તોડવાની હિંમત નહોતી કે પછી એને અહમ્ નડી રહ્યો હતો તે યશોદા નક્કી ન કરી શકી. એના હાથ હેઠા પડ્યા. એ સુરેશને ન સમજાવી શકી.

પણ શૈલી સૌમિલને છોડી શકે તેમ નહોતી. દૂરના એક શહેરમાં સૌમિલનો મિત્ર હતો તેના ઘેર બંને જતાં રહ્યાં હતાં. ત્યાં લગ્ન કરી, એ જ શહેરમાં સૌમિલને નોકરી મળી જતાં બંને ત્યાં જ રહી પડ્યાં હતાં. સૌમિલનાં માતાપિતા પણ આ લગ્નથી રાજી નહોતાં તેથી એમનો પોતાના ગામ સાથેનો સંપર્ક છૂટી ગયો હતો.

'મમ્મી, તું રડે છે?' શૈલીએ યશોદાથી અલગ થતાં પૂછ્યું.

'અમસ્તું જ. તને ઘણા સમયે જોઈને તેથી.'

'હા, સાડા-ત્રણ વર્ષ થઈ ગયાં...' કહી શૈલી યશોદા

સામે જોઈ રહી.

શૈલીની દૃષ્ટિ યશોદાના ચહેરાને આંખમાં ઝીલી હૃદયમાં કેદ કરી લેવા ઇચ્છતી હોય તેમ તેના પર સ્થિર થઈ ગઈ. દિવસ-રાત, સૂતાં-જાગતાં, પ્રવૃત્તિના સમયે અને નવરાશની પળોમાં આ વાત્સલ્ય-નીતરતો ચહેરો સતત એની સ્મૃતિઓને અજવાળતો રહ્યો છે. યશોદાને મળવા એ ઘણી વાર ઝૂર્યા કરતી અને તીવ્ર બેચેની અનુભવતી.

'મજામાં છે ને, બેટા?' યશોદાએ પૂછ્યું.

મમ્મીનો અવાજ ધ્રૂજે છે? શૈલીના ડૂબતા હૈયામાંથી એક પ્રશ્ને માથું બહાર કાઢ્યું. એનું મન કારણ શોધવા લાગ્યું. મમ્મી અકાળે વૃદ્ધ થતી જાય છે ને તેની અસર એના અવાજ પર પણ થઈ છે, એણે વિચાર્યું. પિસ્તાળીસ વર્ષની ઉંમરે એના બધા જ વાળ સફેદ થઈ ગયા છે. આંખો પર ચશ્માં આવી ગયાં છે - કમ્પાઉન્ડ નંબરવાળા. ચહેરા પરની ત્વચા, કરચલી પડતાં પહેલાં થઈ જાય તેવી શિથિલ થઈ ગઈ છે.

શૈલી યાદ કરવા લાગી... જ્યારે એ અહીંથી ગઈ હતી ત્યારે મમ્મી સાવ ખખડી ગઈ નહોતી. ત્યારે એ દૂબળી હતી પણ એની ઉંમર કરતાં વધુ મોટી નહોતી લાગતી. સાડા-ત્રણ વર્ષમાં તો એનામાં ઘણું પરિવર્તન આવી ગયું. સાડા-ત્રણ વર્ષમાં એણે ઘણાં વર્ષો એકસાથે જીવી લીધાં છે કે પછી એ સમય દરમિયાન એ જીવી જ નથી કે શું?

'હું તો મજામાં છું, મમ્મી. પણ તારું શરીર સાવ નંખાઈ ગયું છે...' શૈલીએ યશોદાનો હાથ હાથમાં લીધો, 'તું તારા શરીરની દરકાર નથી કરતી...'

યશોદા છોભીલું હસી.

'ચાલ્યા કરે એ તો, તું મારી ચિંતા ન કર.'

'મમ્મી, સાચું કહું? મને તો હંમેશાં તારી ચિંતા રહ્યા કરે છે. તું જીવનભર દબાઈ-ચંપાઈને જ રહી. તારે હંમેશાં સહન કરવાનું જ આવ્યું. અત્યારે પણ તું મને મળે ને કોઈને જાણ થઈ જાય તો મારા કારણે તારે ફરી પાછું સહન કરવાનું આવશે તે કારણથી જ મેં તને અહીં એકાંતમાં મળવા બોલાવી છે.'

શૈલીએ સુરેશ માટે 'કોઈ' શબ્દ વાપર્યો તેની નોંધ યશોદાથી અનિચ્છાએ પણ લેવાઈ ગઈ. છાતીની આરપાર, તીરની જેમ ભોંકાઈને કશુંક પસાર થઈ ગયું. પણ એણે મનને ત્યાં રોકાવા ન દીધું ને પૂછ્યું : 'આ ગામમાં ક્યારે આવી?'

'બે દિવસથી.'

'સૌમિલ શું કરે છે?'

'એ પણ આવ્યો છે ને તમને યાદ કરે છે...' શૈલી સંતોષથી બોલી, 'એ મને ખૂબ સારી રીતે રાખે છે, મમ્મી.'

યશોદાના આંસુભીના ચહેરા પર સ્મિત રેલાયું. શૈલીના ચહેરા પરની તાજગી અને એનું શરીર જરા પુષ્ટ બની ગયું છે તે જ સૂચવે છે કે એ સુખી છે. એને થયું, શૈલી જોતજોતામાં સ્ત્રી બની ગઈ. હજી ગઈ કાલે તો એ ફ્રોક પહેરીને આમતેમ ઘૂમતી હતી.

'મારે સૌમિલને મળવું છે પણ...' યશોદા બોલતાં બોલતાં અટકી ગઈ.

'બંને પક્ષે મળવાની તીવ્ર ઇચ્છા હોય ત્યારે મળી શકાતું હોય છે...' શૈલીએ મંદ મંદ સ્મિત કરતાં કહ્યું, 'સૌમિલ પણ તને, જલ્પાને અને આલોકને મળવા આટલો જ ઉત્સુક છે, ને હવે તો અમે હંમેશ માટે આ ગામમાં આવી ગયાં છીએ.'

'એટલે?'

'મમ્મી, અમારે અહીં પાછાં આવી જવું પડ્યું છે. સૌમિલના પપ્પાની - મારા સસરાની તબિયત સારી નથી રહેતી. એમની ઇચ્છા હતી કે અમે હવે એમની પાસે રહીએ ને સૌમિલ અહીંનો બિઝનેસ સંભાળી લે.'

'પણ એ લોકો તો તમારાં લગ્નની વિરુદ્ધ હતાં!'

'હતાં, પણ હવે નથી. હવે એમને કશો અણગમો નથી રહ્યો. સમય જતાં એમનો અભાવ પણ ઓગળી ગયો.'

'અભાવ અને અણગમો રાખીને કરવાનુંય શું? પણ તેમ છતાંય તારા પપ્પા જો ને હજી પણ...' યશોદાનો સ્વર લથડી ગયો.

શૈલીએ યશોદાનું મન બીજે વાળવા કહ્યું.

'તને એક સરપ્રાઈઝ આપું?'

'શું?'

'મારે એક બેબી પણ છે, તને બા કહીને બોલાવે તેવડી.'

'અરે, અરે!...' યશોદાનું મોં ખુલ્લું જ રહી ગયું. પછી ઊંડો શ્વાસ લઈ એ બોલી, 'આ વાત તો કોઈએ મને કરી જ નહીં, તેં પણ મને જણાવ્યું નહીં...'

'કેવી રીતે જણાવું?' શૈલી ઓશિયાળી થઈ ગઈ.' એક-બે વાર તને જણાવવાની તીવ્ર ઇચ્છા થઈ પણ બીકના લીધે મારી ઇચ્છાને હું અમલમાં ન મૂકી શકી. મેં તને ફોન કર્યો છે તેની કોઈને જાણ થઈ જાય તો અમસ્તું જ તારે-'

'હશે જવા દે એ વાત. અચ્છા, બેબી કેવડી થઈ?'

'બે વર્ષની છે.'

'શું નામ રાખ્યું?'

'કૃત્તિકા.'

'સરસ નામ છે.' યશોદા રાજી થઈ ગઈ. એણે એકાદ પળ માટે કશુંક વિચાર્યું ને બોલી, 'તું એક કામ કરીશ?

'શું?'

'કાલે બેબીને-કૃત્તિકા-ને લઈને તું અને સૌમિલ ઘેર આવો...'

'પણ...' શૈલી મૂંઝાઈ ગઈ.

'ચિંતા ન કરીશ. કાલે તારા પપ્પા ઘેર નથી. એ બહારગામ જવાના છે, ઑફિસના કામે. હું કાલે સી.એલ. મૂકીને ઘેર રહેવાની છું.'

શૈલી ઊંડા વિચારમાં ચાલી ગઈ. એને પોતાના પિતાને ઘેર જવાનું ઘણું મન હતું પણ છાનુંછપનું જવા એ રાજી નહોતી. પણ યશોદા નારાજ થઈ જાય તેથી એ કશું બોલી ન શકી.

'શું વિચારે છે, બેટા?' યશોદાએ શૈલીના માથા પર હાથ મૂક્યો.

'હું કાલે નહીં આવી શકું. પણ તું આલોકને મારે ત્યાં મોકલજે. હું કૃત્તિકાને, એની સાથે તારી પાસે મોકલી આપીશ. તું એને રમાડજે.'

યશોદા નિરાશ થઈ ગઈ, પણ એણે શૈલીને વધુ આગ્રહ ન કર્યો. શૈલી કૃત્તિકાને મોકલવા તૈયાર થઈ છે એ પણ ઘણું છે.

'કૃત્તિકા તારા વગર રહેશે?' યશોદાએ હસવાનો પ્રયત્ન કરતાં પૂછ્યું.

'એને ક્યાંય અજાણ્યું નથી લાગતું. જે બોલાવે તેની પાસે જાય છે. બહુ રખડેલ થઈ ગઈ છે.'

'બિલકુલ તારા જેવી. તું નાની હતી ત્યારે એવી જ હતી.' યશોદાએ હસીને રિસ્ટવૉચમાં જોયું, 'તારા પપ્પા ઑફિસેથી આવી ગયા હશે. હવે મારે ઘેર જવું જોઈએ...'

'હા, તું જા.' કહીને શૈલીએ યાદ અપાવ્યું, 'ને સાંભળ, કાલે સવારે હું કૃત્તિકાને તૈયાર રાખીશ. તું આલોકને એને લઈ જવા માટે મોકલજે.'

'ભલે.'

શૈલી અને યશોદા છૂટાં પડ્યાં ને અલગ અલગ દિશામાં ચાલવા માંડ્યું.

* * *

આલોક કૃત્તિકાને લઈને ઘેર આવ્યો. યશોદા અને જલ્પા દોડી આવ્યાં. કૃત્તિકા વિસ્મયભરી આંખે, ઓળખવા કોશિશ કરતી હોય તેમ તાકી રહી બંને સામે.

'દીદી જેવી જ લાગે છે નહીં, મમ્મી?' જલ્પા ટહુકી.

'હા, શૈલી જેવી જ મોંકળા છે...' યશોદાએ કૃત્તિકા સામે ટગર ટગર જોતાં કહ્યું, 'આંખો પણ એની મા જેવી છે...'

કૃત્તિકાને આલોકે તેડી હતી. યશોદાએ એની તરફ હાથ લંબાવ્યા, 'મારી પાસે આવ, બેટા...'.

ને કૃત્તિકા જાણે વર્ષોથી ઓળખતી હોય તેમ, જન્મોજન્મનો પરિચય હોય તેમ એની પર ઝૂકી ગઈ. એણે પોતાના નાનકડા હાથ યશોદાના ગળે વીંટાળી દીધા. યશોદાએ એને છાતીસરસી ચાંપી દીધી.

જલ્પા, આલોક અને યશોદા માટે તો આજનો દિવસ ઉત્સવ જેવો બની રહ્યો. કૃત્તિકાની આગળપાછળ બધાં દોડવા લાગ્યાં.

ત્યાં રંગમાં ભંગ પડ્યો. અચાનક જ સુરેશે ઘરમાં પ્રવેશ કર્યો. ચોરી કરતાં, રંગાયેલા હાથે પકડાઈ ગયા હોય તેમ સૌ ચૂપ થઈ ગયાં. યશોદાનું હૈયું ફફડવા લાગ્યું : સુરેશ બહારગામ જવાનો હતો ને ઘેર પાછો કેમ આવ્યો? કૃત્તિકાને એ ઓળખી જશે તો?

'આજે બહારગામ જવાનું રદ થયું...' યશોદાને ઉત્તર આપતો હોય તેમ સુરેશ બોલ્યો. અચાનક એની નજર કૃત્તિકા પર ગઈ, 'આ કોણ છે?'

યશોદા અને જલ્પા મૂગાં થઈ ગયાં, પણ આલોકે તરત જ ઉત્તર આપી દીધો, 'પપ્પા, મારા મિત્ર અલકેશની બહેનની બેબી છે આ.'

'અહીં કેમ આવી?'

'હું અલકેશને ઘેર ગયો હતો. એને ત્યાંથી પાછો ફરતો હતો ત્યારે આ બેબી મારી સાથે થઈ ગઈ.'

સુરેશ કશો પ્રતિભાવ દર્શાવ્યા વગર સૉફામાં બેસી ગયો. યશોદાએ દાળ વીણવાનું શરૂ કર્યું. જલ્પા પણ એની સાથે જોડાઈ. આલોક કશુંક લખવામાં પરોવાઈ ગયો. એકાએક જ સૌએ કૃત્તિકામાંથી પ્રયત્નપૂર્વક ધ્યાન પાછું ખેંચી લીધું.

કૃત્તિકા રમતાં રમતાં સુરેશ પાસે પહોંચી ગઈ ને એની સાવ અડોઅડ સૉફા પર બેસી ગઈ. સુરેશ છાપું વાંચી રહ્યો હતો. એણે છાપાને ખેંચ્યું.

'શું થયું?' સુરેશ અકળાયો. એણે છાપું ચહેરા સામેથી હટાવ્યું તો નાનકડી ઢીંગલી જેવી કૃત્તિકા એના સામે મીટ માંડી જોઈ રહી છે. યશોદાનો જીવ ઊંચો ચડી ગયો : હવે? હવે શું થશે? જલ્પા અને આલોક પણ સ્થિર થઈ જોતાં રહ્યાં.

પણ સુરેશ ગુસ્સે ન થયો. એણે કૃત્તિકાને પોતાની પાસેથી દૂર લઈ જવાનું પણ ન કહ્યું. એણે પણ કૃત્તિકાની આંખોમાં આંખો પરોવી રાખી.

'આપી દે... આપી દે...' કૃત્તિકાએ છાપું ખેંચ્યું.

'તારે શું જોવું છે?' સુરેશે એના માથે હાથ મૂક્યો.

'આપી દે...' કૃત્તિકાએ એના મર્યાદિત શબ્દભંડોળનો ઉપયોગ કરતાં કહ્યું.

સુરેશે એને છાપું આપી દીધું. કૃત્તિકા ખુશ થઈ ગઈ. છાપામાં જાહેરખબર હતી તે ચિત્ર જોવામાં પોતે લીન હોય તેમ એ બેસી રહી.

થોડી વારમાં કૃત્તિકાનું મન છાપામાં ચિત્રો જોઈને ભરાઈ ગયું. એણે સુરેશને કહ્યું, 'લે.'

કૃત્તિકા બધાંને એક વચનમાં જ બોલાવી શકે છે. સુરેશને

(અનુસંધાન પૃ. ૩૨૭)

અમેરિકામાં ભારતીયો : આત્મઓળખની ખોજમાં - ૧૧

પ્રા. પ્રવીણ ન. શેઠ

સ્વામીનારાયણ - પ્રતિબદ્ધ સંગઠન

ઇંગ્લંડ-અમેરિકા સહિત પશ્ચિમમાં જો કોઈ ભારતીય સંપ્રદાય સૌથી વધુ અનુયાયીઓ ધરાવતો હોય અને સાથોસાથ ધ્યાનપાત્ર સંગઠનશક્તિ ધરાવતો હોય તો તે સ્વામીનારાયણ સંપ્રદાય. બીજા કોઈ સંપ્રદાયના આટલા બધા સંતોસાધુઓ અને સમર્પિત સ્વયંસેવકો અમેરિકામાં જોવા મળતા નથી. ભારત બહાર વસતા બોચાસણવાસી સ્વામીનારાયણ પંથીઓની સંખ્યા દસ લાખ ઉપર થવા જાય છે, જેમાંના લગભગ ૫૦,૦૦૦ તો એકલા અમેરિકામાં છે. ભારત બહાર આ પંથનાં ૨૭થી વધુ મંદિરો છે, જેમાંથી ત્રીજા ભાગનાં તો અમેરિકામાં છે. ૧૯૬૯માં બ્રૂકલિન યુનિવર્સિટીના પ્રોફેસર કે.સી. પટેલે યોગીજી મહારાજની દીર્ઘદૃષ્ટિને કારણે આ પંથની પ્રવૃત્તિ અહીં શરૂ કરી.

અમેરિકામાં અક્ષર પુરુષોત્તમ સંપ્રદાયનો પ્રારંભ ત્રણ હરિભક્તો અને ત્રીસ વિદ્યાર્થીઓ દ્વારા થયો હતો, તેમાંથી હવે તે ૫૦,૦૦૦ ભક્તો સુધી પ્રસર્યો છે. પ્રમુખસ્વામી આ પ્રસારના મુખ્ય પ્રેરક ગુરુબળ બની રહ્યા છે. સ્વામીનારાયણ સત્સંગ કેન્દ્રો આખા ખંડમાં પથરાયેલાં છે ને ત્યાં રવિવારે ભજન-કીર્તન થાય છે. સાધુસંતોના વાર્તાલાપ, શિક્ષાપત્રી, સંપ્રદાય અને ભારતીય સંસ્કૃતિની સુરેખ સમજ આપતાં દૃશ્ય-શ્રાવ્ય ઉપકરણો આવાં કેન્દ્રોમાં અને અનુયાયીઓના ઘરમાં પણ જોવા મળે છે. સત્સંગી સમાજમાં નોંધપાત્ર શિસ્ત જોવા મળે છે.

બીજાં કેટલાંક મંદિર-ટ્રસ્ટોની જેમ સ્વામીનારાયણ મંદિર અને સત્સંગ કેન્દ્રો સામાજિક કાર્ય પણ બજાવે છે. અમેરિકામાં પહેલી વાર આવેલા સ્વામીનારાયણ પંથીઓને માટે પ્રારંભિક વસવાટની ગોઠવણ કરવાથી માંડીને કોઈક વાર તેમને જીવનનિર્વાહ માટે કામ મેળવી આપવું, પરીક્ષામાં સારી રીતે ઉત્તીર્ણ થતાં વિદ્યાર્થીઓની જાહેર કદર કરવી, જે તે કેન્દ્રના ક્ષેત્રમાં રહેતા સત્સંગીને ત્યાં માઠા પ્રસંગ બને તો ત્યારે તેને માનસિક ટેકો અને સધિયારો આપવો - આવાં કાર્યો પણ આવાં કેન્દ્રો કરે છે, ને તેથી દેશબહાર તેમની ઓળખ જળવાઈ રહે તેવી સામાજિક ધોરણે વ્યવસ્થા ઊભી કરવામાં બોચાસણ અને અનુપમ મિશન જેટલાં સંગઠિત કાર્ય કરનાર કદાચ બીજો કોઈ સંપ્રદાય નહિ હોય. સ્વામીનારાયણ પંથીઓ મોટે ભાગે પોતાના જ સંપ્રદાયમાં યુવક-યુવતીઓ પરણતાં રહે, તેવો આગ્રહ પાળવામાં સફળ રહ્યા છે.

સ્વામીનારાયણીઓને એક સમાજ તરીકેની ઓળખ આપવામાં તેમનો ધર્મ, શાકાહારી ખોરાક લેવાનો આગ્રહ અને ભાષા- આ ત્રણેમાં જે સમાનતા છે, તે કેન્દ્રવર્તી ભૂમિકા ભજવે છે. કાંદા અને લસણથી મુક્ત એવો શાકાહારી ખોરાક અમેરિકા જેવા પશ્ચિમી દેશમાં તેઓ લે છે. એમના સમાજની નિજી ઓળખને દૃઢ કરવામાં અને આપસી લગ્નસંબંધો બાંધીને એમના વર્તુળને સાચવવામાં આવો આચાર મહત્ત્વનો ભાગ ભજવે છે. હવે તો ઘણા પોતાના યોગ્ય જીવનસાથીને પસંદ કરવા માટે વતન પર આધાર રાખતા નથી; કારણ સ્વામીનારાયણ પંથીઓ, પાટીદારોએ પોતાની જીવનપ્રણાલી અમેરિકામાં પણ સાચવી રાખી છે. ઉપરાંત આવી પસંદગી માટેનો જરૂરી વ્યાપ તેમની મોટી સંખ્યાને કારણે પાટીદાર યુવક-યુવતીઓને અમેરિકામાં જ મળી રહે છે. તો પણ નવ વસાહતને કારણે પોતાના વતન ભારત સાથેના સંબંધો કપાઈ જતા નથી. અમેરિકામાં વસાહતી જાતિઓને એકરૂપ બનાવતા આધુનિકીકરણનાં પ્રવાહો અને માધ્યમો સામે તેઓ સાંસ્કૃતિક ધોરણે તત્ત્વતઃ અકબંધ રહી શક્યા છે. કદાચ, નવા મહેમાન દેશ કે પોતે અપનાવેલ દેશમાં તેઓ નવા સ્વરૂપમાં સામાજિક કોચલામાં જીવે છે, તેમ પણ કેટલાકનું માનવું છે. ૧૯૭૪થી પ્રમુખસ્વામીના વાર્તાલાપોએ સારો એવો પ્રભાવ ઉત્પન્ન કર્યો છે. ગોરાઓ અને કાળાઓને પણ એમાં રસ પડ્યો છે. સાધુસંતો મુખ્યત્વે ગુજરાતમાંથી આવતા હોય છે. તેઓ મંદિરોમાં, વાર્તાલાપ વ્યાખ્યાન-સત્સંગ સંમેલનમાં ગુજરાતી ભાષામાં બોધ આપતા હોય છે, રામનવમી, સહજાનંદજયંતી પ્રમુખસ્વામીની જન્મજયંતી અને જન્માષ્ટમી તેઓ વિશેષતયા ઊજવે છે. અહીં વર્ષો પહેલાં જેઓ સ્વામીનારાયણ મંદિરે જાય તેઓ સાંજે લગભગ ભોજન જેટલો શીરા સાથેનો 'પ્રસાદ' લઈને પાછા ઘેર જતા. આ પ્રણાલી પછી તો બીજાં મંદિરોએ પણ અમુક દિવસોએ અપનાવી છે.

સ્વામીનારાયણ મિલનોએ સત્સંગીઓને (જેવું જૈનો, શીખોની બાબતમાં અને સ્વાધ્યાયીઓની બાબતમાં પણ વર્તાય છે.) માટે સામાજિક જરૂરિયાતો માટેની માગ સંતોષતા હોય તેવાં પશ્ચિમી ઢબનાં ક્લબ, મદ્યખાનાં કે રેસ્તોરાંના આકર્ષણથી મુક્ત રાખ્યા છે. આમ, સ્વામીનારાયણ અને બીજાં મંદિરો અને મિલનકેન્દ્રો કદાચ ધર્મ કરતાં પણ વધુ તો, સામાજિક-સાંસ્કૃતિક ભૂમિકા ભજવે છે. ભારતીયોને ભેગા થવા, પરસ્પર મળવા માટે અને તે રીતે પોતે બધા ભારતીય હોવાનો ભાવ અનુભવવાનો માહોલ ઊભો કરે છે. અમેરિકામાં આવીને સામાન્ય સ્થિતિમાં શરૂઆત કરીને, ખંત, કૌશલ અને

સાહસવૃત્તિથી 'રીઅલ એસ્ટેટ', મોટેલ-હોટેલ, એન્જીનીઅરિંગ, મેડિકલ - એમ અનેકવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર સિદ્ધિ કે સમૃદ્ધિ અંકે કરનારા સ્વામીનારાયણ પ્રવૃત્તિ માટે સમય, સાધનો અને કૌશલ ફાળવતાં હોય છે. પ્રમુખસ્વામીના એક સૂચન પર લાખો ડોલરના પ્રોજેક્ટો એન્જીનીઅરો, ડૉક્ટરો, મોટેલ-માલિકો સહજ રીતે અપનાવી લે છે.

ડૉ. કે.સી. પટેલના અથાક પુરુષાર્થ અને બીજા ઉચ્ચ વ્યવસાય અને મોટેલ-હોટેલના ધીકતા ધંધાને છોડીને ધર્મસક્રિય થનાર સત્સંગીઓના પરિણામ સ્વરૂપ, શિરમોર જેવો કાર્યક્રમ તે તેમનો 'કલ્ચરલ ફેસ્ટિવલ ઓવ્ ઇન્ડિયા'. ૧૯૯૧માં ન્યૂ જર્સીના એડિસન પાસે સ્વામીનારાયણ અને ભારતીય સંસ્કૃતિનાં વિવિધ પાસાં અને સમૃદ્ધ પ્રદાનને ખૂબ સરસ રીતે દશ્યશ્રાવ્ય ટેક્નોલૉજિથી પ્રદર્શિત કરાયાં, જેની ભારતીય અને આગેવાન અમેરિકન મિડીઆએ ભારોભાર કદર કરી છે. લગભગ ૧૧ લાખ લોકો (ભારતીયો, ગોરા, કાળા, સ્પેનિશભાષીઓ)એ તેની મુલાકાત લીધી હતી. અમેરિકાના વીઆઈપીઓ પણ મુલાકાત બાદ પ્રભાવિત થયા હતા. પ્રો. ચંદ્રકાન્ત પટેલ કેટલાક અભિપ્રાયો ટાંકે છે. જૈન મુનિ સુશીલકુમારજીએ કહ્યું : ''જો કોઈ એમ કહે કે મેં ભારત જોયું નથી તો તેઓ આ 'ફેસ્ટિવલ' જોઈ લે.'' પ્રમુખ જ્યોર્જ બુશના ભારતીય પ્રતિનિધિ જ્યોર્જ ચેરીએને કહ્યું : 'ભારતને અમેરિકામાં સુદંર રીતે રજૂ કરાયું છે.' ભારતના અમેરિકા ખાતેના એલચી ડૉ. આબિદ હુસેને બતાવ્યું તેમ, સરકારી સહાય વિના અસંખ્ય લોકોએ આવું સાધનસંપન્ન અને સંવહન-પ્રદર્શન કૌશલ માગી લેતો કાર્યક્રમ કરી બતાવ્યો તે અદ્‌ભુત છે.

આ 'ફેસ્ટિવલ' પછી સ્વામીનારાયણ પંથનો પ્રસાર ન્યૂ જર્સી, ન્યૂ યૉર્ક, ફ્લોરિડા, ટેક્સાસ, કેલિફોર્નીઆ અને એરીઝોનામાં વધ્યો છે. આ સંપ્રદાયની કુલ અસ્ક્યામતો ૨૫ મિલ્યન (૨૫૦ લાખ) ડોલરથી વધુ ગણાય છે. દર વર્ષે દસેક લાખ ડૉલર તો તેની અનેકવિધ પ્રવૃત્તિઓ પાછળ ખર્ચાય છે. ખ્રિસ્તી ધર્મ અને યહૂદી ધર્મ પછી બીજા ધર્મપંથીઓ કદાચ આટલી સંગઠિત પ્રવૃત્તિ અને સાધનો ધરાવતા નહિ હોય. ધર્માન્તરનો આશરો લીધા વિના અને પોતાની માતૃભાષા (ગુજરાતી)માં સંપ્રદાયકેન્દ્રી વિચારસરણીને પ્રસારવા પર તેમના અગ્રણીઓ ભાર મૂકે છે.

અમેરિકામાં રહીને ૧૦ વર્ષ પત્રકાર તરીકે લખવાનો અનુભવ ધરાવતા બટુક વોરાએ મને જણાવ્યું : આવા આધુનિક, ઉદાર સામાજિક વિચારધારાવાળા દેશમાં મહિલાને માટે પુરુષસમાન સ્થાન સહજ બનવું જોઈએ પણ જ્યાં સ્વામીનારાયણ સંતો-સાધુઓની ઉપસ્થિતિ હોય એવાં સંમેલનોમાં મહિલાઓને ભારતની જેમ અલગાવની સ્થિતિમાં ભાગ લેવો પડે છે, તે બીજા ઘણા બૌદ્ધિકો અને સામાજિક કાર્યકરોને કઠે છે. સંપ્રદાયની અદ્‌ભુત કાર્યશક્તિ અને પ્રભાવનો ઉપયોગ તેના અનુયાયીઓને વિશાળ સંપ્રદાયેતર બૃહદ્ રૂપના ભારતીયત્વમાં સંસ્કારવા માટે થાય તેવી અપેક્ષા રહે છે. તેમજ ભારતીયોના સામાજિક રૂઢિવાદ, અમેરિકામાં ખર્ચાળ બનતા કે સંપત્તિનું પ્રદર્શન થતું દેખાય તેવા લગ્નસમારંભો અને કન્યા માટે સુધરેલા નવસ્વરૂપ પૈઠણ આપવા જેવા રીતરિવાજ ઓછા કરવાને બદલે વધે છે! વ્યસનમુક્તિની જેમ એવા સામાજિક વ્યસનમાંથી તેમને પાછા વાળવા, તથા વધુ મંદિરો કરતાં નૈતિક-આધ્યાત્મિક માર્ગે અતિભૌતિકવાદી જીવનધોરણથી કંઈક પાછા વાળવાની ક્ષમતા આ સંપ્રદાયના સંતો પાસે છે. તેમના સંમોહન, તેમનાં વચનોમાં શ્રદ્ધા અનુયાયીઓ જન્માવે છે. તેનો ઉપયોગ આ દિશામાં થાય, તો અમિરકામાં, ખાસ કરીને ગુજરાતીઓમાં એ એક સુધારક અને સર્જનાત્મક પરિબળ બની શકશે. સ્વાધ્યાય અને સ્વામીનારાયણ કાર્યક્રમો ગુજરાતીમાં યોજતા હોવાથી બાળકોથી વાનપ્રસ્થો સુધીની પેઢીઓમાં હજારો ભારતીયોમાં ગુજરાતી ભાષા સચવાઈ રહી છે. આ તેમનું ખૂબ સંતર્પક અને સરાહનીય કહી શકાય તેવું પ્રદાન છે. (ક્રમશઃ)

અનુસંધાન] **ઓશો રજનીશ** [પૃ. ૩૧૮થી

સંભાળવા માટે તેમણે ૨૧ જણાની સમિતિની રચના કરી અને તેના પ્રમુખ તરીકે સ્વામી જયેશને નીમ્યા.

તા. ૧૯-૧-૯૦ના રોજ, સાંજે પાંચ વાગ્યાના સુમારે, ૫૮ વર્ષની ઉંમરે ઓશોએ દેહ છોડી દીધો. તેમના ચહેરા ઉપર પરમ શાંતિ હતી. તેઓ કહેતા કે મૃત્યુને એક ઉત્સવ તરીકે લેવાની હંમેશાં તેમની ઇચ્છા રહી હતી. ઓશોના મૃત્યુને પણ ત્યાં હાજર રહેલા તેમના સંન્યાસીઓએ ઉત્સવ તરીકે લીધું. કમ્યૂનના ઉપરી સ્વામી જયેશે ઓશોના અંતિમ સમયનો ચિતાર આપ્યો. ત્યાર પછી બધાં સંન્યાસીઓ ખુલ્લા મનથી ખૂબ ખડખડાટ હસ્યા અને નાચ્યા. મૃત્યુ પછીના બે કલાકમાં જ ઓશોના મૃતહેદને મૂળા નદીને કિનારે લઈ જઈ અગ્નિદાહ આપવામાં આવ્યો. આટલી જલદીથી તેમની અંત્યેષ્ટિ શા માટે કરવામાં આવી તે અંગે પણ વિવાદ જાગ્યો. તેમના જીવન જેટલું તેમનું મૃત્યુ પણ રહસ્યમય બની રહ્યું.

પૂના કમ્યૂનમાં ઓશો જ્યાં બેસીને પ્રવચન આપતા ત્યાં તેમની સમાધિ બનાવવામાં આવી, જેના ઉપર લખવામાં આવ્યું છે -

Osho
Never born - never died
only visited this
planet earth between
December 11, 1931 - January 19, 1990.

ઓશોના અવસાનનાં થોડાં અઠવાડિયાં પહેલાં જ તેમને કોઈએ પ્રશ્ન કરેલો, 'તમે આ પૃથ્વી પર હાજર નહી હો ત્યારે તમારા કામનું શું થશે?' તેમણે જવાબ આપેલો, 'અસ્તિત્વમાં મારી શ્રદ્ધા અખંડ છે. મેં જે કહ્યું છે તેમાં કાંઈ પણ સત્ય હશે તો તે ટકી રહેશે. જે લોકોને મારી વાતમાં રસ પડ્યો છે તે તેની મશાલ લઈને ઘૂમી વળશે, પણ કોઇના ઉપર કશું લાદશે નહિ.' (સંપૂર્ણ)

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

સાંપ્રત રાજકારણની વાતો

તા.૮-૮-૯૧. આજકાલ સાંપ્રત રાજકારણના કોઈ મુદ્દા ઉપર લખવાનું મન નથી થતું. મેં નજર સમક્ષ એક સિદ્ધાંત રાખ્યો છે. નાનેરાં સમક્ષ હમેશાં હસતો ચહેરો રાખો. (Face youngsters with a smiling face) પણ સામ્પ્રત રાજકારણમાં ઉલ્લાસ પ્રેરે, આશા જન્માવે તેવું ઓછું બને છે. બેત્રણ નમૂના જોઈએ :

કાકાસાહેબે નદીઓને લોકમાતા કહી હતી, પણ ભારતના રાજકારણે આ લોકમાતાને વિવાદમાતા બનાવી દીધી છે. પંજાબની પાંચ નદીઓમાંની 'બીઆસ' અને 'સતલજ' નદીઓ જ ભારતમાંથી વહે છે. ૧૯૪૭માં દેશના ભાગલા વખતે આ બે નદીઓમાંનું કેટલું પાણી ભારત વાપરે અને કેટલું પાણી પાકિસ્તાન વાપરે તેના સ્પષ્ટ કરાર થયેલા છે. હવે ભાષાવાર પ્રાન્તરચના પછી આપણે ત્યાં હરિયાણા અને પંજાબ રાજ્યો થયાં અને ભારતને ભાગે આવતું બીઆસ-સતલજનું પાણી આ બે રાજ્યો વચ્ચે કેમ વહેંચવું તેનો વિવાદ ઊભો થયો. પરિણામે આજ વીસ વરસથી આ નદીઓનું સઘળું પાણી પાકિસ્તાનમાં વહી જાય છે.

જ્યારે આવો વિવાદ ઊભો થાય ત્યારે ઉકેલ શોધવા એક ટ્રિબ્યૂનલ નિમાય છે. કર્ણાટક અને તામિલનાડુ વચ્ચે કાવેરીના જળવિવાદ માટે આવી એક ટ્રિબ્યૂનલ બેઠી છે. આ વિવાદનો સંપૂર્ણ ઉકેલ આવતાં તો વાર લાગે એટલે વચગાળાનો હુકમ કરી કર્ણાટકે પાણીનો અમુક જથ્થો તામિલનાડુ માટે છોડવો એવું ટ્રિબ્યૂનલે ઠરાવ્યું. પણ કર્ણાટકે તે માનવાની ના પાડી અને મામલો સુપ્રીમ કોર્ટમાં ગયો છે. નદીઓને લોકમાતામાંથી રાજકારણે વિખવાદમાતા બનાવી દીધી છે!

તા.૧૪-૧૧-૯૧. અમારે ત્યાં ૧૬મી તારીખે દેશનાં જુદાં જુદાં રાજ્યોમાં પાર્લમેન્ટની ૧૫ બેઠકો અને રાજ્ય-વિધાનસભાઓની ૫૭ બેઠકો માટે ચૂંટણીઓ છે. ભારતમાં લોકશાહીએ કેવું વિકૃત રૂપ લીધું છે તે આ પેટાચૂંટણીઓમાં દેખાઈ આવ્યું છે. ઉત્તરપ્રદેશ વિધાનસભાની બુંદેલખંડની એક બેઠક માટે ૪૯ ઉમેદવારો ઊભા છે! આમાં રાજકીય પક્ષોના તો પાંચ જ ઉમેદવાર છે. બાકી બધા નિષ્પક્ષ. રાજીવ ગાંધીના મૃત્યુ પછી ખાલી પડેલી અમેઠીની એક બેઠક માટે ૪૩ ઉમેદવારો. એક બેઠક માટે, આમ, ત્રણથી ચાર ફૂલ્સકેપ કાગળનું એક મતપત્રક થાય! આ બધા નિષ્પક્ષ ઉમેદવારોમાંથી ભાગ્યે જ કોઈને ૩૦૦થી વધુ મતો મળે છે. છતાં આટલા બધા કેમ ઊભા રહે છે? આમાં સોદાબાજીની ગણતરી મુખ્ય કારણ છે, એમ તો બધાંને લાગે છે. સંભવ છે કે આ સોદાબાજીમાં બધાય રાજકીય પક્ષો સંડોવાયા હશે એટલે તેરી બી ચૂપ ઔર મેરી બી ચૂપ!! આશ્ચર્ય તો એ વાતનું છે કે મોટાં મોટાં છાપાંમાં સમાચારનાં પૃથક્કરણ કરતા લેખો લખતા વિદ્વાનોએ પણ આ વિષે કશું લખ્યું નથી.

તા.૧૪-૧૨-૯૧. આજે સવારે ચા પીને હું છાપું વાંચતો હતો ત્યાં હો હો, દેકારા, પડકારા અને બોલાચાલીનો ગોકીરો સંભળાયો. એટલે મેં પત્નીને બૂમ પાડીને કહ્યું કે, જુઓને આ બૂમબરાડા અને ગોકીરો શેનો થાય છે? પત્નીએ હસતાં હસતાં કહ્યું કે આ તો પાર્લમેન્ટની કાર્યવાહીનું રેકોર્ડિંગ ટી.વી. પર આવે છે!

હમણાં એવું નક્કી થયું છે કે રોજ પાર્લમેન્ટની એક કલાકની કાર્યવાહી રેકોર્ડ કરી તેને બીજે દિવસે ટેલિકાસ્ટ કરવી. લોકસભામાં શરૂઆતમાં તો તેની સારી અસર થઈ. સભ્યો વ્યવસ્થિત કપડાંમાં આવવા લાગ્યા. સ્ત્રીઓ રંગબેરંગી સાડીઓમાં દેખાઈ. ચર્ચામાં ગાળાગાળીનું પ્રમાણ ઘટી ગયું. પણ માણસ જાત ઉપર ગયા વગર રહે ખરો? અને ફરી પાછું ગાળાગાળી, હોકારા-પડકારા શરૂ થઈ ગયા છે. એક સભ્ય ભાષણ કરતો હોય ત્યારે ૧૫ થી ૨૦ સભ્યો પડકારા કરતા દખલ કરતા હોય. ટી.વી. ઉપર આ જોતાં મારાં પત્ની પણ બોલી ઊઠ્યાં, 'ઓલો શું બોલે છે ઈ સાંભળવા તો દો.'

અને આ હોકારા-દેકારાના ગર્દભ-સૂર કરવા માટે દરેકને રોજનું ૫૦૦ રૂપિયા દનિયું મળે છે!!


જ્ઞાનપીઠ પુરસ્કાર વાયા વિસનગર

તા.૫-૯-૯૧. આજે ડોલીના જન્મદિવસ નિમિત્તે બપોરે ચા પછી બધાંએ સાથે બેસીને શિરો ખાધો. ડોલીના જન્મદિવસ સાથે મારી વિસનગરની બદલી સંકળાયેલી છે. જોગાનુજોગ આવતે અઠવાડિયે હું એક દિવસ માટે વિસનગર કૉલેજમાં જવાનો છું એટલે એ મીઠાં સંભારણાં તાજાં થશે. જો કે એક બીજા કારણસર પણ એ યાદ તાજી થઈ છે.

આ વર્ષનો જ્ઞાનપીઠ પુરસ્કાર કન્નડ ભાષાના વિખ્યાત સાહિત્યકાર પ્રોફેસર વી.કે. ગોકાકને મળ્યો. તેઓ અંગ્રેજીના પ્રોફેસર છે. ૧૯૪૯માં વિસનગર કોલેજના પ્રિન્સિપાલ થયા અને ૧૯૫૨ સુધી ત્યાં રહ્યા. વિસનગરનાં એ ત્રણ વર્ષની તેમનાં સાહિત્ય ઉપર ઘણી અસર રહી છે. વિસનગરની કૉલેજને તેમણે ઉત્તર ગુજરાતની રાજકુંવરી કહી છે. તેમણે લખ્યું છે :

Into these arms was born the Princess
Into these arms were
born the princess
That North Gujarat

fondly bore
And this the heart
that nursed the infant
With me she grew three
years or more.



ગોકાક વિસનગર કૉલેજના પહેલા પ્રિન્સિપાલ હતા એટલે એ લખે છે કે ઉત્તર ગુજરાતની કુંવરીનો જન્મ મારે હાથે થયો અને મારા હૃદયનાં અમીનાં પાન તેને કરાવ્યાં.

'સમરારેવે જીવનમ્' (Harmony is life - સંપ અને સુમેળ એ જ જીવન) એમની બહુ જાણીતી નવલકથા છે. તેમની કૃતિના હવે ગુજરાતી અનુવાદ થશે અને આપણને આસ્વાદવા મળશે.

આમ, ડોલીના જન્મદિવસથી જ્ઞાનપીઠ પુરસ્કાર વાયા વિસનગર!

પ્રોફેસર ચંદ્રશેખર - જીવનઝરમર

૧

તા.૧૪-૯-૯૧. આજે એપ્રિલનું 'સાયન્ટિફિક અમેરિકન' આવ્યું તેમાં વિખ્યાત વિજ્ઞાની અને ખગોળવેત્તા સુબ્રહ્મણ્ય ચંદ્રશેખરની જીવનકથાનો રિવ્યૂ વાંચ્યો અને મારાં કેટલાંક મીઠાં સંસ્મરણો તાજાં થયાં.

અમેરિકાના વિજ્ઞાનજગતમાં ચંદ્રાના ટૂંકા નામે જાણીતા થયેલા ચંદ્રશેખર ભારતના એક બુદ્ધિજીવી કુટુમ્બમાં ૧૯૧૦માં જન્મ્યા હતા. તેમના પિતા અંગ્રેજી હકૂમતના સરકારી અધિકારી હતા અને દૃઢ નૈતિક બળ તથા નિર્ણયશક્તિ માટે જાણીતા હતા. તેમની માતા આદર્શ ગૃહિણી તરીકે રહ્યાં છતાં ઇબ્સનની કૃતિ 'ઢીંગલીઘર' (A Doll's House)ના તામિળ રૂપાન્તર માટે સમય જરૂર ફાળવી શક્યાં. આ માતાએ પોતાના ૧૯ વર્ષના પુત્રને આગળ અભ્યાસ કરવા ઇંગ્લંડ જવાની હસી-ખુશીથી રજા આપી. પોતાના આ નિર્ણયના અનુસંધાનમાં તેમણે પાછળથી કહ્યું હતું : 'તે તો વિશ્વ માટે જન્મ્યો છે. હું તેના માર્ગમાં વચ્ચે કેવી રીતે આવું?... અને દુનિયાને એક માતા આથી મોટી ભેટ શી આપી શકે?'

અને એ માતાએ દુનિયાને કેવી મોટી ભેટ આપી! કેમ્બ્રિજના ૪ વર્ષના વસવાટ દરમિયાન તારાઓના આન્તરિક બંધારણના અભ્યાસ ઉપરથી તેમણે કેટલાંક આશ્ચર્યકારક પરિણામ મેળવ્યાં. તે પરિણામો ત્યારે (૧૯૩૫માં) અવલોકનોથી ચકાસવાં શક્ય નહોતાં. ૧૯૬૭ થી ૧૯૭૩ના ગાળામાં પલ્સારની શોધ થયા પછી ચંદ્રશેખરનાં ગણિતીય પરિણામોને અવલોકનનું પીઠબળ મળ્યું અને ૧૯૩૩નાં ખગોળ-ગણિતીય પરિણામોની શોધ માટે તેમને ૧૯૮૩માં નોબેલ પુરસ્કાર મળ્યો!

૨

સફેદ વામન તારકોની આન્તરિક રચના વિષેનાં તેમનાં સંશોધનો પછી ૧૯૩૬માં તેઓ ભારત પાછા આવ્યા અને તેમના જ શબ્દોમાં તેમને 'કોઈ યોગ્ય નોકરી મળી નહિ' અને તેઓ અમેરિકા જઈ સ્થિર થયા. ૧૯૬૮માં નેહરુ વ્યાખ્યાનો આપવા ભારત આવ્યા હતા. તેમનાં વ્યાખ્યાનોમાં પ્રમુખસ્થાનેથી રાષ્ટ્રપતિ ડૉ. ઝાકીરહુસેને કહ્યું હતું કે ડૉ. ચંદ્રશેખર તો વરાહમિહિર, આર્યભટ્ટ, ટૉલેમી, ગેલેલિયો, કેપ્લર, ન્યૂટન, લાપ્લાસ, મેઘનાદ સહા જેવા કોઈ એક દેશના નહિ પણ સમગ્ર દુનિયાના ખગોળશાસ્ત્રીઓના જૂથમાં ગણના થાય તેવા ખગોળવિદ છે. તે જ પ્રસંગે પ્રાસંગિક પ્રવચનમાં વડાંપ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધીએ કહ્યું હતું, 'આપણે ડૉ. ચંદ્રશેખરને ભારતમાં રાખી શક્યા નહિ તે અફસોસની વાત છે. તેમ છતાં મનમાં દહેશત તો રહે જ છે કે તેઓ જો ભારતમાં સ્થિર થયા હોત તો તેમની સંશોધન-કારકિર્દી આટલી ઉજ્જ્વળ વિકસી ન હોત.'

૩

૧૯૪૬માં ડૉ. ચંદ્રશેખર દર અઠવાડિએ ૧૨૦ માઇલ (૧૯૨ કિલોમીટર) મોટર ચલાવીને યર્કીઝ વેધશાળાથી શિકાગો યુનિવર્સિટી વર્ગ લેવા જતા. વર્ગમાં ફક્ત બે વિદ્યાર્થીઓ હતા. લોકોને આશ્ચર્ય થતું કે બે જ જણાનો વર્ગ લેવા માટે પ્રોફેસર આટલી બધી જહેમત શા માટે ઉઠાવે છે? ૧૧ વર્ષ પછી લોકોને તેનો જવાબ મળ્યો - આ બે વિદ્યાર્થીઓને સંયુક્ત રીતે ૧૯૫૭નું ફિઝિક્સ માટેનું નોબેલ પારિતોષિક મળ્યું ત્યારે!

૪

પ્રો. ચંદ્રશેખરના દીવાનખાનાની દીવાલ ઉપર ચાર ફોટો-ચિત્રો લગાડેલાં છે. આઈન્સ્ટાઈન, ન્યૂટન, કેમ્બ્રિજનો ખ-ભૌતિક વિજ્ઞાની મિલ્ન અને રામાનુજન. તા. ૬-૨-૧૯૬૭ના રોજ યુનાઈટેડ સ્ટેટ્સ ઑવ્ અમેરિકાનો ઉચ્ચતમ વિજ્ઞાનીનો ઍવૉર્ડ પ્રો. ચંદ્રશેખરને અર્પણ કરતાં અમેરિકન પ્રમુખ જહોનસને આ ચાર ફોટો-ચિત્રોનો ઉલ્લેખ કરીને કહ્યું હતું, 'ઘણાં વિજ્ઞાનીઓના ઘરમાં આવાં ચિત્રો જોવા મળે છે અને તે ચિત્રોમાંના મહાનુભાવો પ્રત્યે વિજ્ઞાનીના આદરના દ્યોતક છે. પણ ડૉ. ચંદ્રશેખરની બાબતમાં તો આ ચિત્રો એ મહાનુભાવો અને ચંદ્રશેખરની સમકક્ષતાનું સૂચન કરે છે.'

૫

ચંદ્રશેખર શિકાગો યુનિવર્સિટીના કેમ્પસ પરના બહુમાળી મકાનના ફ્લેટમાં તેમની પત્ની લલિતા સાથે રહે છે. અમેરિકી

નાગરિકત્વ સ્વીકાર્યા છતાં તેમનાં ભારતીય મૂળ જેવાં ને તેવાં મજબૂત છે. તે ચુસ્ત શાકાહારી છે. કેફી પીણાં પીતા નથી અને સિગારેટ-તમાકુનું પણ સેવન કરતા નથી. તે તો ગર્વથી કહે છે કે અમેરિકન યુનિવર્સિટીઓ જ્યારે જ્યારે તેમના માનમાં ભોજન-સમારંભ ગોઠવે છે ત્યારે સર્વને માટે શાકાહારી ભોજન જ પીરસે છે.

ચંદ્રશેખર પોતાને નાસ્તિક ગણાવે છે છતાં તેમની નજીકના લોકો જાણે છે કે તે નિયમિત ગીતાપાઠ કરે છે. ૧૯૩૭માં જ્યારે તે પહેલવહેલા શિકાગો યુનિવર્સિટીમાં જોડાયા ત્યારે જેવા હતા એવા ને એવા જ આજે પણ છે. આશા રાખીએ કે એવા ને એવા જ પ્રોફેસર ચંદ્રશેખર અનેક વર્ષો સુધી ખગોળસેવા કરતા રહે. પ્રોફેસર ચંદ્રશેખરનું ૨૧-૮-૯૫ના રોજ અવસાન થયું.

લાફાસપ્તાહ

તા.૨૪-૯-૯૧. આજકાલ અમદાવાદમાં કૉલેજ-પ્રિન્સિપાલોને લાફા મારવાનું સપ્તાહ ચાલે છે. કૉલેજોમાં હમણાં જ યૂનિયનની ચૂંટણીઓ પૂરી થઈ અને આ લાફા સપ્તાહ તેના અનુસંધાનમાં જ ઉજવાઈ રહ્યું છે! આશ્રમ રોડ પરની એક કૉમર્સ કૉલેજના આચાર્યે પોલીસમાં ફરિયાદ કરી કે ફલાણા વિદ્યાર્થીએ લાફો માર્યો. પોલીસે ફરિયાદ નોંધી નહિ. બીજે દિવસે રાતના આચાર્યના ઘર પર પથ્થરમારો થયો.

બીજે દિવસે બીજી એક આર્ટ્સ-કૉમર્સ કૉલેજના આચાર્યને લાફો પડ્યો. આચાર્ય દેવો ભવ! આ લાચાર આચાર્યો શું કરે? ગઈ કાલે અમદાવાદની સઘળી કૉલેજોના આચાર્યો યુનિવર્સિટીના પટાંગણમાં સવારના ૯.૦૦ થી ૧૧.૦૦ સુધી ધરણા કરવા બેઠા. આમ તો સવારના ૯.૦૦ થી સાંજના ૫.૦૦ સુધી ધરણા કરવાના હતા, પણ પેલા લાફા મારનારા તેમના ટેકેદારો સાથે ૧૧.૦૦ થી ૫.૦૦ ધરણા કરવાના હતા એટલે આચાર્યોએ તેમનો કાર્યક્રમ ૯.૦૦ થી ૧૧.૦૦ કરી નાખ્યો! ગાંધીના ગુજરાતમાં લાફો ખાનાર જો સત્યાગ્રહ કરે તો લાફો મારનારા શા માટે સત્યાગ્રહ ન કરે?

હવે તો આચાર્યો પાસે એક જ ઉપાય રહ્યો છે : 'એક ગાલે લાફો પડે તો બીજો ગાલ ધરવાનો!' આચાર્ય દેવો ભવ!! □

અનુસંધાન] અજવાળું આરપાર [પૃ. ૩૨૨થી

રમૂજ થતી હતી. કૃત્તિકાના હાથમાંથી છાપું લઈ, ગડી વાળી એક તરફ મૂકતાં એ હસ્યો, 'લાવો, માજી...'

યશોદા, જલ્પા અને આલોકના ચહેરા પર પણ સ્મિત પ્રકટ્યું. આલોક કૃત્તિકા પાસે ગયો ને બોલ્યો :

'દાદાને નમસ્તે કર...'

કૃત્તિકાએ એની નાનકડી હથેળીઓ જોડી, 'નમસ્તે...'

સુરેશે કૃત્તિકાને ખોળામાં બેસાડી. એના મુલાયમ વાળમાં આંગળાં પરોવતાં સુરેશે પૂછ્યું, 'તારું નામ શું, બેટા?'

'કૃત્તિકા.' સુરેશ ખડખડાટ હસી પડ્યો. કૃત્તિકાએ કહ્યું, 'તમારું નામ, દાદા.'

'હા, મારું નામ દાદા...' સુરેશે એને હૈયાસરસી ચાંપી દીધી ને પૂછ્યું 'તારા પપ્પાનું નામ શું?'

'છૌમિલ.'

'ને તારી મમ્મીનું નામ?'

'છૈલી.'

રૂમમાં સન્નાટો છવાઈ ગયો. યશોદાને થયું કે હવે સુરેશનું મગજ ફાટશે ગુસ્સાથી. હવે એને શાંત રાખવાનું મુશ્કેલ બની જશે. એ મસ્તક ઝુકાવી ડોક પર તલવાર વીંઝાવાની રાહ જોતી હોય તેમ નીચું જોઈ બેસી રહી. જલ્પા અને આલોક પણ ચૂપ છે.

પણ તલવાર ન વીંઝાઈ. સુરેશ કશું જ નથી બોલતો. યશોદાને આશ્ચર્ય થયું, સુરેશ કેમ કશું બોલતો નથી? આ ક્ષણે તો જ્વાળામુખી ફાટ્યા પછી ધગધગતો લાવારસ વહે તેમ એનો ક્રોધાગ્નિ શબ્દો દ્વારા વહેતો થઈ જાય. તો પછી શું થયું? યશોદામાં ઊંચું જોવાની હિંમત આવી. એણે જોયું કે જાણે કંઈ જ ન બન્યું હોય, ખાસ કશું, ગંભીર ન બન્યું હોય તેમ તે કૃત્તિકાને રમાડી રહ્યો છે. શૈલીને પણ એ આમ જ રમાડતો હતો.

અચાનક કૃત્તિકા રડવા લાગી. એણે ભેંકડો તાણ્યો, 'મમ્મી...'

સુરેશે એને તેડી લીધી અને રૂમમાં આંટા મારવા લાગ્યો, પણ કૃત્તિકાએ તો રડવાનું ચાલુ રાખ્યું, 'મમ્મી...'

'હા, આપણે તારી મમ્મીને બોલાવી લઈએ છીએ...' સુરેશ કૃત્તિકાની પીઠ થપથપાવતો બોલ્યો, 'આલોક, તું આની મમ્મીને બોલાવી આવ. કહેજે કે પપ્પા બોલાવે છે.'

યશોદાની આંખ ઝળઝળિયાંથી તરલ બની ને એને દશ્યો ઝાંખાં દેખાયાં. આવું સુખ તો એણે કલ્પ્યું પણ નહોતું. બહાર આલોકે સ્કૂટરને કીક મારી તેનો અવાજ બધે ફરી વળ્યો. યશોદાની આંખો ક્ષણ - બેક્ષણ માટે સુરેશની આંખો સાથે મળી. સુરેશની આંખોમાં ઝળાંહળાં અજવાળું છે. એ અજવાળું યશોદાની આરપાર નીકળી ગયું. □

તિબેટ-પ્રવાસની નવી લેખમાળા **સંમુખ સાગરમઠ-૨**

— પ્રીતિ સેનગુપ્તા —



કૃપાનો દષ્ટિપાત

તિબેટના ઇતિહાસ અને ભૂગોળ, ભૂતકાળ અને વર્તમાન કે એનાં સામર્થ્ય અને દુર્ભાગ્યની વાતો વર્ષોથી મનોવિચાર પર અસર કરતી રહી હતી. જ્યાં સદીઓથી હિંમતવાન વ્યક્તિઓ બધી મુશ્કેલીઓ વેઠતી, માની ના શકાય તેવાં સાહસો કરતી, પહોંચતી આવી હતી તે પ્રદેશમાં પગ મૂકવાની, એક પ્રવાસી તરીકે, મારી પણ તીવ્ર ઉત્કંઠા રહેલી હતી. તિબેટ જવાનો સંકલ્પ મનોમન કર્યો હતો. 'તિબેટ નહીં જાઉં ત્યાં સુધી અમુક નહીં કરું, તમુક નહીં કરું', એવા ખ્યાલ દઢ થયા હતા.

આમ તો, જ્યાં જવું હોય ત્યાં જઈ શકાય - ધડાક દઈને જતાં રહેવાય, જો જવું જ હોય તો. પણ એ રીતે જવું જુદું, અને કોઈ ગેબી આમંત્રણ પામીને જવું - એ જુદું. દર વર્ષે ક્યાંક નવે ઠેકાણે જવા પ્રયત્ન કરનારાં ઘણાં હશે. એવા એક જણે પછીથી મને પૂછ્યું હતું, 'કેવું છે ત્યાં ? જવા જેવું ખરું ત્યાં ?' આવા પ્રશ્નો મને છંછેડે છે. જો કોઈ પણ સ્થાન માટે આવા શંકામય પ્રશ્નો સહેલાઈથી સૂઝતા હોય, તો પછી રહેવા જ દો એ સ્થાનને. એને શું કામ હેરાન કરવું? એને કદાચ તમારે માટે પ્રશ્ન થાય : 'મળવા જેવા ખરા એ જણ ?' તો એ પૃચ્છા ખમી શકાશે ?

ના, એમ નહીં. તમે છો, સ્થાન છે, ને જાતને ભૂલીને એનામાં ભળી જવાની તમન્ના છે. કશી સરફરોશી માટે તમે તૈયાર છો. પછી એની જાણ થવા દો એ સ્થાનને, અને ધૈર્ય તથા હર્ષ સાથે રાહ જુઓ એના આમંત્રણની. ત્યારે થાય છે ખરો અર્થ ત્યાં જવાનો, એને પામવાનો.

મારી આ માન્યતા વધારે દઢ થાય એ જ રીતે તિબેટની યાત્રા ગોઠવાઈ, શરૂ થઈ, સમામ થઈ. ચીનના સમૂહ-પ્રવાસમાંના કેટલાક તિબેટ લઈ જતા હોય છે, પણ તે માંડ ચાર દિવસ માટેની, સાવ અછડતી, મુલાકાત હોય. એવાં નિયોજનો દેખાય કે તરત હું પાનું ફેરવી લઉં. પણ મેં શોધખોળ ચાલુ રાખેલી. વળી, અમેરિકામાંથી જે જે સફર વિષે જાણવા મળે તે અત્યંત મોંઘી હોય. બે અઠવાડિયાંના અમુક હજાર ડોલર પડાવી લેવાનો પેંતરો હોય. આમ તો બધી સફરો ખર્ચાળ હોય, પણ તિબેટ જેવા અનિકટના તથા અજાયબ સ્થાન માટેનો ભાવ અનહદ લાગે. જવું તો સમૂહમાં જ પડે, કારણ કે ચીની સરકાર એકાકી પ્રવાસીને પરવાનો ક્યાં આપે જ છે ?

છેવટે જે એક પ્રયાણમાં મેં નામ નોંધાવ્યું તે કાઠમંડુથી



ખૂબ ઊંચા ડોલ્મા-લા ઘાટ પર પ્રાર્થના-ધ્વજની શાંભા






મધ્ય તિબેટમાંથી મળેલું ૧૩મી સદીનું દેવી 'હરિત-તારા'નું ચિત્ર અને એક રેખાંકન

શરૂ થવાનું હતું. મહિનાઓ પહેલાં બધી વિગતો ત્યાં પહોંચાડવી પડે. મારો પરોક્ષ સંપર્ક એક નેપાળી એજન્ટ સાથે, એનો એક ચીની એજન્ટ સાથે, ને એનો ચીની સરકાર સાથે. દૂર રહ્યે રહ્યે મને બધું અનિશ્ચિત વધારે લાગે. મારે માટે તો અમેરિકાથી નેપાળ પહોંચવાનું - એ જ એક લાંબી યાત્રા જેવું. ત્યાં પહોંચું પછી જ ખબર પડવાની હતી કે પરવાનો મળ્યો છે કે નહીં, ને જવાશે કે નહીં ?

નેપાળ હું પહેલાં ગયેલી, ને મને ગમ્યું પણ હતું જ. મેં વિચાર્યું કે ફરીથી નેપાળ જાઉં તો ખરી. તિબેટનું નહીં બને તો પશુપતિનાથનાં દર્શન કરીને પાછી ફરીશ. સ્થાન જે અને જેટલી કૃપા કરે એને શિરસા વંદ્ય ગણવાની.


તિબેટ તો સંપૂર્ણ કૃપા કરવા માગતું હોય એમ જ સમય વર્ત્યો, નહીં તો અત્યંત શુભ શુકનથી શરૂઆત ક્યાંથી થાય આવી અભૂતપૂર્વ યાત્રાની ? નિયત દિવસની બપોરે કાઠમંડુ જતું વિમાન દિલ્હીના મથકેથી એક કલાક મોડું ઊપડ્યું. તો શું થયું ? મોક્ષ-પ્રાપ્તિ માટે કેટલીયે રાહ જોવી પડે. અને સાચે જ, મારા પ્રવાસી જીવનમાં તિબેટની યાત્રાનું મૂલ્ય, અને મહત્ત્વ, ચરમની પ્રાપ્તિ સમાન જ હતું.



વિમાન ઊપડ્યું ત્યારે આખા આકાશમાં, કંતાયેલાં રૂ જેવાં, સફેદ વાદળ હતાં. કેટલાંકનો આકાર લાંબી-ઊંચી ચીમની જેવો હતો. એ વાદળોમાં જાણે માથું મારીને હિમાચ્છાદિત શૃંગ-શૃંખલા એમની ઉપરે નીકળી આવી હતી. સદ્‌ભાગ્યે હું વિમાનમાં ડાબી તરફ બેઠી હતી. વર્ણવી પણ ના શકાય તેવો રોમાંચ તો ત્યારે અનુભવ્યો જ્યારે આવિર્ભૂત થયો એ ઉત્તુંગ આકાર કે જેને દુનિયા એવરેસ્ટ કહે છે. મહાગિરિનાં ત્રણ શિખરોનો સંપુટ ત્રિકોણી સ્વર્ગીય મુકુટ જેવો ભાસતો હતો. સંપૂર્ણ સ્પષ્ટ અને સુરેખ અને સુવિશિષ્ટ અને અહો, અપૂર્વ જાજ્વલ્ય થકી શોભાયમાન.

કેવું વિરલ દર્શન ! યાત્રાને આરંભે જ કેવી આ પરમ કૃપા ! હંમેશાં આ શક્ય નથી જ બનતું, પણ મારા સૌભાગ્યે મને પર્યાવરણ તથા પ્રકાશનો ઈશત્ સમન્વય પ્રાપ્ત થયો હતો, ને એ જ કારણે મને જોવા મળ્યો હતો એ મહોચ્ચ ગિરિ-ત્રિકૂટ. નહોતું એ દિવાસ્વપ્ન, નહોતો એ દૃષ્ટિભ્રમ. ખરેખર જ સાક્ષાત્કાર હતો એ.

પ્રતિદિન, પછી તો, એ દર્શનની સ્મૃતિ સાથે જ રહી. એટલું જ નહીં, એ ગિરિવર્ય પછી પણ કેટલીક વાર દૃશ્યમાન થયો હતો. અંતર્ગત, તેમજ બહિર્ગત, રીતે એ સંમુખ રહ્યો હતો. માઉન્ટ એવરેસ્ટનું નામ નેપાળમાં 'સાગરમઠ', અને પછી જાણવા મળ્યું એ પ્રમાણે, તિબેટમાં એને 'ચોમોલોન્ઝો' કહે છે, અને ચીની ભાષામાં એ 'ચોમોલુન્ગ્મા' કહેવાય છે. નામરૂપ કેવાં જૂજવાં છે એનાં ! અત્યંત સંમોહક હતું એનું દૃષ્ટિગત થવું. તિબેટની યાત્રાનું કદાચ સૌથી અર્થપૂર્ણ અંગ બન્યું એકથી વધારે વાર થતું રહેલું એવરેસ્ટનું દર્શન. એ દ્વારા પ્રેરણા મળી આ લેખમાળાના શીર્ષકની.



← સાગરમઠ (એવરેસ્ટ) અને તેનો આભથી પણ ઊંચો શૃંગ-સંપુટ

કાઠમંડુ હું છ દિવસ રહી. નેપાળ વિષેની વાતો પણ બહુ રસપ્રદ છે. એમાં સરી જવાનો લોભ અહીં ખાળું છું, પણ છેલ્લી સાંજે થયેલા એક અનુભવનો ઉલ્લેખ કરી લઉં, કારણ કે એને પણ શુકનમાં સહેલાઈથી ગણી શકાય. નેપાળમાં હિન્દુ તથા બૌદ્ધધર્મ પ્રમાણેનાં દેવદેવીઓ તો છે જ, પણ ત્યાં 'જીવંત દેવી' પણ પૂજાય છે. આઠ-નવ વર્ષની 'બત્રીસ લક્ષણી' કુમારિકાને આ સ્થાને સ્થાપિત કરવામાં આવે છે, અને મોટા એક મકાનના ઉપરના માળે વસાવી દેવામાં આવે છે. હિન્દુઓને જ એનાં દર્શન કરવા જવાનો અધિકાર છે અને એના ફોટા લેવાની મનાઈ હોય છે. આખા વર્ષમાં ચાર જ વાર 'કુમારી' તરીકે ઓળખાતી આ બાલિકા ઘરની બહાર નીકળવા પામે છે - તે પણ કલાક-કલાક માટે જ, અને સરઘસના સ્વરૂપે. એના પગ જમીન પર પડવા દેવામાં આવતા નથી. એને ઊંચકીને પાલખીમાં બેસાડાય છે. ચાર પુરુષો પાલખી ખભ્ભે ઉપાડી લે છે, અને 'થામેલ' કહેવાતા જૂના ભાગની ગલીઓમાં, ઉતાવળે પગે, 'કુમારી'ને ફેરવી લેવામાં આવે છે.

એ સાંજે મને ઠીક નહોતું લાગતું અને હું હોટેલ તરફ પાછી ફરતી હતી ત્યારે 'કુમારી'ના ગૃહ પાસે ભીડ થવા માંડેલી. એ પણ સદ્ભાગ્ય કે બરાબર સમયસર હું એ જગ્યાએ હતી. પછી તો થોડી રાહ જોઈ જ લેવાની હોયને. વર્ષમાં જે ચાર વાર એ બાલિકા બહાર નીકળવા પામતી હતી, તેમાંની એક વારનો એ કલાક હતો. એનાં દર્શનની આખી વાત ઘણી લાંબી થશે, પણ એટલું કહું કે ગામનું લોક જાણે ઘેલું થયું હતું. ને હું પણ. ઉતાવળે લઈ જવાતી પાલખીની આગળ હું દોડતી, કે જેથી પાછળ ફરીને એ કુમળું, સુંદર મુખ જોઈ શકું. મારા કેમેરામાં છેલ્લા બે જ ફોટા બાકી હતા. પણ બે તો હતા ને! 'કુમારી'ને તસ્વીરમાં ઝડપવાની એ તક મને મળી તો ખરી જ ને.

એ જાહેરમાં, અને અવગુંઠન વગર હતી, મ્લેચ્છ આંખો પણ એના પર પડી શકે તેમ હતી, તેથી જ પાલખી એટલી બધી દ્રુત ગતિએ લઈ જવાતી હશે. મને 'જીવંત દેવી-કુમારી'નાં વિરલ દર્શન થઈ ગયાં. મેં એને તિબેટની યાત્રા માટેનો શુભ સંકેત ગણ્યો.

પછીની સવારે યાત્રા શરૂ થવાની હતી. મહિનાઓની પ્રતીક્ષા પૂરી થવાની હતી અને વર્ષોની ઇચ્છા. પણ એ રાતે તો લાગ્યું કે યાત્રા સફળ નહીં થાય. આખી રાત એક મટકું પણ ના આવ્યું. કમ્મર ખૂબ દુઃખતી હતી. ગળું ખૂબ દુઃખતું હતું. કદાચ તાવ આવવાનો હતો. એ રાતે મને ડર લાગી ગયો. મેં પશુપતિનાથને પ્રાર્થના કર્યા કરી કે જેને માટે લાંબા સમયથી આટલી આશા સેવી હતી તે બધા દિવસો સાવ નકામા ના જાય.

લઘુકથા

દાન

દુર્ગેશ ઓઝા

કુટુંબીજનો પોતાના માટે નવી શાલ ખરીદી લાવ્યાં છે એની જાણ થતાં જ હરિપ્રસાદે પોતાની જરીપુરાણી શાલ પરની પકડ વધુ મજબૂત બનાવી દીધી. કોઈ પણ હિસાબે એ જૂની શાલ છોડવા તૈયાર નહોતા.

'પિતાજી... આ શાલમાં ઠેકઠેકાણે કાણાં પડી ગયાં છે. સાવ નકામી, જર્જરિત થઈ ગઈ છે. કોઈ જુએ તો અમને ય હવે શરમ આવે. હવે આ જૂની શાલ ઠંડીમાં ધ્રૂજતા પેલા ગરીબ રઘુને આપી દો.'

પોતાની પ્રિય શાલ આપી દેવાની વાત સાંભળતાં જ હરિપ્રસાદે એને શરીર પર કસોકસ લપેટી લીધી ને નકાર સંભળાવ્યો. બધાં બબડવા લાગ્યાં :

'આ ઉંમરે ય માયા છોડવી નથી. માણસ જતી જિંદગીએ દાન-પુણ્યનો વિચાર કરે, પણ પિતાજીને જૂની શાલ સુધ્ધાં નથી છોડવી. હવે તો મમત મૂકો!'

બીજા દિવસે અચાનક હરિપ્રસાદ કુટુંબીજનોની વાત સ્વીકારવા તૈયાર થઈ ગયા ને બધાં સાથે મળીને રઘુને ત્યાં ચાલ્યાં.

રઘુ તો પોતાના શરીર પર આવી પડેલી શાલ જોઈને આનંદમાં આવી ગયો, ને કુટુંબીજનો સ્તબ્ધ થઈ ગયાં! હરિપ્રસાદ સંતોષભરી દૃષ્ટિ સાથે મલક્યાં. રઘુ નવી શાલમાં સરસ લાગતો હતો. □

વહેલી સવારે ચીની એજન્ટની ઑફિસે પહોંચવાનું હતું. ત્યાં જૂથનાં બધાં સદસ્ય ભેગાં થયાં - ચાર અમેરિકન, આઠ યુરોપી સ્ત્રી-પુરુષ, એક ઑસ્ટ્રેલિયન, અને એક ભારતીય. કાઠમંડુના વિમાનમથકે બીજાં થોડાં પરદેશીઓ પણ જોયાં. દર અઠવાડિયે સોએક જેટલાં પાશ્ચાત્ય જણ કાઠમંડુથી લ્હાસા જતાં હશે એમ મેં અનુમાન કર્યું.

વિમાન આખું ભરાયું નહીં. બધાં બારી પાસે બેસી શક્યાં. મેં કેમેરાને બહાર કાઢીને તૈયાર રાખ્યો. અને અલબત્ત, નગાધિરાજે અમને નિરાશ ના જ કર્યાં. થોડી જ ક્ષણો પછી, ધવલ વાદળોની જાજમની ઉપર ઊઠતું એ સર્વોચ્ચ શિખર દૃષ્ટિગોચર થયું જ. એકદમ વિશદ, જો કે દૂર. વિમાન ગોળાકારે દિશા બદલતું ગયું અને સાગરમઠના ઉન્નત મુખનાં અન્યોન્ય પાસાં દેખાતાં ગયાં. અદ્ભુત અને પારલૌકિક હતો એ સાક્ષાત્કાર. ખાસ્સો લાંબો સમય થયા કર્યું એ દર્શન.

ઈપ્સિત એ યાત્રાને આરંભે એક વિશિષ્ટ અનુગ્રહને પાત્ર હું બની હતી. ઈશ્વરીય ઈંગિત પ્રાપ્ત થયું હતું પ્રયાણને. □



માંકડ નાનો, પણ ભલભલા ભૂપની પણ ઊંઘ હરામ કરી નાખે છે. તેને કાયમ માટે દૂર કરવા જંતુનાશક દવાનો જ ઉપયોગ કરવો પડે. Y2K (Year 2000 Kilobyte) નામના માંકડે (bug) કમ્પ્યૂટર કંપનીઓ, તજ્જ્ઞો અને ઉપભોક્તાઓની ઊંઘ ઉડાડી દીધી છે. આ માંકડ (સમસ્યા)ને દૂર કરવા માટે વિકસિત દેશો તડામાર તૈયારીઓ કરી રહ્યા છે. તેમને ક્યારે અને કેટલી સફળતા મળશે તે તો સમય જ કહેશે. કમ્પ્યૂટરનાં કામોના નિયમન માટે સાંકેતિક સૂચનાઓની યાદી તૈયાર કરનારને પ્રોગ્રામર કહે છે. વર્ષ ૨૦૦૦ નજીક આવતું જાય છે તેમ કમ્પ્યૂટર્સના પ્રોગ્રામર્સ ટૂંકા રસ્તા શોધવા માટે વ્યગ્રતા સાથે આગળ વધી રહ્યા છે. સહસ્ત્રાબ્દિ (millenium)નો આ માંકડ બધાની પાછળ પડી ગયાનો સૌને સતત ભય છે. ઘડિયાળમાં વર્ષ ૨૦૦૦નો પ્રથમ ટકોરો થશે ત્યારે આ માંકડ (કે ભૂત) પ્રકટ થશે. વર્ષ ૨૦૦૦ પછી પણ આ માંકડ પીછો છોડશે કે નહીં તેની કોઈ પ્રોગ્રામરને ખાતરી નથી.

Y2K નામના માંકડનો ઉદ્‌ભવ ક્યાંથી અને કેવી રીતે થયો તે જાણવું જોઈએ. 'ટૂંકો રસ્તો' એ આ સમસ્યાનું મૂળ છે. કમ્પ્યૂટરની સંચયવ્યવસ્થા (memory)માં જગા બચાવવા જતાં આ આફતજનક પરિસ્થિતિનું નિર્માણ થયું છે. હકીકતમાં જગાની બચતના ખ્યાલ અને તેના અમલથી આપણે આજે ટૂંકી દૃષ્ટિવાળા પુરવાર થવા લાગ્યા એ Y2K સમસ્યા શું છે?

કમ્પ્યૂટર-ઉદ્યોગના ક્ષેત્રે સંખ્યાનો સંક્ષિપ્તમાં નિર્દેશ કરવાની પદ્ધતિ Y2K - સમસ્યાનું મૂળ છે. વર્ષો પહેલાં તૈયાર કરેલા કમ્પ્યૂટરોમાં વર્ષ (સાલ)ને ૪ આંકડાને બદલે ૨ આંકડા વડે દર્શાવવાની પ્રથાનો સ્વીકાર કરવામાં આવ્યો હતો તેમાં. એટલે કે ૧૯૪૭ને માત્ર ૪૭ વડે દર્શાવાય છે અને તેની આગળની સંખ્યા ૧૯ અધ્યાહાર ગણવામાં આવી છે.

અમેરિકન પ્રથા પ્રમાણે જુલાઈ ૪, ૧૯૭૯ને ૦૭/૦૪/૭૯ એટલે મહિનો/તારીખ/વર્ષ એમ લખાય છે. મે ૨૯, ૧૯૭૨ને આ પ્રથા મુજબ ૦૫/૨૯/૭૨ એટલે કે માહિનો/તારીખ/વર્ષ એમ લખાય છે. ૧૯૦૧ થી ૧૯૯૯ની સાલો દર્શાવવા માટે પ્રથમ બે આંકડા (૧૯)ને અધ્યાહાર રાખવા અને કમ્પ્યૂટરમાં માત્ર પાછળના બે આંકડા (૦૧થી૯૯) લખવાનો રિવાજ ચાલુ કર્યો. આ અધ્યાહાર એટલે કે બે આંકડાની પ્રથાએ આજે કમ્પ્યૂટરોને અંધાધૂંધીના આરે ધકેલી દીધાં છે. લખાણમાં ૪ આંકડાની પદ્ધતિનો ઉપયોગ કરનાર કમ્પ્યૂટરોમાં Y2K સમસ્યાનું નામોનિશાન શક્ય નથી.

સાલ માટે ૪ ને બદલે ૨ આંકડા લખવાનો આશય કમ્પ્યૂટરમાં જગા બચાવવાનો રહ્યો છે. કમ્પ્યૂટરમાં પ્રત્યેક આંકડા (બાઈટ)નું મહત્ત્વ હોય છે. એટલે કે બે આંકડા બચાવવાથી કમ્પ્યૂટરમાં એકંદરે જગાની ઘણી મોટી બચત થાય છે. કમ્પ્યૂટરમાં સાલના પહેલા બે આંકડા (૧૯)ને અધ્યાહાર રાખવા અને પછીના બે આંકડાને લખવાની પ્રથા વૈશ્વિક બની. આમ કરતાં કોઈએ એટલું વિચારેલું નહીં કે ૨૦૦૦ની સાલ કમ્પ્યૂટરમાં, આ પ્રથા પ્રમાણે લખતાં કેવો ભારે ગોટાળો થશે! જેમ કે, ડિસેમ્બર ૩૧, ૧૯૯૯ માટે ૩૧/૧૨/૯૯ લખાશે પણ તે જ દિવસે મધ્યરાત્રિએ બાર વાગ્યા પછી જાન્યુઆરી ૧, ૨૦૦૦ થશે અને આ પ્રચલિત પ્રથા પ્રમાણે કમ્પ્યૂટર તો ૦૧/૦૧/૦૦ દર્શાવશે. અહીં ૦૧/૦૧/ એટલે જાન્યુઆરીની પહેલી તારીખ એટલું સ્પષ્ટ છે પણ ૦૦ એટલે કયું વર્ષ ગણવું?

કમ્પ્યૂટર તો (બે આંકડાની) સ્વીકૃત પ્રથા મુજબ ૦૧/૦૧/૧૯૦૦ દર્શાવશે. અને ૧૯૦૦નું વર્ષ વંચાશે તેમ થવાનું કારણ કમ્પ્યૂટર સાલના છેલ્લા બે આંકડા ૦૦ દર્શાવશે અને આગળના બે આંકડા (૧૯) અધ્યાહાર છે માટે પરિણામે ૧૯૦૦ની સાલ વંચાશે. સાચી વાત તો એ છે કે કમ્પ્યૂટરમાં ૦૧/૦૧/૨૦૦૦ એમ લખાવું જોઈએ, જેથી અનર્થ ન થાય. પણ મોટા ભાગનાં જૂનાં કમ્પ્યૂટરમાં વર્ષ માટે ૪ આંકડા લખવાની જોગવાઈ જ નથી. ટૂંકમાં, ચાલુ પ્રથા પ્રમાણે જાન્યુઆરી ૧, ૨૦૦૦ કમ્પ્યૂટર ઉપર ૦૧/૦૧/૦૦ લખાશે અને ૦૧/૦૧/૧૯૦૦ સમજાશે.

બીજું, જાન્યુઆરી ૧, ૨૦૦૦ના રોજ શનિવાર આવે છે. કમ્પ્યૂટર માટેની કેટલીક ચિપ્સ, જેનો બેન્કના વૉલ્ટ માટે ઉપયોગ થાય છે, તે તો શનિવારને બદલે સોમવાર બતાવશે કારણ કે સ્વીકૃત પ્રથા મુજબ ૦૧/૦૧/૧૯૦૦ના રોજ સોમવાર હતો. વાર અને તારીખ વચ્ચે મેળ થશે નહિ અને પરિણામે સમયપત્રકમાં ગોટાળો ઊભો થશે.

ફેબ્રુઆરી ૨૯, ૨૦૦૦ની પરિસ્થિતિ પણ વિચિત્ર બનશે, કારણ કે ૨૦૦૦નું વર્ષ પ્લુત (લીપ) વર્ષ છે. કેટલાંય કમ્પ્યૂટરોમાં આ બાબતનો ખ્યાલ કરવામાં આવ્યો નથી. ૦૧/૦૧/૦૦

BUG XLS

સારણી : શ્રી પરેશ જાની, બી.ઈ., એમ.બી.એ.

1985	100000	30	7,23%	74019	-8 244,86							
					8 244,86							
00000	7,23%	8 245		100000	7,23%							
	Interest	Principal	Balance		Interest	Total						
1986	7229	1016	98984	1	7229	107229	31	58675	870336	61	476246	7064182
1987	7156	1089	97895	2	7752	114981	32	62917	933254	62	510674	7574856
1988	7077	1168	96727	3	8312	123293	33	67465	1000719	63	547591	8122447
1989	6992	1252	95475	4	8913	132206	34	72343	1073062	64	587176	8709623
1990	6902	1343	94132	5	9557	141763	35	77572	1150634	65	629624	9339247
1991	6805	1440	92692	6	10248	152011	36	83180	1233814	66	675140	10014386
1992	6701	1544	91147	7	10989	163000	37	89193	1323007	67	723946	10738332
1993	6589	1656	89492	8	11783	174783	38	95641	1418648	68	776280	11514612
1994	6469	1775	87716	9	12635	187418	39	102555	1521203	69	832398	12347010
1995	6341	1904	85812	10	13549	200967	40	109969	1631171	70	892573	13239583
1996	6203	2041	83771	11	14528	215495	41	117918	1749090	71	957097	14196680
1997	6056	2189	81582	12	15578	231073	42	126443	1875532	72	1026286	15222966
1998	5898	2347	79235	13	16704	247778	43	135583	2011116	73	1100477	16323443
1999	5728	2517	76718	14	17912	265690	44	145385	2156501	74	1180031	17503474
2000	5546	2699	74019	15	19207	284897	45	155895	2312395	75	1265336	18768811
2001	5351	2894	71125	16	20595	305492	46	167164	2479560	76	1356808	20125619
2002	5142	3103	68022	17	22084	327576	47	179249	2658808	77	1454893	21580512
2003	4917	3328	64694	18	23681	351257	48	192207	2851015	78	1560068	23140579
2004	4677	3568	61126	19	25393	376649	49	206102	3057117	79	1672846	24813425
2005	4419	3826	57300	20	27228	403878	50	221001	3278117	80	1793777	26607202
2006	4142	4103	53198	21	29197	433074	51	236977	3515094	81	1923450	28530652
2007	3846	4399	48798	22	31307	464381	52	254108	3769203	82	2062497	30593149
2008	3528	4717	44081	23	33570	497952	53	272478	4041680	83	2211596	32804746
2009	3187	5058	39023	24	35997	533949	54	292175	4333856	84	2371474	35176220
2010	2821	5424	33599	25	38599	572548	55	313297	4647153	85	2542909	37719129
2011	2429	5816	27783	26	41390	613938	56	335945	4983098			
2012	2008	6236	21547	27	44382	658320	57	360231	5343329			
2013	1558	6687	14860	28	47590	705911	58	386272	5729602			
2014	1074	7171	7689	29	51031	756941	59	414196	6143798			
2015	556	7689	0	30	54720	811661	60	444139	6587936			

એટલે સ્વીકૃત પ્રથા મુજબ ૦૧/૦૧/૧૯૦૦ થાય અને ૧૯૦૦નું વર્ષ લીપ વર્ષ નહોતું. આથી લીપ વર્ષના ખ્યાલનો સુધારો પણ અનિવાર્ય છે.

ડિસેમ્બર ૩૧, ૧૯૯૯ના રોજ રાત્રે ૧૨ વાગ્યા પછી બે ઘટનાઓની શક્યતા છે : (૧) કોઈ પણ જાતની સમસ્યા ઊભી ન થાય અને કમ્પ્યૂટર યથાવત્ કાર્ય કરતું રહેશે. ૪ આંકડાનો ઉપયોગ કરનાર કમ્પ્યૂટરમાં આવું બને. (૨) કમ્પ્યૂટરનું સમગ્ર તંત્ર ખાડે જાય.

કમ્પ્યૂટર કાર્ય કરે પણ વિચિત્ર રીતે. જાન્યુઆરી ૧, ૨૦૦૦ લખાશે ૦૧/૦૧/૦૦ પ્રમાણે અને સ્વીકૃત પ્રથા મુજબ સમજાશે ૦૧/૦૧/૧૯૦૦. આમ તો ભારે ગોટાળો થાય.

ધારો કે એક વ્યક્તિ રૂ. ૧,૦૦,૦૦૦ લોન ૧૯૮૫ના જાન્યુઆરીની પહેલી તારીખે લે છે. તેને ૩૦ હપ્તામાં ૨૦૧૫માં પૂરી પરત કરવાની છે. Y2K નો માંકડ આ વ્યક્તિને એવો ચટકો ભરશે કે જેથી તેના કદાચ રામ રમી જાય.

	ચાલુ સુધારો કર્યા વિનાનું સૉફ્ટવેર	સુધારાવાળું સૉફ્ટવેર
ચાલુ વર્ષ	૦૦	૨૦૦૦
લોન લીધાનું વર્ષ (-)	૮૫	- ૧૯૮૫
બાકી લોનનાં વર્ષ	- ૮૫	૧૫
બાકી બેલેન્સ	રૂ.૩,૭૭,૧૮૭,૩૪૧	રૂ.૭૪,૦૧૯

સુધારેલા સૉફ્ટવેર મુજબ તેની લોન ઈ. ૨૦૧૫માં ભરપાઈ થઈ જશે. પણ ચાલુ (વણસુધારેલા) સૉફ્ટવેર મુજબ વ્યક્તિને ૩,૭૭,૧૮૭,૩૪૧ રૂપિયાનું બિલ પકડાવશે. કેવો ભયંકર ગોટાળો!!

કમ્પ્યૂટરમાં માહિતી ઠાંસીઠાંસીને ભરવામાં આવે છે. જેમ કે બ્રિટાનિકા જ્ઞાનકોષનાં ૩૦,૦૦૦ પૃષ્ઠ ઉપર સમાવેલી માહિતીને કમ્પ્યૂટરની સંક્ષિપ્ત (નાની) ડિસ્ક (CD) ઉપર સરળતાથી સંચિત કરી શકાય છે. ઉપરાંત કોઈ પણ માહિતી સેકન્ડના છઠ્ઠા ભાગમાં પરત મેળવી શકાય છે. કમ્પ્યૂટરની સંચય-પ્રણાલીમાં જ્યાં આટલી બધી વિગતો ઠાંસોઠાંસ ભરેલી હોય ત્યાં કોઈ પણ તારીખ, મહિનો કે વર્ષ કેવી રીતે બદલવાં તે મોટી સમસ્યા છે. ઈ. ૨૦૦૦નું વર્ષ શરૂ થાય ત્યારે કમ્પ્યૂટર પ્રણાલી રાબેતા મુજબ કાર્ય કરે તો કોઈ તકલીફ નથી. પણ આ સમસ્યાને કારણે કમ્પ્યૂટરતંત્ર ઠપ થઈ જાય તો કમ્પ્યૂટર-આધારિત તમામ કાર્યક્રમોમાં ભારે વિક્ષેપ પડે.

વિદ્યુતમથક કમ્પ્યૂટર-સંચાલિત હોય અને વિદ્યુત પાવર કમ્પ્યૂટરના સંચાલન મુજબ મળતો હોય તો કમ્પ્યૂટર બંધ પડે. વિદ્યુત-પુરવઠો તરત જ મળતો બંધ થઈ જશે. આજના વિદ્યુતપરસ્ત યુગમાં વિદ્યુત ન મળતાં શું શું થાય તેની કલ્પના ધ્રુજાવી નાખે તેવી છે. વિદ્યુતપાવર ઉપર આધાર રાખનાર જીવનવ્યવહારની સામાજિક, સરકારી, વ્યાવસાયિક, વૈજ્ઞાનિક, નાણાંકીય, પરિવહન વગેરેની પ્રત્યેક પ્રવૃત્તિ ઠપ થઈ જશે. એક અંદાજ પ્રમાણે અમેરિકામાં બધા ધંધાઓનો ૫ ટકા ભાગ ઠપ થઈ જશે, ત્યારે તેની કેટલીય પોલ બહાર પડશે. ડિસેમ્બર ૩૧, ૧૯૯૯ની મધ્યરાત્રિએ હવાઈ યાતાયાત નિયંત્રણ-પ્રણાલી ઠપ થઈ જતાં વિમાનો પોતાની સાચી દિશા ન શોધી શકે તેવું પણ બને. તો અને ત્યારે કેવું પરિણામ આવશે ?

સમગ્ર કમ્પ્યૂટર સંસ્કૃતિ વિરામ કરતી થઈ જાય તેવું બને. કમ્પ્યૂટરને લાગનાર ગ્રહણ કેટલું લાંબું હશે તે તો આજે કહી શકાય નહીં. આ રીતે Y2K એક ઐતિહાસિક સમસ્યા છે, જેનો સંપૂર્ણ ઉકેલ મળે તો આધુનિક કમ્પ્યૂટર-વિજ્ઞાનનો વિજય સીમાચિહ્ન બની રહેશે. પ્રત્યેક કમ્પ્યૂટર-ઉપભોક્તાની આ સમસ્યા હશે, એથી તેનો ઉકેલ વહેલામાં વહેલી તકે શોધવો રહ્યો. તેના ઉકેલ માટે અમેરિકાને અંદાજે ૬૦૦ અબજ ડૉલર (૨૫૦૦૦ અબજ રૂપિયા)નો ખર્ચ થશે.

ખેરખાં કંપનીઓ પણ આ સમસ્યાના સાંગોપાંગ ઉકેલ માટે વિશ્વાસ ધરાવતી નથી. એવા સંજોગોમાં તેના ઉકેલ માટે ઠેરઠેર બિલાડીના ટોપની જેમ સલાહકારો ફૂટી નીકળશે અને કેટલાય કમ્પ્યૂટર-ગ્રાહકોને શીશામાં ઉતારશે.

કેટલાંક કમ્પ્યૂટર માણસ સાથે આંતરક્રિયા કરતાં નથી. પણ એક કમ્પ્યૂટર બીજા કમ્પ્યૂટકર સાથે આંતરક્રિયા કરી શકે છે. એટલે કે કમ્પ્યૂટર નેટવર્ક ઉપર માહિતીનું આદાનપ્રદાન શક્ય છે. ઉપરાંત કમ્પ્યૂટર સંવેદક (sensor) જેવી બીજી પ્રયુક્તિ પાસેથી માહિતીની આપ-લે કરી આંતરક્રિયા કરી શકે છે. આવી પ્રણાલીને અંતઃસ્થાપિત તંત્ર કહે છે. આ પ્રણાલીઓ (જેમ કે મોબાઈલ ફોન)નો ચાલુ મોટર કે વિમાનમાં કોઈ પણ સમયે ઉપયોગ કરી શકાય છે. આવી બધી જ પ્રચ્છન્ન પ્રણાલીઓને Y2K સમસ્યા નડશે. ૦૧/૦૧/૦૦ ની ગેરસમજ દૂર કરવા માટે કામચલાઉ ધોરણે, મહત્ત્વના અહેવાલના મથાળે 'Forecast 01 1900' એમ છાપવાથી ગેરસમજને અવકાશ રહેશે નહીં.

જુદી જુદી બારીઓ ખોલવાથી જુદા જુદા વિસ્તાર દૃષ્ટિગોચર થાય છે. તેના આધારે એક ચિત્ર તૈયાર થઈ શકે છે. તે રીતે કમ્પ્યૂટરમાં એકસાથે કેટલાક પ્રોગ્રામ વડે કંઈક અર્થપૂર્ણ કાર્ય થઈ શકે છે. આ પદ્ધતિને windowing (બારીઉઘાડ) કહે છે. Y2Kની વિકટ પરિસ્થિતિમાં windowing અલ્પાંશે મદદરૂપ થાય તેમ લાગે છે.

જ્યાં વધુ પ્રમાણમાં કમ્પ્યૂટરનો ઉપયોગ થાય છે ત્યાં વધુ જટિલતાઓ પેદા થશે. યુ.એસ. એક હાઈ-ટેક રાષ્ટ્ર છે તે છતાં ત્યાં વધુમાં વધુ અંધાધૂંધી ફેલાશે, કારણ કે કમ્પ્યૂટર તેના જીવનનો પર્યાય બની રહ્યું છે. યુ.એસ.ની પરિસ્થિતિ વિકટ હોય તો અન્ય વિકસિત અને વિકસતાં રાષ્ટ્રોની સ્થિતિ કેવી થશે ? યુ.એસ. અને બીજા વિકસિત દેશોમાં બધા જ વ્યવહારો યંત્ર અને કમ્પ્યૂટર-સંચાલિત હોઈ તે બધા લકવાગ્રસ્ત બની રહે એવું બને. એ દૃષ્ટિએ વિકસતાં રાષ્ટ્રો જ્યાં ઘણાખરા વ્યવહારો હસ્તસંચાલિત (manual) છે ત્યાં પ્રમાણમાં ઓછી મુશ્કેલીઓ સર્જાશે.

Y2Kનો ખ્યાલ આવતાં છેલ્લા કેટલાક સમયથી કમ્પ્યૂટરો ૪ આંકડાની પ્રણાલીનો ઉપયોગ કરતાં થયાં છે. એટલે કે મહિનો/તારીખ/વર્ષ પ્રત્યે તે ખાસ સંવેદનશીલ નથી. આવાં કમ્પ્યૂટરોને કશી તકલીફ નહીં પડે. પણ આવાં કમ્પ્યૂટરો બે આંકડાની પ્રણાલીવાળાં કમ્પ્યૂટરો સાથે વ્યવહાર કરી શકશે નહીં. મહિનો/તારીખ/વર્ષ પરત્વે સંવેદિતા (sensitivity) નહીં ધરાવતા ૨ આંકડાવાળાં કમ્પ્યૂટર સાથે કામ લઈ શકાશે.

Y2K સમસ્યાથી મહાપ્રલય થવાની શક્યતા નથી. માનવસંસ્કૃતિ લય પામશે નહીં. બની શકે કે કમ્પ્યૂટર-સંસ્કૃતિ ખોડંગાય. ઓછેવત્તે અંશે અરાજકતા પ્રવર્તશે. તેની સામે તકેદારીનાં પગલાં લઈ શકાશે. જેમ કે ફ્લૉપી ઉપરથી તમામ વિગતોની કાગળ ઉપર નોંધ કરી લેવી; બૅંકમાં જમા રકમ, શાખ-કાર્ડ પ્રથા અને અન્ય બિલોની નોંધ કરી લેવી, રોજબરોજના વ્યવહાર માટે ઘરમાં પૂરતી રોકડ રકમ રાખવી; ગૅસ, પેટ્રોલની વ્યવસ્થા કરી રાખવી.

જાન્યૂઆરી ૧, ૨૦૦૦ પછી ટેક્નોલૉજિ સમક્ષ મોટા પડકારો આવશે. Y2Kની સમસ્યાની ગંભીરતા જેમ ઓછી થતી જશે તેમ ૨૦૦૦નું વર્ષ ટેક્નોલૉજિ માટે નવા યુગની શરૂઆતરૂપ થશે.

Y2Kનો ઉચાટ અને અજંપો વધતો જાય છે. બધી હસ્તસંચાલિત વ્યવસ્થાઓ માટે મોટી કંપનીઓએ સારા મુનીમોની આજથી જ શોધ કરવી રહી. જેમને કમ્પ્યૂટર સાથે કોઈ પણ જાતનો સીધેસીધો કે આડકતરો વ્યવહાર નથી તેને ચિંતા કરવાની જરૂર નથી.

ભારત સરકારે તેના છેલ્લા આ વર્ષના અંદાજપત્રમાં આ Y2Kની સમસ્યા હલ કરવામાં લાગેલી કંપનીઓ અને વ્યક્તિઓને નાણાંકીય રાહત આપવાની જોગવાઈ જાહેર કરી છે. ◻

ડૉ. આર.ટી. સાવલિયા

સિંધુ સંસ્કૃતિ ભારતના વિશાળ ભૂખંડમાં ફેલાયેલી છે. પંજાબ, પૂર્વમાં દિલ્હી, ઉત્તર-પશ્ચિમમાં બલુચિસ્તાન, પશ્ચિમે મકરાણ કિનારો, કચ્છ-સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં નર્મદા અને તાપી નદીઓનાં મુખ સુધી આ સંસ્કૃતિ પથરાયેલી હતી. અગાઉ આ સંસ્કૃતિ સિંધુ સંસ્કૃતિ કહેવાતી, પછીથી એના એક સ્થાન હડપ્પા પરથી 'હડપ્પીય સંસ્કૃતિ' તરીકે ઓળખાવા લાગી. પશ્ચિમ અને ઉત્તર ભારતના માઈલોના વિસ્તારમાં પથરાયેલી આ સંસ્કૃતિ જગતની એક વિશાળ વિસ્તાર ધરાવતી સંસ્કૃતિ છે. આ સંસ્કૃતિ સુવિકસિત સંસ્કૃતિ હતી. એમાં નાનાંમોટાં અનેક નગરો અને સેંકડો ગામો હતાં. આ બધાંમાં એકસરખાં માટીનાં વાસણો, કાચી કે પાકી ઈંટોનાં ઘરો, કૂવાઓ, ગટર વગેરેની યોજના હોવાનું જણાયું છે. દરિયાઈ વેપાર માટે બંદરો હતાં. લોથલ એમાંનું એક અદ્વિતીય બંદર હતું.

હડપ્પા અને ત્યાર બાદ મોહેં-જો-દડોમાં તટબંધી-કિલ્લેબંધીના કેટલાક અવશેષો પ્રાપ્ત થયા છે. આવા જ અવશેષો મકરાણ કિનારા પાસે સોતકાકોહ અને સુત્કા જેદોરમાં પ્રાપ્ત થયા છે. ત્યાર બાદ સિંધમાં કોટડીજી અને રાજસ્થાનમાં ગંગાનગર જિલ્લાના કાલિબંગનના ખોદકામમાંથી પથ્થર, કાચી-પાકી ઈંટોના તટબંધીના પુરાવશેષો મળ્યા છે. આ ઉપરથી પુરવાર થાય છે કે એ વખતના ઇજનેરો અને સ્થાપત્યકારો કેવા પ્રકારની તટબંધી કરવી તે સારી રીતે જાણતા હતા.

હડપ્પીય લોકો સિંધમાંથી કચ્છ થઈને સૌરાષ્ટ્ર-ગુજરાત તરફ આગળ વધ્યા હોવાની માન્યતાને કચ્છમાંથી પ્રાપ્ત હડપ્પીય સંસ્કૃતિનાં કેન્દ્રો પરથી પુષ્ટિ મળે છે. કચ્છમાં દેશલપુર, ગુંતલી, પાબુમઠ, નાની રાયણ, સુરકોટડા, શિકારપુર, ધોળાવીરા જેવાં સ્થાનોનાં ખોદકામમાંથી મળેલ પુરાવશેષીય સામગ્રી પ્રાચીન વસાહતીઓની સંસ્કૃતિ અને સભ્યતાનો ખ્યાલ આપે છે.

ભૂજથી ૨૫૦ કિ.મી.ના અંતરે વાગડના ખડીર બેટ વિસ્તારમાં આવેલું ધોળાવીરા આદ્ય ઐતિહાસિક સંસ્કૃતિ (ઈ.પૂ. ૨૫૦૦ થી ઈ.પૂ. ૧૯૦૦)નું મોટામાં મોટું સ્થાન જણાય છે. ભારત સરકારના પુરાતત્ત્વ સર્વેક્ષણ વિભાગ તરફથી ૧૯૭૦થી ૧૯૭૨ દરમિયાન શ્રી જગત્પતિ જોશીએ આ સ્થળે પ્રારંભિક ઉત્ખનન કાર્ય કરેલું. અહીંથી એમને હડપ્પીય સંસ્કૃતિની વિશાળ વસાહત હોવાના પુરાવાઓ હાથ લાગ્યા. ત્યાર બાદ ૧૯૯૦થી ૧૯૯૩ દરમિયાન ડૉ. બિસ્ટે અહીં ખોદકામ હાથ ધર્યું અને પ્રાચીન મહાનગરને ખુલ્લું કર્યું. આદ્ય ઐતિહાસિક આ નગર ત્રણ વિભાગમાં વહેંચાયેલું છે. રાજમહેલનો વિસ્તાર, ઉપલું નગર અને નીચલું નગર. આ મહાનગરના રસ્તાઓ કાટખૂણે કાપતા બનાવ્યા છે. નગરમાં યોજનાબદ્ધ ગટરવ્યવસ્થા કરેલી છે. નગરવિસ્તારની મધ્યમાં રાજમહેલ અને મજબૂત કિલ્લેબંધી આવેલાં છે. રાજમહેલને ચાર દરવાજા છે અને પથ્થરના સ્તંભોથી આવૃત્ત આ દરવાજા પર હડપ્પીય લિપિનું લખાણ તથા મણકાઓનું અંકન આ સંસ્કૃતિની વિકસિત નગરીય સભ્યતાના પુરાવા પૂરા પાડે છે.

રાજમહેલમાં પાણીનો હોજ આવેલો છે, જેમાં નજીકની નદી કે તળાવમાંથી પાણી લાવવાની વ્યવસ્થા કરેલી છે. ભૂગર્ભમાં નાળાઓ બાંધી, નાળા દ્વારા આવતા પાણી સાથેનાં કચરો અને રેતી તળિયે બેસી જાય અને સ્વચ્છ પાણી હોજમાં આવે એવું આયોજન કરેલું છે. આ પ્રકારની યોજના ઐતિહાસિક કાળનાં સહસ્રાલિંગ સરોવર અને ખાનસરોવર-પાટણ તથા વિરમગામનું મીનળ તળાવ અને ધોળકાના મલાવ તળાવમાં જોઈ શકાય છે.

રાજમહેલના વિસ્તારથી થોડે દૂર ધનિકો અને વેપારીઓની વસાહત - ઉપલું નગર આવેલ છે. આ વસાહતના રહેણાકનાં મકાનો પથ્થરમાંથી બનાવેલાં છે, જેમાં બેથી પાંચ ઓરડાઓ આવેલા છે. આ વસાહત અને રાજમહેલનો વિસ્તાર મજબૂત કિલ્લાથી રક્ષાયેલ છે. શહેરનો ત્રીજો ભાગ - નીચલું નગર - કાચાં, નાનાં, પાકાં અને સામાન્ય મકાનના બાંધકામવાળો છે. અહીં શ્રમિક વર્ગની વસતિ હોવાનું જણાય છે. ધોળાવીરાની આ નગર સભ્યતાના દરેક મકાનમાંનું પાણી ઘરની બહાર આવેલી ખાળમાં અને ત્યાંથી બંધ ગટરમાર્ગે નગર બહાર લઈ જવાની ગટર યોજના નગરીય સંસ્કૃતિનાં લક્ષણ બતાવે છે.

ધોળાવીરા સ્થળના ખોદકામ દરમિયાન ત્રણ કબરો મળી આવી છે. આ કબરોમાંથી વાસણો અને અન્ય વસ્તુઓ પ્રાપ્ત થઈ છે. પરંતુ કબરમાંથી કોઈ પ્રકારનાં હાડકાં મળ્યાં નથી, જે વિચિત્ર ઘટના ગણાય. ઉપરાંત અહીંથી હડપ્પીય સભ્યતાના માનવીનાં પગલાંનાં નિશાન મળ્યાં છે જે નોંધપાત્ર છે.

અહીંની પાણી પુરવઠાની યોજના એ નગરીય સભ્યતાનું ઉમદા ઉદાહરણ પૂરું પાડે છે. પાણીની જાળવણી, વહેંચણી અને સંગ્રહની યોજના દૂરંદેશીપણાનો ઉત્તમ નમૂનો ગણી શકાય. આજુબાજુનાં બીજાં તળાવો ખોદી વરસાદી પાણીને સંઘરવાની પદ્ધતિ પણ વિકસાવી હતી. નગરનાં મકાનો અને ગલીઓની રચના પણ એ રીતે કરેલી છે કે મકાનોનાં છાપરાંનું પાણી એક સ્થળે એકઠું કરી, મુખ્ય જળાશય સુધી પહોંચાડવામાં આવતું.

અહીંના ખોદકામમાંથી મળેલ અન્ય પુરાવશેષો પરથી આ સંસ્કૃતિ માત્ર વેપાર-વાણિજ્યનું કેન્દ્ર ન હતી, પરંતુ

હસ્તઉદ્યોગમાં પણ વિકસિત હતી. અહીંથી તાંબુ, કાંસું, પથ્થર, શંખ, સોનું અને અકીકમાંથી બનેલ અનેક ચીજવસ્તુઓ હસ્તકલાકારીગરીની સિદ્ધહસ્તતા પુરવાર કરે છે. અહીંથી અણીવાળાં ભાલા કે બાણ જેવાં હથિયાર તથા માટીનાં વિવિધ આકાર અને રંગનાં વાસણો, શંખ અને ધાતુની બંગડીઓ, મોતી, મણકા, સોનાનાં આભૂષણો તથા ધાતુ ગાળવાની ભઠ્ઠી, વજનિયાં વગેરે પુરાવશેષો પુષ્કળ પ્રમાણમાં મળ્યા છે. અહીંથી મળેલી છીપની એક ગોળાકાર રિંગ નોંધનીય છે, જેમાં બાર ઊભા કાપા પાડેલા છે. તેનો ઉપયોગ દિશા-સૂચન માટે કે પછી તે કાપાઓ ભારતીય પંચાંગની બાર રાશિઓનાં પ્રતીક કે માપપટ્ટી હોવાનું અનુમાન કર્યું છે.

અહીંથી એક પણ ધાર્મિક સ્થાન કે ધાર્મિક વિધિ સાથે જોડાયેલ અવશેષ પ્રાપ્ત થયો નથી એ આશ્ચર્યજનક છે.

આ મહાનગરની પ્રજા કલાપારખુ કે કલાપ્રેમી હોવાના અનેક નમૂનાઓ પ્રાપ્ત થયા છે. ઉપરાંત નૃત્ય અને સંગીતનું જ્ઞાન અને શોખ ધરાવતી હોવાનું પણ જણાય છે.

આમ, ધોળાવીરાની હડપ્પીય વસાહતમાંથી પ્રાપ્ત પુરાવાઓ અને પુરાવશેષો એને નગરીય વસાહત હોવાનું પુરવાર કરે છે. સભ્યતાના વિકાસના તબક્કાઓ અહીં સંપૂર્ણપણે દૃષ્ટિગોચર થાય છે. આવી વિશાળ અને વિકસિત સમૃદ્ધ વસાહતનો અંત કઈ રીતે થયો હશે એ અંગે અનુમાન કરવા સિવાયના કોઈ આધાર મળતા નથી. કેટલાક પુરાતત્ત્વવિદોએ કરેલાં અનુમાનોને આધારે કહી શકાય કે, ધોળાવીરા જેવી નગરીય વસાહતનો વેપાર-ધંધો દૂરસુદૂર દેશો સાથે હશે, ત્યાં કોઈ મોટી ઊથલપાથલ થવાને લઈને અહીંનો વેપાર-ઉદ્યોગ ભાંગી પડતાં આ વસાહતીઓ સ્થળાંતર કરી ગયાં હશે. અથવા એ સમયે હવામાનમાં અચાનક ફેરફાર થતાં વસાહત નષ્ટ પામી હશે અથવા તો કોઈ કુદરતી આફતથી આ નગર જમીનદોસ્ત થયું હોવું જોઈએ અને તેની જાહોજલાલી ગુમાવી દીધાં પછી વસાહતીઓ અન્ય સ્થળે જઈ વસ્યાં હોવાં જોઈએ.

ભારતમાંથી પ્રાપ્ત અત્યાર સુધીની આદ્ય ઐતિહાસિક સંસ્કૃતિના ઊંડાણથી અભ્યાસ કરવામાં આવ્યા છે. પરંતુ તેના ધ્વંસ અંગેનો જોઈએ તેટલાં અભ્યાસ-સંશોધન થયાં નથી. એ તરફ હંમેશાં દુર્લક્ષ સેવી ફક્ત અનુમાનોને જ આધાર માનવામાં આવ્યાં છે. આવાં કેન્દ્રોમાંથી મળેલાં હથિયારો અને અન્ય શસ્ત્રસરંજામનું પૃથક્કરણ કરીને આ દિશામાં સંશોધન થાય તો તત્કાલીન રાજકીય વ્યવસ્થા કે લશ્કરી વ્યવસ્થાને આધારે ઇતિહાસની ખૂટતી કડીઓ મેળવી શકાય. નગરરક્ષણ માટે કિલ્લેબંધી અને શસ્ત્રો ફક્ત નગરઆયોજન કે ઉદ્યોગ માટેની બાબતો પૂરતાં મર્યાદિત ગણવાં જોઈએ નહિ. તે માટે નવી ટેક્નોલૉજિનો સાથ લઈને અભ્યાસ-સંશોધન કરવાથી ઘણી ઘટનાઓની સત્યતા બહાર આવે તેમ છે. □

હોમિયોપથીનું ઔષધશાસ્ત્ર

ટ્યુબરક્યુલીનમ (Tuberculinum)

હેમેન્દ્ર એ. શાહ

ક્ષયની શરૂઆતના તબક્કામાં ટ્યુબરક્યુલીનમ ઘણું સારું કામ આપે છે. આવા રોગીને નાનપણથી જ કૂતરાનો અને અન્ય પ્રાણીઓનો ડર હોય છે. માથામાં ગડગૂમડ, ગંધાતું પરુ, ઠંડું દૂધ પીવાની વારંવાર ઇચ્છા, બરડામાં ઠંડી લાગે, કાકડા ફૂલી જવાની વારંવાર તકલીફ રહેતી હોય તેને માટે ટ્યુબરક્યુલીનમ એક સારું ઔષધ છે.

શરીર ઝડપથી દૂબળું થતું જાય, છાતી પાતળી થતી જાય, ખુલ્લી હવામાં રહેવાની તીવ્ર ઇચ્છા, ખોરાક સારો એવો આરોગે પણ વજન વધે જ નહીં, બાળકોનો વિકાસ ધીમો, વારંવાર ઝાડા થઈ જાય, આંચકીની અસર વગેરે ચિહ્નોમાં ટ્યુબરક્યુલીનમનો પ્રયોગ સારાં પરિણામો લાવે છે.

પુષ્કળ ખંજવાળ આવે, ખરજવું થયું હોય, નાહ્યા પછી ખંજવાળ વધી જાય, સફેદ રંગની ફોતરી ચામડી ઉપરથી નીકળતી રહે, વહેલી સવારે ઝાડા થાય તેવાં ચિહ્નોમાં ટ્યુબરક્યુલીનમ એક ઉપયોગી ઔષધ સાબિત થયું છે.

ફરતા વા માટે, દમ અને ક્ષય માટે, જઠર, ફેફસાં, મૂત્રપિંડ વગેરેને લગતાં દર્દો માટે પણ ટ્યુબરક્યુલીનમ અપાય છે.

દર્દીને સાંજે તાવ આવતાં પહેલાં ઉધરસ આવે, અને જમ્યા પછી થોડી વારમાં જ પેટ ખાલી ખાલી લાગે છે, બેહોશીની સ્થિતિમાં કૂતરાનો વિચાર કરે અને કૂતરાના વિચારમાત્રથી ડરી જાય ત્યારે તેને ટ્યુબરક્યુલીનમ આપવું જોઈએ.

જૂનો પેટનો રોગ ઊથલો મારે અને સાથે પરસેવો પણ વળે, ખાસ કરીને રાત્રે પરસેવો વધારે થાય, સવારે સ્ફુર્તિ રહે, પણ સાંજના સમયે નબળાઈ અને આળસ ચડે, ગુસ્સામાં આવે ત્યારે તેને ગાળો બોલવાનું બહુ મન થાય, દિવસે દિવસે નબળાઈમાં વધારો થતો રહે તો આવા દર્દીને વહેલી તકે ટ્યુબરક્યુલીનમની સારવાર આપવી જોઈએ નહીંતર ટી.બી. ઘર કરી જાય અને મુશ્કેલીમાં આવી પડે.

મા-બાપ, મામા વગેરે કોઈને ટી.બી. હોય અને વંશગત કારણસર ટી.બી. થયો હોય તો ટ્યુબરક્યુલીનમ ઘણી જ સારી દવા માલૂમ પડી છે. ઍલોપથીમાં ટી.બી.ની ઘણી નવી દવાઓ શોધાઈ છે. અને આ રોગ હવે અસાધ્ય ગણાતો નથી. તેમ છતાં ઘણાં દર્દીને આડઅસરથી નવું દર્દ પણ થયાનું મનાય છે. ગાંડપણના દર્દીને ગાંડપણ જતું રહે અને ટી.બી. લાગુ પડે અને ટી.બી.નો દર્દી સાજો થઈ જાય, પણ તેને ગાંડપણ આવી જાય તેવા કિસ્સા પણ નોંધાયા છે. આવા સંજોગોમાં ટ્યુબરક્યુલીનમની સારવાર વહેલી તકે શરૂ કરી હોય તો નવી સમસ્યામાંથી બચી જવાય છે અને ટી.બી. તથા તેનાં આનુષંગિક દર્દો કુદરતી રીતે મટી શકે છે. □

જ્યોતિર્ધર કનૈયાલાલ મુનશી (૨૨)

— જયન્તીલાલ મહેતા



એક તરફ રાજકારણમાં આટલી બધી સક્રિય સંડોવણી, બીજી તરફ કેળવણી અને ગરીબોના ઉદ્ધાર માટેની સમાજસેવાની પળોજણોથી ઘેરાયેલા હોવા છતાં મુનશી પોતાના પ્રથમ પ્રેમ - સાહિત્યસર્જનને ક્યારેય પળભર પણ વીસર્યા ન હતા. એટલે ૧૯૪૧ થી ૧૯૫૦ના દાયકા દરમિયાન જ આત્મકથાનાં ત્રણ પુસ્તકો ઉપરાંત તેમની પરિપક્વ કલમમાંથી દર વર્ષે એકથી વધુ ગ્રંથો રચાતા ગયા ને પ્રસિદ્ધ થતા રહ્યા. તેમાંથી ગુજરાતની કીર્તિગાથા, આત્મકથાના ત્રણ ગ્રંથો, આદિવચનો, આદિને અગાઉનાં પૃષ્ઠોમાં લીધાં. હવે આ પ્રકરણમાં આપણે મુનશીને મન પોતાના પ્રિય વિષયો - ભારતીય સંસ્કૃતિના મહાપુરુષો તથા ગુજરાતની અસ્મિતાના મશાલધારીઓ વગેરેના ગ્રંથો :(૧) લોમહર્ષિણી (૨) ભગવાન પરશુરામ અને (૩) જય સોમનાથ નામની ઐતિહાસિક યુવપ્રવર્તક નવલકથાઓની વાત કરીએ.

ઈ.સ. ૧૯૪૫-૪૬માં પ્રસિદ્ધ થયેલ 'લોમહર્ષિણી' તથા 'ભગવાન પરશુરામ'ની પ્રસ્તાવનાઓમાં મુનશી લખે છે : '.....૧૯૨૧-૨૨માં મહાભારત અને પુરાણોની પ્રેરણાથી મેં પૌરાણિક વિષયો પર નાટકો લખવાનો પ્રારંભ કર્યો. તે વખતથી મારો સંકલ્પ હતો કે મારે મહાભારતના પ્રસંગોની પૂર્વકથાની કૃતિઓની એક માળા રચવી.... પહેલાં બાર નાટકોનું એક મહાનાટક લખવાનો સંકલ્પ કર્યો હતો. અને તે પ્રમાણે ૧૯૨૨માં 'પુરંદર પરાજય', ૧૯૨૩માં 'અવિભક્ત આત્મા', ૧૯૨૪માં 'તર્પણ' ને ૧૯૨૯માં 'પુત્રસમોવડી' લખ્યાં. ૧૯૩૨માં એ જ મહાનાટકના ઉપોદ્ઘાતરૂપે 'વિશ્વરથ'ની નવલકથા લખી. પછી 'શંબરકન્યા', 'દેવે દીધેલી' ને 'વિશ્વામિત્ર ઋષિ' એમ ત્રણ નાટકો લખ્યાં આ ચારે 'લોપામુદ્રા'ના ભાગ ૧-૨-૩-૪ તરીકે પ્રકટ થયાં છે. પછી મને ભાન આવ્યું કે નાટક ગુજરાતી વાચકોને સુગમ નથી ને ગમતુંય નથી. 'દેવે દીધેલી' જેવા નાટકે ભાગ્યે જ ધ્યાન ખેંચ્યું. એથી આ મહાનાટકનો ઉત્તરાર્ધ નવલકથારૂપે જ લખવાનો મેં વિચાર રાખ્યો. એને બે ભાગમાં વહેંચી નાંખી : 'લોમહર્ષિણી' અને 'ભગવાન પરશુરામ'.'

અને આમ કનૈયાલાલ મુનશી - એક તેજસ્વી ભાર્ગવ - સદીઓ બાદ પોતાના જ એક પૂર્વજ ભગવાન પરશુરામની અને તમનાં અદ્ભુત પરાક્રમોની કથા કહેવા માટે બે નવલકથાઓ (૧) લોમહર્ષિણી તથા (૨) ભગવાન પરશુરામ લખે છે. 'લોમહર્ષિણી'માં મુખ્યત્વે છે વસિષ્ઠ અને વિશ્વામિત્ર વચ્ચેની અલગ અલગ પણ અડગ ને અવિચળ વિચારધારાઓના વિગ્રહની કથા. બંને પવિત્ર છે. બંને મહા તપસ્વી છે. બંને મંત્રદ્રષ્ટાઓ છે. પણ આર્યો અને અનાર્યો વચ્ચેનો સદીઓથી ચાલતો આવતો સંઘર્ષ બંને જુદી જુદી જ નહિ, વિપરીત દષ્ટિએ નિહાળે છે. બંનેને પોતપોતાની વિચારધારાને અનુકૂળ આર્યરાજાઓ મળે છે. અને આખરે દસ મહાન આર્યરાજાઓ એક મહાયુદ્ધ ખેલે છે. નામે 'દાશરાજ્ઞ' - જે કદાચ કૌરવો-પાંડવો વચ્ચેના મહાવિનાશક મહાભારત યુદ્ધનું પુરોગામી હતું. અને આવાં ભયંકર યુદ્ધો ખેલ્યાં છતાં બેય પક્ષો આર્યત્વના સંસ્કારો છોડતા નથી. વ્યક્તિગત વેરઝેર બાંધતા નથી. વશિષ્ઠ-વિશ્વામિત્ર અને તેમના અનુયાયીઓ એકબીજાની આખર સુધી ઇજ્જત કરે છે, સરાહના કરે છે. કારણ આ યુદ્ધ રાજ્યસત્તા વિસ્તારવા માટે ન હતું. એ યુદ્ધ તો હતું વૉર ઑવ્ આઇડિયોલૉજિઝ અને તેથી જ 'યુદ્ધસ્ય કથા રમ્યા'ના સૂત્રની યથાર્થતા ઉપરાંત તેમાં વિચારધારાઓ સિદ્ધાંતો, દૃષ્ટિબિંદુઓના મહાસંઘર્ષની મહત્તા પણ ઊપસી આવે છે. અને તેથી જ ચીલાચાલુ પુરાણકથાઓ કરતાં આ ગ્રંથો આધુનિક વારતાકળાની દૃષ્ટિએ નવાં પરિમાણો ઉપસાવે છે. કથા પુરાણપૂર્વેના વેદકાળની છતાં સ-રસતા અને સમકાલીનતા ઈસુની વીસમી સદીની અતિ આધુનિક.

આ કલમની કળાના થોડાંક અંશો વાંચીએ : '..... વિશ્વામિત્ર ત્યાં ને ત્યાં સ્થિર થઈ ગયા - કરમાયેલા, આખી સૃષ્ટિ એમના પર તૂટી પડી હતી. એ માનતા હતા કે દેવે એમને દિવ્યચક્ષુ દીધાં હતાં, પણ અત્યારે એ જ આંખો આંધળી થઈ ગઈ હતી. થોડી વારે એ ધીમે ધીમે ચાલવા લાગ્યા, નિવાસથી દૂર, જંગલો તરફ... એમણે માન્યું હતું કે દેવે એમને આર્યત્વ ઉદ્ધારવા જન્મ આપ્યો હતો. કોઈએ નહિ જોયેલું સત્ય એમણે ઉચ્ચાર્યું હતું : માનવમાત્ર સૃષ્ટિથી પર. સંસ્કારશુદ્ધિ એ જ એનું આર્યત્વ. યજ્ઞ એ જ શુદ્ધિ પ્રાપ્ત કરવાનું સાધન... કાળા અને ગોરા બંને માનવો એક જ સંસ્કારના અધિકારી, દેવોથી સરખી રીતે રક્ષાયેલા... માનવ-માત્ર પશુથી પર, ન વેચાય કે ન હોમાય એવો પવિત્ર. એ સત્ય હોય તો પછી આ નરમેધ મારાથી કેમ થાય? હું સત્યનો દ્રષ્ટા છું ને સત્ય આચરનારો છું. ને એ જ મારાં જીવનવ્રતો છે... સત્ય શું? મેં માન્યું તે મનાવ્યું છે તે કે મારે કરવું પડતું હતું તે?... વિશ્વામિત્રની દૃષ્ટિ સમક્ષ મહાસર્પ સમો ભય સરતો આવ્યો, ફૂંફાડા મારતો, વિષ પ્રસારતો, કારમા શીતલ સ્પર્શથી

એમના રોમેરોમ ઊભા કરતો; તેની ભયંકર ચૂડથી તેમને વીટવા લાગતો, એમને પગે ચડતો, એમની કમ્મરે ગૂંચળાતો. એમની આંખો બાવરી બની ગઈ. એ ખસી ન શક્યા, સ્નાયુઓ ખેંચાવા લાગ્યા. ને જાણે મૃત્યુની જ વાટ જોઈ રહ્યા હોય એમ એ સ્થિર થઈ ગયા. એમની આંખ મરેલા માનવીની આંખો જેમ ફાટી ગઈ, એમના કપાળ પર ભૂરી ને ભરેલી રગ તરી આવી, એમના કાનમાં યમરાજનાં આવતાં પગલાં સંભળાવા લાગ્યાં... ને એમણે વ્યોમ પર નજર ઠારી... હા, અને તેથી જ કહું છું કે તમારું કોઈ સ્થાન મારી સાથે નથી. વિશ્વામિત્રની આંખમાં આંસુ આવ્યાં, 'ભાઈ, જાઓ, તમે તમારા સત્યના પંથે જાઓ. મને મારું સત્ય પાળવા દો. કાં તો આર્યો સર્વોપરિ ને શુદ્ધ, કે કાં તો માનવતા જ સર્વોપરિ ને શુદ્ધ; ને વર્ણ માત્ર ગૌણ. કાં તો વસિષ્ઠ ને કાં તો વિશ્વામિત્ર; બે સાથે કદી નહિ રહી શકે...' ('લોમહર્ષિણી'માંથી)

અને થોડીક પ્રસાદી 'ભગવાન પરશુરામ'માંથી :

'રાજન, યાદવોને કોણ છેડે તેમ છે? હું છું ને?' રામે કહ્યું. ભદ્રશ્રેણ્ય વિચાર કરી રહ્યો. આ છોકરો પરદેશમાં એકલો હતો. એને ભય નહોતો. ચિંતા નહોતી. કોઈની પરવા નહોતી. જ્યારે એ નિશ્ચય પર આવતો ત્યારે તે સ્વસ્થતા ને ઉગ્રતાની મૂર્તિ બની જતો. અધર્મ દેખાય ત્યાં તેને વિનાશવા તેની સમગ્ર શક્તિ તે એકત્ર કરતો. ત્યારે નર્મદામાં વર્ષાઋતુમાં આવતા પાણીના ઘોડાની માફક એનો પ્રભાવ મનોવેગે આગળ વધી બધે જળજળાકાર કરી દેતો... શું એ યાદવોને ઉદ્ધારશે?...

'... ભાર્ગવની આંખમાં તેજ વધ્યું. તેણે મૃગાના શિષ્ટાચારને ભેદી નાખ્યો : 'તમે ધર્મને અનુસરો તો હું તમારો જ છું'.... મૃગા ઝાંખી પડી : 'અમે ધર્મ નથી અનુસરતા?'.... 'તમે ભલે ધર્મ કહેતા હો. હું નહિ કહું. વિદ્યાની સેવા નથી. તપનો સંસ્કાર નથી. સત્યનું શાસન નથી. જ્યાં એ ન હોય ત્યાં ધર્મ હોય ?.... જ્યાં આર્યતા ત્યાં આર્યાવર્ત.... હાર શું? જીત શું? હાર-જીત મૃત્યુ પામેલા વીરોની સંખ્યામાં છે? વિનાશ થયેલી સમૃદ્ધિની ગણનામાં છે? ના-ના. જે જીવન ઉન્નત કરે તે વિજય. જે ન કરે તે પરાજય...'

આર્ય સંસ્કૃતિ અને સનાતન ધર્મની ધ્વજાના પૂજનના મહિમાના આવા જ મિજાજમાં મુનશી આ જ દાયકા દરમિયાન તેમની યશોદાયી નવલકથા 'જય સોમનાથ' લખે છે. જેમાં મહમ્મૂદ ગઝનીની ઝનૂની ધર્માંધતા સામે સૌરાષ્ટ્રના દક્ષિણ સમુદ્રે આવેલા સોમનાથના જ્યોતિર્લિંગના બચાવ માટે મરી ફીટતા ગુર્જરેશ્વર ભીમદેવ બાણાવળી અને તેની પડખે ઊભા રહી ઝઝૂમતા ઝાઝેરા રાજાઓ, સામંતો-સૈનિકોની શહાદતની વીરગાથાની પડછે મુનશી ગાય છે એક શિવસમર્પિત દેવદાસી ચૌલાની પરમ સ્વાર્પણની કીર્તિગાથા. અને તેમની ભક્તિરસ પ્લાવિત કલમમાંથી નિર્ઝરે છે ત્રિપુરારિ શંકર ભગવાનની અવ્યભિચારિણી ભક્તિની ગદ્યકવિતા. ભરૂચના ટેકરાના મુનશીની શિવભક્તિ અહીં પાને પાને પમરે છે. એક સર્વાંગસંપૂર્ણ અત્યંત સુઘટ્ટ અને સુગ્રથિત નવલકથાકળાની સ્રોતસ્વિની. અને 'જય સોમનાથ' માત્ર સફેદ પૃષ્ઠો પરનાં બીબાંઢાળ ટાઢાબોળ અક્ષરોમાં છપાયેલી વારતા મટી સ્વયંસિદ્ધ થઈ જાય છે કવિવર પુષ્પદન્તના શિવમહિમ્નસ્તોત્ર સમી ભક્તિકવિતાની પતિતપાવની ગંગા.

આમ તો આ પુસ્તકનો પૂરો રસાનંદ પામવા તેનાં ૬૦ હજારથી વધુ શબ્દોમાં રમમાણ બનવું પડે અને ઈસુની ૧૧મી સદીના પૂર્વાર્ધના પશ્ચિમ ભારતના ઇતિહાસ, ભૂગોળ, સમાજ અને રાજ્યવ્યવસ્થાઓનું ઇતિહાસશુદ્ધ અને ગર્વપ્રેરક ચિત્રનું આહ્લાદક આનંદગાન વાંચવું - સાંભળવું - ગાવું જોઈએ. અહીંયાં તો આપણે આ મહિમાગાનમાંથી થોડાંક જ ગદ્યકાવ્યોની રત્નકણિકા સમ શોભતા પરિચ્છેદોની પ્રસાદી લઈશું :

'... તે આવ્યે જતા ને સૂર્યતેજમાં ઝગમગતા ભગવાન શંકરના પાટનગર પર ભક્તિસભર નયનો ઠારતા, તેનાં હજાર મંદિર શિખરોની ધજાઓના નર્તન વડે હૈયાં ઉત્સાહઘેલાં કરતા. સોમનાથના મંદિરના સોનાના કળશના મોહક તેજથી મુગ્ધ થતા. અને તેની ભગવી મોટી ધજાના વિજયમસ્ત ફરકાટમાં મોક્ષમાર્ગ નિહાળતા... અને તે આવ્યે જતા નગરના મુખ્યદ્વારમાં અથડાતા, હોંકારા કરતા, 'જય સોમનાથ'નો જયઘોષ કરતા.... સોમનાથનું શિવાલય નહોતું આલય, નહોતું શહેર ને નહોતો સ્વસ્થ પ્રદેશ. સદીઓની શ્રદ્ધાએ તેને દેવભૂમિ સમું સમૃદ્ધ અને મોક્ષદાયી બનાવી મૂક્યું હતું...'

'... ચૌલા તેને કૈલાસ માનતી... જગતના નાથ સોમનાથનું રંજન કરવા એની મા જેવી ત્રણસેં નર્તકીઓ દિવસ ને રાત નૃત્ય કરતી. પણ તે પોતે બધાથી જુદી હતી. કોઈના પણ પગ આવા સુરેખ ને સબળ નહોતા. કોઈની કમર એની છટાથી વળતી નહોતી... ઘણી વાર સ્વપ્નમાં ત્રિશૂળધારીએ દર્શન દઈ એને કહ્યું હતું કે : 'બેટા, તું મારી ખરી નર્તકી છે. અને તે પણ દેવની જ હતી - તન ને મનથી, શ્વાસ ને પ્રાણથી. જીવનભર ભગવાનનાં ચરણોમાં નૃત્ય કરવા સિવાય એને બીજો જરાય રસ નહોતો. જીવનભર નૃત્ય કરવું - જય સોમનાથની ઘોષણા સાથે નૃત્ય કરતાં દેવના ગર્ભદ્વાર આગળ પ્રાણ છોડવો - એનાથી વધારે સુંદર પરાકાષ્ઠા એની કલ્પનામાં આવતી નહિ....'

'...પ્રભાસમાં એક પ્રહર સુધી કતલ ચાલી હતી. અને ભાગ્યે જ કોઈ જીવતું રહ્યું હતું. આખા ગામમાં ક્યારની લૂંટ ચાલી હતી. આગો લાગી હતી... ગઝનીના હમ્મીરે સાંજના અંતરકોટમાં પ્રથમ પગલું મૂક્યું અને ત્યાં રહ્યાસહ્યા રજપૂતોની કતલ થઈ ગઈ... ઘોડો લઈ હમ્મીર પરકોટમાં જવા જતા હતા તે સામે આડા હાથ કરીને શિવરાશિ ઊભો હતો :

'સબૂર, હમ્મીર. મેં જ તને અહીં આણ્યો છે.' તેમણે બુલંદ અવાજે કહ્યું. હજારો સૈનિકોની કતલ પછી એક નિઃશસ્ત્ર આવો જગતવિજેતા વચ્ચે આડો ઊભો રહ્યો જોઈ હમ્મીર હસ્યો : 'તિલક આ શું કહે છે?' તિલકે શિવરાશિને પૂછ્યું અને તેના જવાબનો તરજુમો હમ્મીરને કહી સંભળાવ્યો : 'જહાંપનાહ, એ કહે છે કે એણે જ આપણા માણસને સુરંગ બતાવી. અને એના દેવ તથા એને બચાવવાનું વચન આપ્યું છે. આપ કહો એટલી દોલત આપવા એ તૈયાર છે.' હમ્મીર ખડખડાટ હસ્યો : 'કાફર! મહમ્મદ મૂર્તિઓનો વેચનાર નથી. ભંજક છે.' કહી પોતાની તલવાર શિવરાશિને માથે જોરથી આડી મારી. તેણે ઘોડાને એડી લગાવી અને પરકોટમાં પેઠો. હમ્મીરની આસપાસના યોદ્ધાઓ ખડખડ હસ્યા. અને બેભાન શિવરાશિ એક તરફ પડી રહ્યો... પરકોટમાં આવતાં હમ્મીર ચકિત થઈ ગયો. ત્યાં કોઈ માણસનું નામ કે નિશાન દેખાતું ન હતું. અને છતાંય બધા દીવાઓ ઝગમગતા હતા અને મણિજડિત સ્તંભોમાંથી અનેકરંગી કિરણો સભામંડપને દેદીપ્યમાન બનાવી રહ્યાં હતાં... હમ્મીરે ઘણાં મંદિરો જોયાં હતાં, ને ઘણાં તોડ્યાં હતાં. અસ્ત થતા સૂર્યના સુંદર પ્રકાશમાં ઝગમગતો આવો મણિમય પ્રાસાદ એણે જોયો નહોતો. પલવાર એણે ઘોડો રોક્યો. આ સૌંદર્ય જોયું ને ઘોડા પરથી ઊતરી પડ્યો.. હજારો વીર રાજપૂતોની આહુતિથી પરમ પવિત્ર એવા પ્રભાસ ધામમાં, યુગોથી અમર એવા આ ભવ્ય મંદિરમાં ગુરુદેવ ગંગ સર્વજ્ઞ એકાકી ભવ્યતામાં શંકર સમા ભગવાનની આરતી ઉતારતા હતા. જગત લય થઈ ગયું હતું. માત્ર એ અને એના દેવ બે જ હતા... હમ્મીર આ વૃદ્ધની ભવ્યતા જોઈ રહ્યો. એનાથી પણ એક શબ્દ બોલાયો નહિ... ગુરુદેવે આરતી ભોંય પર મૂકી અને ગર્ભદ્વારમાં કેડે હાથ મૂકી ઊભા રહ્યા અપૂર્વ ગૌરવે ઓપતા... હમ્મીરે હોઠ બીડ્યા : 'બુઢ્ઢા! દૂર હઠ!' 'ના' હાથના અભિનયથી ગુરુદેવ હમ્મીરનો અર્થ સમજ્યા... 'યવન', તેમણે શાંતિથી ખસ્યા વગર કહ્યું : 'મારો ભોળાનાથ અને હું બંને સાથે છીએ, વિનાશથી પર સનાતન અનાદિ ને અનંત.' તે હસ્યા... હમ્મીર વાતો કરવાની ધૂનમાં નહોતો. તેણે એક છલંગ મારી. ગુરુદેવનું શીશ ધડથી જુદું બહાર ગબડ્યું... હમ્મીર ગર્ભદ્વારમાં ઘૂસ્યો, એક ઊંડો શ્વાસ લીધો. પાસે ઊભેલા એક યોદ્ધા પાસેથી લોખંડની ગદા લીધી. માથા પર ફેરવીને મારી... સૃષ્ટિ વખતે સરજાયેલા ભગવાન સોમનાથના બાણના ત્રણ કકડા થઈ ગયા....'

અને હવે માણીએ આ અદ્ભુત ઐતિહાસિક પ્રેમ-શૌર્ય-સ્વાર્પણની કથાની પરાકાષ્ઠા : '...પરમભટ્ટાર્ક શ્રી ભીમદેવ મહારાજની પ્રિય પત્ની (ચૌલાદેવી) ભગવાન સોમનાથનું મંદિર બંધાવવા પ્રભાસ ગયાં. આ તો નવી ને સુંદર સૃષ્ટિ હતી - અપરિચિત - કોઈ વિશ્વકર્માએ ઘડવા માંડેલી... ગયા જન્મમાં રહેલી અપૂર્ણ વાસનાઓથી પ્રેરાઈ કોઈ પ્રેતલોકવાસી આ લોકમાં ભટકે તેમ તે, મહાદેવની મર્યાદામાંથી જેટલું છટકાય તેટલું છટકી, અધૂરા પથ્થરો, ઇંટ ને છો, કારીગરો ને લાકડાં વહેરતા મજૂરો વચ્ચે ફરતી. અને અપરિચિત ને પરાઈ એવી બંધાતી ઇમારતોમાં પોતાના હૃદયમાં કોરાયેલી નષ્ટ પણ અવિસ્મરણીય સૃષ્ટિ ઊભી કરતી. અહીંયાં તે નાનપણમાં રમી હતી; અહીંયાં ગંગાએ એને બરોબર તાલ ન રાખવા માટે ચૂંટી ખણી હતી. અહીંયાં બેસી તેણે આલાપ લીધા હતા. અહીંયાં તેને ગુરુદેવે ઠપકો દીધો હતો.

'...સૂર્ય ઉગે છે ને આથમે છે; પથ્થરનાં મંદિરો ને મકાનો ધીમે ધીમે ઊંચાં બંધાતાં જાય છે. હાટો ને ચોકમાં માણસોની વસતી થાય છે.

'...હીરા, મોતી ને રત્નોથી ઝળકતી દિવ્ય કો દેદીપ્યમાન અપ્સરા... તેણે મોઢું ઢાંકી નીચે સુધી ઓઢ્યું છે... ધમક, ધમક તે પૂજા કરવા જાય છે. તે ગર્ભદ્વાર આગળ જાય છે. કર જોડે છે. નમન કરે છે, સાષ્ટાંગ પ્રણામ કરે છે. પછી તે શિવની પૂજા નૃત્ય ને અભિનયથી કરે છે...'

'...અને એક મહાપ્રયત્ન કરી વિજય દર્શાવતો તોડો લેતાં નર્તકીના મુખ પરનું વસ્ત્ર ખસી જાય છે... સુક્કા, સ્વરૂપવાન મુખ પર દિવ્ય સુખનું અમર તેજ તપે છે. એની આંખોમાં પ્રણયની વિદ્યુલ્લેખા ચમકે છે... તોડો પૂરો થાય તે પહેલાં તે ગર્ભદ્વાર તરફ છલાંગ મારે છે. ઉંબરા પર માથું ટેકવે છે. મૃદંગ અટકે છે... ઝાંઝર પણ અટકે છે... માથું ઉંબરા પરથી નિશ્ચેતન, બાજુ પર ઢળે છે. શરીર શિથિલ બની ઢગલો થાય છે... આ ધન્ય પળે ચૌલાએ એના ભોળાનાથને સર્વસ્વ અર્પણ કરી દીધું હતું...'

અને 'જય સોમનાથ'ના આ છેલ્લા શબ્દો વાંચતાં આપણા મુખમાં 'જય સોમનાથ'ની ભવ્ય હાક ગર્જી ઊઠે છે. 'તો આપણું અંતરતમ 'જય ચૌલાદેવી'ના ગરવા ગુંજન સાથે ગુંજી ઊઠે છે. (ક્રમશઃ)

સંગીતશાસ્ત્ર - ૨૬

ડૉ. હસુ યાજ્ઞિક

સંગીતકારના પ્રકાર

સંગીતકલામાં કલાકાર તરીકે મુખ્ય તો બે વર્ગ છે તે એક ગાયક અને બીજો વાદક. આ બન્ને સંગીતકલાના પરસ્પર પૂરક અને ઉપકારક છે. પરંતુ ભારતમાં આ કલાની ઓછામાં ઓછા પાંચ હજાર વર્ષ જેટલી પ્રાચીન પરંપરા છે અને તે કેવળ વ્યક્તિગત સાધના તરીકે વિકસી નથી, પરંતુ જ્ઞાન કે કલાની એક કુટુંબ કે કુળગત કલા તરીકે જ એનો વિકાસ થયો છે અને ધર્મ, રાજ્ય તથા સમાજ એ ત્રણ મહાવર્ચસ્વી ક્ષેત્રોમાં આ કલાનો વિકાસ થયો છે તેથી સંગીતકલા સાથે સંકળાયેલા કલાકારોના વિશિષ્ટ એવા વર્ગો છે, પ્રકારો છે અને એમાં નાયક, ગાયક, કલાવંત, પંડિત, ગંધર્વ, શાસ્ત્રકાર, કવાલ, અતાઈ, ઢાઢી, કથક, વાગ્ગેયકાર વગેરેનો સમાવેશ થાય છે.

સંગીતકલા બહુઆયામી અને વિવધ શાખા અને પ્રશાખામાં પાંગરેલી પ્રવૃત્તિ છે. એ કલામાં માત્ર ગાયક અને વાદક જ મુખ્ય નથી, પરંતુ જેમણે આ કલાના વિજ્ઞાનને સિદ્ધ કર્યું અને વિવિધ વાદ્યોની રચના કરી, કાળક્રમે એમાં અનેક સુધારાવધારા કર્યા, દેશીઓના ઢાળોનાં પૃથક્કરણો કરીને વિવિધ સ્વરજૂથો નિશ્ચિત કરીને રાગોની રચના કરી, એનાં સ્વરૂપનાં લક્ષણો બાંધ્યાં, સમયના સૂક્ષ્મમાં સૂક્ષ્મ સંવિભાગો કરીને એક નિશ્ચિત ઘૂંટેલા લયમાં માત્રાના સમ અને વિષમ ભાગો કર્યા, ગાણિતિક સૂક્ષ્મતાથી અપૂર્ણાંકના પણ અપૂર્ણાંકમાં વિભાજનો કર્યાં, વિવિધ નાદની શ્રુતિઓનો અભ્યાસ કરીને સ્વરોના મુકામ નક્કી કર્યા, આ કલા માટેની ગેય રચનાઓ બનાવી, એમાં સ્વર અને તાલના વૈવિધ્યની ભાત ઉપસાવી, વિવિધ જાતિ, જ્ઞાતિ, પ્રદેશાદિનાં પ્રચલિત ગાનને શાસ્ત્રબદ્ધ કર્યાં અને એનાં સ્વરૂપો રચ્યાં, ગાયકો-વાદકો-નર્તકો-કથકોની પેઢી દર પેઢી તૈયાર કરી - ઈસવી સન પૂર્વેના ત્રણ હજાર વર્ષથી પ્રાચીનકાળથી આ પ્રવૃત્તિનો આરંભ થયો અને સંગીતકલાનો વિકાસ થયો. આ વિકાસયાત્રાએ જ સંગીતકલામાં ગાયક, નાયક, વાગ્ગેયકાર, વાદ્યકાર અને શાસ્ત્રકાર જેવી અનેક પ્રતિભાઓની પરંપરા શરૂ થઈ. આ રીતે સંગીતકલા સાથે જે ગાયકો, વાદકો, કવિઓ, મીમાંસકો, કલાગુરુઓ સંકળાયેલા છે તેમના મુખ્ય પ્રકારો અને તેનાં લક્ષણો અહીં આપ્યાં છે.

નાયક : મધ્યકાલથી અસ્તિત્વમાં આવેલા આ સંગીતજ્ઞની વિશિષ્ટ સંજ્ઞા છે. જે વ્યક્તિને સંગીતની પ્રાચીન અને વર્તમાન પરંપરાનું પૂર્ણ જ્ઞાન હોય અને પોતે વિવિધ રચનાઓને સસ્વર તાલબદ્ધ ગાઈ પ્રસ્તુત કરે તેને નાયક કહેવામાં આવે છે.

ગાયક : કોઈ એક નિશ્ચિત ગુરુ પાસે સંગીતકલાનું વ્યવસ્થિત પૂર્ણ શિક્ષણ લઈને તે કલાને ગુણીજન સમક્ષ રજૂ કરનારને ગાયક કહે છે. એ રચનાને રાગબદ્ધ સ્વરૂપે તાન-આલાપથી રજૂ કરી શકે છે. આવા ગાયક દ્વારા શાસ્ત્રીય ગાનની પરંપરા ચાલી અને ધર્મસ્થાન તથા રાજદરબારે સુપ્રતિષ્ઠિત બની. આ રીતની ગાનની રજૂઆતને ગાયકી કહેવામાં આવે છે.

ગંધર્વ : સંગીતના મુખ્ય બે પ્રકારો તે દેશી અને માર્ગી. ભારતનાં વિવિધ રાજ્યોમાં વસતી વિવિધ જાતિઓ જે પરંપરાગત રચનાઓ પોતાના વિશિષ્ટ ઢાળોમાં ગાતી હતી તેને દેશી સંગીત કહેવામાં આવે છે. આ દેશી સંગીતમાંથી જ વિવિધ ઢાળો કે દેશીઓને આધારે વિવિધ શાસ્ત્રીય રાગો અસ્તિત્વમાં આવ્યા અને ભરતમુનિથી એ સંગીતનું શાસ્ત્ર સુપ્રતિષ્ઠિત બન્યું. જેમ બોલીના નિયમો તારવીને વ્યાકરણ બને અને તેને આધારે શિષ્ટ અને સર્વમાન્ય એવું બંધારણ ધરાવતી ભાષા અસ્તિત્વમાં આવે તેમ દેશી સંગીતમાંથી જ કાળક્રમે રાગસંગીત સિદ્ધ થયું અને તે માર્ગી તરીકે ઓળખાવા લાગ્યું. સ્થળ, પ્રદેશ, જાતિ પ્રમાણે દેશી ફરતું રહેતું, પરંતુ માર્ગીને એક માનક નિશ્ચિત રૂપ મળતાં ભારતભરમાં એનું સ્વરૂપ લગભગ સમાન અને એકરૂપ રહ્યું. આ માર્ગી સંગીતના જાણકારને 'ગંધર્વ' તરીકે ઓળખવામાં આવ્યા. આમ, ગંધર્વ એટલે રાગસંગીતનો અને તેના શાસ્ત્રબદ્ધ સ્વરૂપનો જાણકાર.

પંડિત : સંગીતકલાના પ્રમુખ વર્ગોમાં મુખ્ય તો કલાકાર અને પંડિત છે. કલાકાર એટલે સંગીતને ક્રિયાત્મક સ્વરૂપમાં રજૂ કરી શકવાનું સામર્થ્ય જેનામાં છે તેવી વ્યક્તિ. પરંતુ પંડિત સંગીતકલાનો જાણકાર હોય છે, શાસ્ત્ર જાણે છે, છતાં તે પોતે કલાકારની જેમ રંજકરૂપમાં સંગીતને શ્રોતા સમક્ષ રજૂ કરી શકતો નથી. જેમ સર્જક અને વિવેચક ભિન્ન છે, તેમ કલાકાર અને પંડિત સંગીતકલાક્ષેત્રે છે.

સંગીતશાસ્ત્રકાર : આ પણ પંડિતનો જ એક પ્રકાર છે. પરંતુ પંડિતનો સામાન્ય અર્થ જાણકાર વિદ્વાન એવો છે. જો આવા વિદ્વાનમાં સંગીતકલાના સૂક્ષ્મ નિયમો સમજવાની, સમજાવવાની, તારવવાની શક્તિ હોય તો તે પોતે શાસ્ત્રકાર પણ બને છે. એનામાં જાણકારી ઉપરાંત સંશોધન કરવાની શક્તિદૃષ્ટિ હોય છે. શાસ્ત્રનું પરિશીલન કરીને તથા પ્રવર્તમાન પ્રવાહોનું વિવેચન-સંશોધન કરીને આવો શાસ્ત્રકાર સંગીતનું શાસ્ત્ર રચે છે.

સંગીતશિક્ષક : પંડિત અને શાસ્ત્રકારની જ પંગતમાં આરંભની કડી તે સંગીતશિક્ષક છે. એ પોતે રાગરાગિણી જાણતો હોય.

રાગસંગીતમાં બધાં અંગો જાણતો હોય અને તે કલાની સાધના કેવી રીતે કરવી અને તેમાં પ્રવીણ બનીને કલાકાર તરીકે કેવી રીતે પ્રસ્તુત કરવી તે જાણતો હોય છે. આવી વ્યક્તિ સંગીતનું શિક્ષણ આપે છે અને કલાકારો તૈયાર કરે છે. પરંતુ એના ગળામાં કે હાથમાં એવી કુદરતી શક્તિ નથી હોતી કે પોતે જે જાણે તેને ક્રિયાત્મક રૂપમાં સિદ્ધ કરી શકે. આથી સંગીતશિક્ષક પોતે ભલે ક્લાકાર ન હોય, પરંતુ એના માર્ગદર્શન-શિક્ષણમાં કલાકાર તૈયાર થાય છે.

અતાઈ ગાયક : સિદ્ધ ગાયક કે વાદક નિશ્ચિત ગુરુપરંપરા ધરાવતો હોય છે. કોઈ એક મુખ્ય ગુરુ પાસે તાલીમ લઈને તે કલાકાર બને છે. પરંતુ ક્યારેક કોઈ વ્યક્તિએ આવી રીતે કોઈ એક ગુરુ પાસે વ્યવસ્થિત શિક્ષણ લીધું હોતું નથી, પરંતુ એનામાં રસ હોય, શક્તિ હોય અને તે જુદા જુદા જણ પાસેથી જરૂરી માર્ગદર્શન મેળવે અને પોતાની જ સાધનાથી કલાકાર બને. એ જોઈને - સાંભળીને પોતાની જાતે જ તૈયાર થાય છે. આવી વ્યક્તિ માટે અતાઈ ગાયક એવી સંજ્ઞા પ્રયોજાય છે.

ઢાઢી ગાયક : વિવિધ જૂથમાં કૌટુમ્બિક કે જાતિગત વ્યવસાય તરીકે સંગીતકલાનો સ્વીકાર થયો અને કુળપરંપરામાં જ એના કલાકારો વિકસ્યા. રામલીલા જેવાં લોકનાટ્યોને સંગીતનૃત્યાદિથી રજૂ કરતાં કલાકારો આ વર્ગના છે. અને ઢાઢી ગાયક તરીકે ઓળખાય છે. કુલગત વ્યવસાયને કારણે એમને સ્વર, રાગ, તાલ વગેરેની તાલીમ મળે છે અને તેની તેઓ લોકો સમક્ષ રજૂઆત કરે છે.

કથક : રામકથા, કૃષ્ણકથા, પાંડવકથા જેવી ભારતવ્યાપી પુરાણકથાઓ ભારતમાં સંગીત, નૃત્ય અને નાટ્યનાં ત્રિવિધ સ્વરૂપે રજૂ થવા લાગી અને કેટલીક જાતિજ્ઞાતિનાં કુટુંબોએ આવી કલાનો વ્યવસાય તરીકે કે શોખથી સ્વીકાર કર્યો અને એમાં શાસ્ત્રીય નૃત્ય, સંગીત અને ગાયન-વાદન ભળ્યાં. આથી આ વર્ગમાં પણ શાસ્ત્રીય નૃત્ય અને રાગસંગીતનો વિકાસ થયો. આમ, કૌટુમ્બિક વ્યવસાય કે શોખથી નૃત્યસંગીતાદિથી પુરાણકથા રજૂ કરે અને એનું શિક્ષણ આપે તે કથકના કલાકાર કહેવાય.

કવ્વાલ : મુગલ રાજસત્તા દરમિયાન ઈરાન, અફઘાન વગેરેની અસર ભારતીય સંગીત પર પડી અને ફારસી અસરે ભારતીય રાગસંગીતનું સ્વરૂપ બદલાયું, બંધાયું અને નવા રાગો, સંમિશ્રણો, વાદ્યો, તાલ અસ્તિત્વમાં આવ્યાં તેમ નવી ગાનશૈલી પણ અસ્તિત્વમાં આવી. નાટ અને કવ્વાલી આવી ગાનશૈલી છે અને તેના ગાયકો કવ્વાલ તરીકે ઓળખાય છે.

વાગ્ગેયકાર : ભારતીય રાગસંગીતમાં જે રચનાઓ પરંપરાથી ગવાતી આવે છે તેમાંથી મોટા ભાગની રચનાઓ એવા રચનાકારોની છે જેમને સાહિત્યકલા અને સંગીતકલા બન્નેનું જ્ઞાન છે. કાવ્યસર્જન સાહિત્યકલાનું ક્ષેત્ર છે. સાહિત્યનો કલાકાર કવિ જ કાવ્યસર્જન કરે છે. સાહિત્યની જ રચનાઓ સંગીતમાં ગવાય છે. પરંતુ સાહિત્યની બધી જ રચનાઓ સંગીતની દૃષ્ટિએ ગેય હોતી નથી. સાહિત્યકૃતિ તરીકે રચના ઘણી સારી હોય પરંતુ એને રાગબદ્ધ ગેયરૂપમાં રજૂ કરતાં, તે રચના પૂરો ઉઠાવ ન પણ પામે. આનું કારણ એ છે કે રાગદારી રીતે ગવાતી રચનામાં સાહિત્ય હોવા ઉપરાંત ગેયતાનો પણ ગુણ હોવો જોઈએ. આથી જેને સંગીતકલાનો પ્રત્યક્ષ પરિચય હોય એ જ આવી રચનાને ન્યાય આપી શકે. આથી સંગીતમાં એવી રચનાઓ ગવાતી થઈ જેના રચયિતા પોતે સંગીત અને સાહિત્ય બન્ને કલાઓના પૂર્ણ જ્ઞાતા હતા. આવા રચયિતાને વાગ્ગેયકાર તરીકે ઓળખવામાં આવે છે. 'વાક્' એટલે વાણીમય, શબ્દરૂપ અને 'ગેય' એટલે ગાઈ શકાય તેવું. આથી 'વાગ્ગેય' એટલે ગાઈ શકાય તેવું વાણીનું રૂપ.

ભારતીય સંગીતશાસ્ત્રે વાગ્ગેયકારનાં પણ લક્ષણો નિશ્ચિત કરીને તેના ઉત્તમ, મધ્યમ અને અધમ એવા ત્રણ પ્રકાર દર્શાવ્યા છે. વાગ્ગેયકારનાં લક્ષણોમાં 'વાક્'ને 'માતુ' અને 'ગેય' ને 'ધાતુ' તરીકે દર્શાવવામાં આવ્યાં છે. અને જે વ્યક્તિ માતુ અને ધાતુ બન્નેને જાણે છે તેને વાગ્ગેયકાર કહ્યા છે. અર્થાત્ જે વ્યક્તિ સાહિત્યકલાની પદ્યરચના અને સંગીતની ગેયરચના, તેનાં સ્વર-તાલાદિને જાણે છે તેને વાગ્ગેયકાર કહે છે. 'માતુ'ના જ્ઞાતા તરીકે એ વ્યાકરણ, શબ્દ, છંદ, અલંકાર વગેરે જાણે છે અને શૃંગારાદિ રસ તથા તેના વિભાવાદિને પણ જાણે છે તે સાથે જ ભિન્ન ભિન્ન પ્રદેશના રીત-રિવાજ અને ભાષાદિ સાથે સંગીતનો પણ જાણકાર હોય છે.

સંગીતકલા સાથે જેનો પ્રત્યક્ષ સંબંધ છે તે ગીત, નૃત્ય વિશે પણ વાગ્ગેયકાર જાણતો હોય છે. આવી વ્યક્તિ હૃદ્ય-શારીર હોય છે - એટલે કે વિશેષ એવા અભ્યાસ અને કષ્ટ વગર પણ રાગને સુંદર સ્વર, લય અને તાલથી રજૂ કરવાની સાહજિક શક્તિ અર્થાત્ પ્રતિભા ધરાવતી હોય છે. વિવિધ સ્વર તથા સ્વરકાકુનું એને જ્ઞાન હોય છે. એની સર્જકપ્રતિભા વિકસિત હોય છે અને નવું નવું સ્ફુરે છે તે વાણી અને સ્વરના માધ્યમે રજૂ કરી શકે છે. એ રાગદ્વેષથી મુક્ત હોય છે. સરસતા જ એને સ્વીકાર્ય અને આરાધ્ય છે. શું ઉચિત અને શું અનુચિત, એની સારી પરખ હોય છે. એને આધારે જ નવી સ્વતંત્ર રચનાઓ નવા સ્વરબંધમાં તે આપે છે. શબ્દ, સ્વર અને લયને રમાડીને તે વાણીને સ્વરનું નવું જ રૂપ આપે છે. ભાવકનાં રસરુચિની એને પરખ હોય છે. પ્રબંધનો એ જ્ઞાતા હોય છે અને શીઘ્રકવિતા પણ એને સિદ્ધ હોય છે. ઉત્તમ લયાન્વિત રચનાઓની છાયા તે આત્મસાત્ કરીને રજૂ કરે છે. મંદ્ર, મધ્ય અને તાર એ ત્રણે સપ્તકમાં તે ગમકથી ગતિ કરી શકે છે, રાગાલપ્તિ અને રૂપકાલપ્તિમાં તે નિપુણ હોય છે. ભાવને ઘૂંટીને, લયાન્વિત કરીને રાગનાં સ્વરૂપ

(અનુસંધાન પૃ. ૩૪૨)

ઘડીભરનો મામલો

[illegible]

'સગો દીકરો ઊઠીને આમ બોલી જાય ? ધૂળમાં પડી જિંદગી. અમસ્તોય શો સવાદ રહ્યો છે આમાં ? કંટાળી ગયો છું. હવે તો છૂટી જાઉં તો નિરાંત.' દુર્ગેશભાઈનું મન આજે ખાટું થઈ ગયું હતું.

છેલ્લા દશ મહિનાથી તે ખાટલાવશ હતા. પૂરા દશ મહિનાથી. એક વહેલી સવારે બાથરૂમમાં જતાં લપસી ગયા. ડાબા પગના થાપાના હાડકામાં ઇજા થઈ. પગ પ્લાસ્ટરમાં રાખ્યો છે. હજી બે મહિના પ્લાસ્ટર રાખવું પડશે. માંડ માંડ પથારીમાં બેઠા થઈ શકાય છે.

આજ સવારની જ વાત છે. સાડા આઠ વાગી ગયા છતાં હિમાંશુ કે ઉમા - દીકરોવહુ - બંનેમાંથી કોઈ પોતાની પાસે આવ્યું નહીં. સાત-સવા સાત વાગ્યે ચા-નાસ્તો કરવાની દુર્ગેશભાઈની ટેવ. જાગીને બ્રશ કરતો કરતો હિમાંશુ પપ્પાની રૂમમાં આવે. દુર્ગેશભાઈની પીઠ પાછળ મોટો તકિયો ગોઠવીને તેમને બેઠા કરે. છાતી પાસે ટેબલ મૂકીને મોઢું ધોવા ગરમ પાણી, મંજનની શીશી, નેપ્કિન બધું આપે. દુર્ગેશભાઈ મંજન બાદ કોગળા કરી રહે એટલી વારમાં ઉમા ચા-નાસ્તો લઈને આવે. ચા-નાસ્તો પત્યા પછી હિમાંશુ દુર્ગેશભાઈને ખભાનો ટેકો આપીને હળવે હળવે બાથરૂમમાં લઈ જાય. તેમના આખા શરીરે સ્પંજ કરે અને કપડાં બદલી આપે. એ દરમિયાન ઉમા દુર્ગેશભાઈની પથારી ઝાપટીને સાફ કરી નાખે. પલંગ ઉપર દુર્ગેશભાઈને બેસાડીને એમના હાથમાં છાપું અથવા ચોપડી આપે. જમવાના સમય સુધી દુર્ગેશભાઈ વાંચ્યા કરે. સાડા અગિયારે ભોજન, સાડા ત્રણે ચા-પાણી, સાંજે વાળું - બધું એકધારું ચાલ્યા કરતું. પણ આજે?

ટન... સાડા આઠનો ટકોરો પડ્યો. દીવાલ પરની ઘડિયાળ ભણી દુર્ગેશભાઈની નજર ગઈ. હજી સુધી હિમાંશુ કે ઉમા કોઈ પોતાની રૂમમાં ફરક્યું નથી. જાગી તો ગયાં છે બધાં. હિમાંશુ, ઉમા, એમની નાની બેબી પૂર્વી - બધાં જ જાગી ગયાં છે. કોઈ આ બાજુ આવે કાં નહીં ? સમયસર ચા નહીં મળતાં દુર્ગેશભાઈનું માથું દુઃખવા લાગ્યું. મનોમન અકળાઈ ગયા. ચીડ ચડી : આ સાલાઓને મારી કાંઈ પડી છે ? ગઈ રાતે હિમાંશુનો સાળો મુંબઈથી આવ્યો છે. એ બધાં રસોડામાં બેઠાં બેઠાં વાતોના તડાકા મારી રહ્યાં હતાં. પ્યાલારકાબીના ખખડાટની સાથે હસવાબોલવાનો અવાજ પણ આવી રહ્યો હતો.

'દાદા, કેવી રીતે ચાલે છે?' ઉમા પાંચ વર્ષની પુત્રી પૂર્વીને પૂછતી હતી. પૂર્વીએ અપંગ દાદાજીની ચાલના ચાળા પાડી બતાવ્યા.

સહુ મોટેથી હસી પડ્યાં. એમના હસવાના અવાજ સાથે જ દુર્ગેશભાઈએ મિજાજ ગુમાવ્યો. તે બરાડી ઊઠ્યા, 'હિમાંશુ, ઉમા, શું કરો છો બધાં ? મને ચા-પાણી આપવાનું કોઈને યાદ જ નથી આવતું કે શું?'

હિમાંશુ ઉતાવળે પગલે દુર્ગેશભાઈની રૂમમાં આવ્યો : 'પપ્પા, પપ્પા, આટલી રાડો કાં પાડો? શું છે?'

'આ જો ઘડિયાળ સામે' આંગળી ચીંધી દુર્ગેશભાઈ બોલ્યા. 'જો આ ઘડિયાળ, સાડા આઠ થયા. ચાનું હજી ઠેકાણું નથી. શું છે આજે આ બધું?' એમના શબ્દોમાં ઉશ્કેરાટ હતો.

'પણ... પણ... આજે તો રવિવાર છે. મહેમાન આવ્યા છે. તમે શાંતિ રાખો. તમારી ચા લાવી દઉં છું, પપ્પા.'

'મારી તો તમને લોકોને કાંઈ પડી જ નથી. મહેમાન પડે મોટી ખા...' દુર્ગેશભાઈએ જીભ વાળી તો લીધી પણ એમનો અવાજ આખા ઘરમાં પડઘા પાડી રહ્યો.

હિમાંશુએ કાંઈ પણ બોલ્યા વિના દુર્ગેશભાઈને બેઠા કરીને તેમની પીઠ પાછળ તકિયો ગોઠવી દીધો. છાતી પાસે ટેબલ લાવીને મૂક્યું. ગરમ પાણીનું વાસણ અને મંજનની શીશી ટેબલ ઉપર ધબ કરીને મૂકી. દુર્ગેશભાઈ મોં ધોવામાં પડ્યા. થોડી વારમાં ઉમા ચા-નાસ્તો લાવી. નિત્યક્રમ આટોપાયો. દુર્ગેશભાઈના મોં પરની ચીડ હજી દૂર થઈ નહોતી. ઉમાના મોં ઉપર તિરસ્કાર હતો. હિમાંશુના હોઠ ઊઘડું ઊઘડું થતા અટકી જતા હતા. તે પરાણે જાતને કાબૂમાં રાખતો હતો.

સારી એવી વાર વાતાવરણ ભારેખમ રહ્યું. દીકરોવહુ અંદરના ભાગમાં ગયાં. વચ્ચે વચ્ચે એમનાં સંભળાતાં વાક્યો ભાર વધારતાં હતાં.

'આમની તો બુદ્ધિ જ બગડી ગઈ છે. તે દિવસે જમનામાસી ખબર કાઢવા આવ્યાં ત્યારેય કેવું કેવું બોલવા માંડેલા?'

'હવે તો વૃદ્ધાશ્રમમાં મૂકી આવીએ. ઘણો પૈસો એકઠો કર્યો છે એમણે. કાયમની આ પળોજણ નથી વેઠાતી. આમાંથી છુટકારો નથી થતો.' હિમાંશુના દાંત ભીંસેલા મોંમાંથી નીકળેલા શબ્દો બંદૂકની ગોળીની પેઠે દુર્ગેશભાઈના લમણામાં વાગ્યા. તેમને તમ્મર આવી ગયાં જેવું થયું. મગજ બહેર મારી ગયું. તે કાંઈ જ બોલી ન શક્યા. દીકરાવહુનો અવાજ તો હજી સંભળાઈ રહ્યો હતો. એમના શબ્દો પકડાતા નહોતા. ગોળીઓ વછૂટતી હશે ધડ... ધડ... ધડ...

'આ હિમાંશુ, આ દીકરો, એની મા ગુજરી ગઈ ત્યારે પંદર વર્ષનો હતો. એકના એક દીકરાને કેવાં લાડકોડથી પોતે ઉછેર્યો! એને સાવકી માનો ત્રાસ વેઠવો ન પડે એ માટે ફરી વાર પોતે પરણ્યાય નહીં. કોઈ માગું લઈને આવતું કે દુર્ગેશભાઈની નજરમાં હિમાંશુનું નિમાણું મોં તરવરી રહેતું.

આજે આ ? દસ જ મહિનામાં દીકરો બાપથી કંટાળી ગયો? વિચારતંદ્રામાં પડેલા દુર્ગેશભાઈથી હાથની મુઠ્ઠી વળી ગઈ.

થોડી વારે દુર્ગેશભાઈએ આંખો ખોલી. પલંગ પાસેની બારીના સળિયા ઉપર સર્પ લટકતો હતો! દુર્ગેશભાઈ ચમક્યા. ધ્યાનથી જોયું. દોરડી હતી. પૂર્વી ઘણી વાર બપોરે દુર્ગેશભાઈના રૂમમાં આવીને દોરડી ઠેકવાની રમત રમતી. હાથ લાંબો કરીને દુર્ગેશભાઈએ દોરડી લઈ લીધી. બંને હાથ વડે ખેંચી જોઈ. પૂરતી મજબૂત હતી. લંબાઈ પણ બરાબર હતી. જરા ઊંચા થઈને એનો એક છેડો બારીના સળિયા સાથે બાંધી દેવાનો. બીજા છેડે ગાળિયો બનાવી ડોકમાં પરોવી દેવાનો - શરીર છૂટું મૂકી દઈશ. ઘડીભરનો મામલો. થોડી વારમાં ફેંસલો. બધી વાતનો અંત. દુર્ગેશભાઈએ સમય નક્કી કરી લીધો. સાંજ બરાબર છે. હિમાંશુ અને ઉમા મહેમાનને લઈને સાંજે ફરવા જશે જ. પૂર્વી પણ જોડે જશે. ત્યારે પૂરતી અનુકૂળતા રહેશે. દુર્ગેશભાઈનો હાથ દોરડી ઉપર ફરતો હતો. ક્યારેક જોશપૂર્વક દોરડી પકડી લેતા હતા.

*

રસોડામાં વઘારનો છમકારો થયો. રસોઈની સુગંધ આવવા લાગી. 'ઓહો! બાર વાગી ગયા?' દુર્ગેશભાઈએ ઘડિયાળ સામે જોયું.

'આજે ખાટાં ઢોકળાં શામાટે કર્યાં ? પપ્પાને ખાટું ખાવાની મનાઈ છે. તને ખબર નથી?' હિમાંશુ ઉમાને કહેતો હતો, 'પપ્પા બિચારા ખાઈ ન શકે અને આપણે ઢોકળાં ખાઈએ એ સારું કહેવાય? પપ્પાને ઢોકળાં કેટલાં ભાવે છે એ તો તને ખબર જ છે ને!'

'સોરી. હું ભૂલી ગઈ. યાદ ન આવ્યું.'

દીકરા-વહુનો સંવાદ દુર્ગેશભાઈના કાને પડ્યો. દોરડી પરની તેમની પકડ ઢીલી પડવા લાગી.

'પપ્પાનું દુઃખ તો આપણે નથી લઈ શકતાં, પણ...' ગળગળા અવાજે હિમાંશુ બોલતો હતો.

હાથમાંની દોરડીને સર્પ સમજીને દુર્ગેશભાઈએ પથારી નીચે હડસેલી દીધી. □

અનુસંધાન] સંગીતશાસ્ત્ર [પૃ. ૩૪૦થી

સાથે તે પ્રકટ કરે છે.

આ લક્ષણો ઉત્તમ વાગ્ગેયકારનાં છે. પરંતુ જે સ્વરરચનામાં પ્રવીણ હોય, એટલે કે ધાતુઅંગ સિદ્ધ હોય પરંતુ માતુમાં મંદબુદ્ધિ હોય તો તે વાગ્ગેયકાર મધ્યમ ગણાય. એ રીતે માતુઅંગ સિદ્ધ હોય પરંતુ ધાતુઅંગ પર પૂરતો કાબૂ ન હોય તો પણ તે મધ્યમ વાગ્ગેયકાર ગણાય. પરંતુ જેને માત્ર શબ્દજ્ઞાન જ છે અને એથી જોડકણાં કરી જાણે છે ને તેમાં સાહિત્યની સર્જકતા નથી હોતી ને જેને સ્વરરચનાનું પણ પૂરું જ્ઞાન નથી તે વાગ્ગેયકાર અધમ છે.

ભારતીય રાગસંગીતમાં વાગ્ગેયકારી રચનાઓની સુદીર્ઘ પરંપરા છે. એમાં અદારંગ-સદારંગ જેવા સંગીતજ્ઞો સાથે જ સુરદાસ અને કબીર જેવા ઉત્તમ કવિસંતોની કૃતિઓનો સમાવેશ થાય છે. અને છેક ૐકારનાથ અને એમના શિષ્ય પં.મહાદેવશર્મા શાસ્ત્રી સુધી વાગ્ગેયકારી પરંપરા રહી છે, અને એમાં વ્રજ છાંટવાળી ભાષાનો પ્રયોગ થાય છે. (ક્રમશઃ)

લઘુકથા

ગુરુ બજુવાનું ધ્યાન

બહાદુરભાઈ જ. વાંક

એક સભામાં ગુરુ બજુવાને કેટલાક શ્રોતાઓએ પૂછ્યું : 'આપ ધ્યાન ક્યારે કરો છો?'

બજુવા : 'જ્યારે હું ધ્યાન કરતો નથી ત્યારે!'

શ્રોતાઓ : 'તો ખરેખર આપ ધ્યાન કરો છો ત્યારે શું કરો છો?'

બજુવા : 'ત્યારે તો હું કંઈ જ કરતો નથી! બધું જ ધ્યાન કરે છે!' શ્રોતાઓ : 'ધ્યાન વળી શું કરે છે?'

બજુવા : 'ધ્યાન પણ કંઈ જ કરતું નથી. એ માત્ર મને જોયે રાખે છે!'

શ્રોતાઓ : 'ધ્યાન આપને જોયે રાખે છે ત્યારે આપ શું કરો છો?' બજુવા : 'હું ધ્યાનને જોયે રાખું છું!'

શ્રોતાઓ : 'તો એનો મતલબ એ જ કે આપ અને ધ્યાન જુદાં છો એમ જ ને?'

બજુવા : 'ના, એનો મતલબ એ જ કે હું અને ધ્યાન એક જ છીએ!'

શ્રોતાઓ : 'આપની વાત સમજી શકાતી નથી.'

બજુવા : 'આવી વાત સમજવાની કોઈ જરૂર ખરી?'

શ્રોતાઓ : 'જેવી આપની ઇચ્છા.'

બજુવા : 'મારી તો કોઈ ઇચ્છા જ નથી.'

શ્રોતાઓ : 'ધ્યાનની પણ ઇચ્છા નહીં?'

બજુવા : 'ધ્યાનની ઇચ્છા ન હોય, અવસ્થા જ હોય!'

શ્રોતાઓ : 'તો આપની એ અવસ્થા વિશે અમને કંઈ ન કહી શકો?'

બજુવા : 'કહી શકાય તો તો એ ધ્યાનની અવસ્થા જ ન કહેવાય.'

શ્રોતાઓ : 'આપ અમને એટલું તો કહો ને કહો જ... આપ હંમેશાં કોનું ધ્યાન ધરો છો?'

બજુવા : 'ધ્યાન કરનાર કોણ છે એની જ જો મને ખબર ન હોય તો હું તમારા પ્રશ્નનો પણ શું જવાબ આપું?'

શ્રોતાઓ : 'ધ્યાન કરનાર કોણ છે એની જ જો આપને ખબર ન હોય તો વળી કોને ખબર હોય ?'

ને હસતાં હસતાં બજુવા ઉવાચ : 'એ કોણની શોધ એ જ તો મારું ધ્યાન છે!!' □

આવો, શીખીએ અંગ્રેજી (૨૨)

ધનુભાઈ મહેતા

વિશેષણ - Adjective - ઍડ્જિક્ટિવ (૨)

પાઠ ક્રમ એકવીસના અનુસંધાનમાં વિશેષણ વિષે આગળ શીખીએ.

(૪) સંખ્યાદર્શક વિશેષણ - Numeral adjective - ન્યૂમરલ ઍડ્જિક્ટિવ.

વિશેષ્યની નિશ્ચિત કે અનિશ્ચિત સંખ્યા સૂચવતાં વિશેષણો તે સંખ્યાદર્શક વિશેષણો. સંખ્યાદર્શક વિશેષણ બે પ્રકારનાં છે :

(૧) નિશ્ચિત - definite - ડેફિનિટ (૨) અનિશ્ચિત - indefinite - ઈનડેફિનિટ.

આ વિશેષણો વ્યક્તિ કે વસ્તુની સંખ્યા અને સ્થિતિ દર્શાવે છે. નિશ્ચિત સંખ્યાદર્શક વિશેષણ વ્યક્તિ કે વસ્તુની ચોક્કસ સંખ્યા જણાવે છે એટલે કે એક, બે, ત્રણ, ચાર એ પ્રમાંણે. એટલે કે મૂળ આંક - 'cardinal - કાર્ડિનલ અને ક્રમવાચક સંખ્યા એટલે કે પહેલો, બીજો, ત્રીજો એ પ્રમાણેનો ક્રમવાચક આંક - ordinal - ઑર્ડિનલ - દર્શાવે છે. અનિશ્ચિત વિશેષણ કોઈ ચોક્કસ સંખ્યા દર્શાવવાને બદલે, 'બધાં', 'કેટલાંક', 'ઘણાં', 'થોડાંક' એવો ભાવ દર્શાવે છે. સંખ્યાદર્શક વિશેષણનો વાક્યપ્રયોગ જોઈએ.

વૃક્ષ નીચે ત્રણ ગાયો ઊભી છે.

Three cows are standing under a tree.

મારી પાસે એક રૂપિયાની નોટ છે.

I have a one-rupee note.

અમેરિકા શોધનાર કોલમ્બસ પ્રથમ માણસ હતો.

Columbus was the first man to discover America.

'all', 'some', 'many', 'no', 'few', 'several', 'certain' વગેરે અનિશ્ચિત વિશેષણો છે.

'All' જથ્થાવાચક નામના વિશેષણ તરીકે આવે ત્યારે 'બધું' અને સંખ્યાવાચક નામના વિશેષણ તરીકે આવે ત્યારે 'બધાં' સમજવું. જથ્થાવાચક નામના વિશેષણ રૂપેનો 'all'નો પ્રયોગ આપણે શીખી ગયા છીએ. સંખ્યાવાચક વિશેષણ તરીકે તેનો વાક્યમાં પ્રયોગ કેમ થાય તે શીખીએ.

બધા માણસો મર્ત્ય છે. All men are mortal.

'Some' વિષે પણ ઉપર પ્રમાણે સમજવું. જથ્થાવાચક વિશેષણ તરીકે 'થોડુંક', 'કેટલુંક' અને સંખ્યાવાચક વિશેષણ તરીકે 'કેટલાંક', 'થોડાંક' એમ અર્થઘટન થાય. જેમ કે -

કેટલાંક માણસો વિશ્વાસપાત્ર હોય છે. Some men are trustworthy. (trustworthy - ટ્રસ્ટવર્ધી - વિશ્વાસપાત્ર)

Many - મેની - 'ઘણાં'. વાક્યમાં તેનો નીચે પ્રમાણે ઉપયોગ થાય છે.

મારી પાસે વ્યાકરણનાં ઘણાં પુસ્તકો છે.

I have many books on grammar.

'No'ને એક વિશિષ્ટ પ્રકારના વિશેષણ તરીકે આપણે ઓળખ્યું છે. નામના બહુવચન પૂર્વે હકાર ક્રિયાપદ પછી તે વપરાય. જેમ કે -

હઝરત મહમદ પયગમ્બરને કોઈ દુશ્મન ન હતા.

Hazarat Mohmed Paygambar had no enemies.

'Few, a few, the few' - વિષેનો પ્રયોગ આગળના પાઠમાં 'Little, a little, the little' વિષે સમજ્યા તે પ્રમાણે સમજવો. તફાવત માત્ર એટલો જ કે 'little' જથ્થાવાચક નામની આગળ તો 'few' સંખ્યાવાચક નામની આગળ વપરાય. નીચેના વાક્યપ્રયોગ પરથી બન્ને વચ્ચેનો ભેદ સ્પષ્ટ થશે.

'few' - ફ્યૂ - થોડાં પણ લગભગ નહિવત્. (નકારાત્મક ભાવ.)

તેને થોડાક જ મિત્ર છે. He has few friends.

'a few - અ ફ્યૂ - થોડાં તો ખરા જ, રડ્યાખડ્યા. (હકારભાવ.)

સભામાં જૂજ સભ્યો હાજર હતાં. (રડ્યાંખડ્યાં)

A few members were present in the meeting.

જે થોડાંઘણાં સભ્યો હાજર હતાં તેમણે ચર્ચા શરૂ કરી. The few members who were present began the discussion.

'Several' - સેવરલ - કેટલાય, ત્રણ કે ત્રણથી વધારે.' વાક્યમાં આ રીતે પ્રયોગ જાણવો.

આ કબાટમાં વ્યાકરણ પરનાં કેટલાંય પુસ્તકો છે.

There are several books on grammar in this cupboard.

'Certain' - સર્ટન - કોઈ એક કે અમુક.

કોઈ એક વાંસળીવાળો હતો.

There was a certain piper. (a piper-પાઈપર-વાંસળીવાળો)

(૫) દર્શક વિશેષણ - demonstrative adjective - ડિમોન્સ્ટ્રટિવ ઍડ્જિક્ટિવ. જે વિશેષણ તેની સાથે આવેલ નજીક કે દૂરના કોઈ નામ પ્રત્યે અંગુલીનિર્દેશ કરી બતાવે તે દર્શક વિશેષણ. તેના પણ બે પ્રકાર છે : નિશ્ચિત અને અનિશ્ચિત. 'this', 'that', 'such', 'same' એ નિશ્ચિત દર્શક વિશેષણો છે. વાક્યમાં તેનો પ્રયોગ સમજીએ.

આ પુસ્તક ગીતા છે. (નજીક) This book is the Gita.

પેલું પુસ્તક મહાભારત છે. (દૂર)

That book is the Mahabharat.

આના જેવું પુસ્તક વિરલ છે.

Such a book as this is rare. (Rare - રેર્ - વિરલ)

એક ને એક વાત તેણે ફરી ફરી કહી.

He told the same story again and again.

એક વાત ધ્યાનમાં રાખશો કે 'such' પછી 'which' કે 'that' વપરાય નહિ, પણ 'as' જ વપરાય.

'a', 'an', 'one', 'a certain', 'any', 'some', 'another', 'any other' અને 'other' આટલાં દર્શક વિશેષણો છે.

તે બધાંને વાક્યપ્રયોગ દ્વારા દૃઢ કરીએ.

એક માણસ ગધેડા પર સવારી કરી રહ્યો છે.

A man is riding on a donkey.

એક ઈંડું છે. There is an egg.

હું એક દિવસ મારી માતૃસંસ્થાની મુલાકાત લઈશ.

I shall visit my Alma-mater one day. (alma-mater - અલ્મા-મેટર - માતૃસંસ્થા - શાળા કે કોલેજ જ્યાં અભ્યાસ કર્યો હોય તે)

હું અમુક માણસને ઓળખું છું કે જેની ભવિષ્યવાણી હંમેશાં સાચી પડે છે. I know a certain man whose professy always turns out to be true. (a professy - અ પ્રોફેસી - ભવિષ્યવાણી)

કોઈ પણ માણસ આ કામ કરી શકે.

Any person can do this work.

મને કેટલાંક ઉત્તમ પુસ્તકો આપો.

Give me some best books.

તમારે કોઈ એક કે બીજી વાનગી ચાખવી પડશે.

You will have to taste some item or other. (an item - આઈટમ - વાનગી)

વડાપ્રધાન આજે બીજા કોઈ માણસને મળ્યા નથી.

The Prime Minister has not met any other person today.

પ્રયાણ કરવા માટે બીજો સમય નક્કી કરવામાં આવ્યો.

Another time was fixed to set out.

(૬) વિયોજક વિશેષણ - Distributive adjective - ડિસ્ટ્રિબ્યુટિવ એડ્જિક્ટિવ

વિશેષણને અલગ તારવી દર્શાવે તે વિયોજક વિશેષણ; જેવાં કે 'each', every', 'either', 'neither'. દા.ત.

વર્ગમાં ત્રીસ વિદ્યાર્થીઓ છે. દરેક ગણવેશમાં છે.

There are thirty pupils in the class. Each is in a uniform.

દરેક શાળામાં પુસ્તકાલય હોય છે.

Every school has a library.

આ બે રસ્તાઓમાંનો કોઈ પણ એક તમને સ્ટેશને લઈ જશે.

Either of these two roads, one will lead you to the station.

આ બેમાંથી એક પણ છોકરો હોશિયાર નથી.

Neither of these boys is clever.

(૭) પ્રશ્નાર્થ અને ઉદ્ગાર વિશેષણ

'interrogative and exclamatory adjectives - ઇન્ટરોગેટિવ એન્ડ એકસ્ક્લેમેટરી એડ્જિક્ટિવ'

'What', 'which' અને 'whose' - પ્રશ્ન પૂછવા માટે વપરાતા આ ત્રણે પ્રશ્નાર્થવાચક શબ્દો પ્રશ્નાર્થ વિશેષણ છે અને તેના વિશેષ્યનું સ્થાન તેના પછી આવે છે. તેનો વાક્યપ્રયોગ જોઈએ :

આ શેનું પુસ્તક છે ? What book is this ?

તમે ક્યો રંગ પસંદ કરશો ?

Which colour will you choose ?

આ કોની બ્રીફ-કેસ છે? Whose briefcase is this?

'What' ઉદ્ગારવાચક વિશેષણ તરીકે પણ વપરાય છે.

આ કેવું મૂર્ખાઈભર્યું છે! What nonsence this is!

મનુષ્ય રચનાકૃતિનો કેવો નમૂનો!

What a piece af work is man!

(૮) સંબંધક વિશેષણ - possessive adjective - પઝેસિવ એડ્જિક્ટિવ.

સંબંધક વિભક્તિનાં નામ અને સર્વનામ વિશેષણની ગરજ સારે છે. નામની પૂર્વે 'my', 'thy', 'his', 'her', 'its', 'our', 'your' અને 'their' આવે ત્યારે તે સંબંધક વિશેષણ બને છે. જેમ કે -

રચનાનાં ચિત્રો સુંદર છે.

Rachana's paintings are beautiful.

મારું ઘર મોટું છે. My house is big.

(૯) ભારવાચક વિશેષણ - Emphatic adjective - ઇમ્ફેટિક એડ્જિક્ટિવ.

'Own - ઓન - પોતાનું' અને 'very - વેરી - એ જ, સાચું, ખરું.' આ બન્ને ભારવાચક વિશેષણો છે. તે નામની પૂર્વે વપરાય છે. વાક્યો દ્વારા સમજીએ.

મેં મારી આંખે જ અકસ્માત જોયો.

I saw the accident with my own eyes.

એ સ્મારક આજ દિન લગી ત્યાં ખડું છે.

That monument stands there to this very day.

તું પોતે જ તારો ગુરુ બન. Be thy own teacher.

તારા પગ પર જ ઊભો રહે. Stand on thy own legs.

'સર્વનામ' અને 'વિશેષણ' વિષે શીખતાં એક મુદ્દો ખ્યાલમાં આવ્યો હશે કે મોટા ભાગના જે શબ્દો સર્વનામ રૂપે વપરાય છે તે જ વિશેષણ રૂપે પણ કામ કરે છે. શબ્દ કયા પદે આવે છે તે પરથી તે સર્વનામ તરીકે કે વિશેષણ તરીકે વપરાયો છે તે સમજાય અને તે સમજાય તો પદચ્છેદ આવડે અને પદચ્છેદ આવડે તો વાક્યરચનાની પૂરી સમજ આવે. (ક્રમશઃ)

ગુજરાત રાજ્યની સ્થાપનાની ચાળીસમી વર્ષગાંઠ નિમિત્તે રાજ્યના બંધારણીય વડાની સંક્ષિપ્ત તવારીખ રજૂ કરતો લેખ

ગુજરાતનાં ગવર્નરો

—— ભરતકુમાર પ્રા. ઠાકર • સંજય પી. ઠાકર ——

ગતાંકમાં આપણે ૧૯૬૦થી ૧૯૮૫ દરમિયાન આવેલા ગુજરાતનાં પ્રથમ સાત રાજ્યપાલો સુધીની તવારીખ જોઈ ગયા. અહીં ૧૯૮૬ થી ૧૯૯૯ લગીના બાકીના સાત ગવર્નરોની ઝલક આવરી લીધી છે.

આર. કે. ત્રિવેદી

નેહરુના સ્થાને ગુજરાતના આઠમા રાજ્યપાલ તરીકે આઈ.એ.એસ. અધિકારી રામકૃષ્ણ ત્રિવેદી નિયુક્ત થયા.




૧૯૮૨-૮૫ દરમિયાન દેશના ચિફ ઇલેક્શન કમિશનર તરીકે કામગીરી બજાવી ચૂકેલા આર.કે. ત્રિવેદી ગુજરાતના ગવર્નર-પદે આવનાર સતત બીજા નિવૃત્ત સનદી અધિકારી હતા.

રાજીવ ગાંધીના કૃપાપાત્ર તરીકે ૧૯૮૬ના વર્ષમાં ગુજરાતમાં આવનાર ત્રિવેદી એક નિવૃત્ત અનુભવી અધિકારી તરીકે રાજ્ય સરકારને માર્ગદર્શક અને મદદરૂપ નીવડ્યા હતા. કેન્દ્ર અને રાજ્ય વચ્ચે કડીરૂપ બની ગુજરાતને વિશેષ આર્થિક સહાય મેળવી આપવામાં નિમિત્ત બન્યા હતા. ગવર્નરના કેન્દ્ર સરકાર સાથેના સંબંધો સેતુ બનીને કેવા ઉપયોગી નીવડી શકે તેનું શ્રેષ્ઠ ઉદાહરણ શ્રી ત્રિવેદી હતા.

પ્રકૃતિએ સરળ, તટસ્થ, પ્રગલ્ભ અને પ્રશાંત એવા ત્રિવેદીસાહેબ ૧૯૮૬-૯૦ દરમિયાન સવા ચાર વર્ષ ગુજરાતના રાજ્યપાલપદે રહ્યા હતા અને ત્રણ મુખ્યપ્રધાનો અમરસિંહ, માધવસિંહ તથા ચીમનભાઈ જોડે કાર્ય કરેલું. લોકસભાની ચૂંટણીના પગલે ૧૯૮૯ના અંત ભાગમાં કેન્દ્રમાં સત્તાપલટો થતાં અને રાજીવ ગાંધીના સ્થાને વી.પી. સિંહ વડાપ્રધાન બનતાં ૧૯૯૦માં તેમણે રાજીનામું આપેલું.

મહિપાલ શાસ્ત્રી

શ્રી ત્રિવેદી પછી ગુજરાતના નવમા રાજ્યપાલ તરીકે ૧૯૯૦ના મધ્યમાં મહિપાલસિંહ શાસ્ત્રી આવ્યા. ગાંધીવાદી



અને સિદ્ધાંતપ્રિય વ્યક્તિત્વ ધરાવતા શ્રી શાસ્ત્રી ગુજરાતના રાજ્યપાલોની તવારીખમાં સૌથી ઓછો સમય (૭ મહિના, ૨૦ દિવસ) આ પદ પર રહ્યા હતા. મુખ્ય મંત્રીશ્રી ચીમનભાઈ પટેલના સમયમાં તેમણે કામ કરેલું.

શ્રીમન્ નારાયણ પછી સફેદ ખાદીની ગાંધી ટોપી પહેરીને ગાંધીનગરના રાજભવનમાં સત્તા ગ્રહણ કરનાર શ્રી શાસ્ત્રી 'બીજા ગાંધીવાદી ગવર્નર' હતા. પદભાર. સંભાળ્યાના એક મહિને કોમી એખલાસ અર્થે તેમણે એક દિવસનો કરેલો પ્રતીક ઉપવાસ ગુજરાતનાં ગવર્નરોના સિલસિલામાં ઉલ્લેખનીય ખરો !

બાકી રાજ્યપાલ તરીકેના તેમના ટૂંકા કાર્યકાળ દરમિયાન ખાસ કોઈ વિશેષ બનાવ કે સિદ્ધિ નોંધાયાં નથી. તેમના સમયમાં પણ (રાજ્યપાલ બન્યાના વર્ષ ૧૯૯૦માં જ) કેન્દ્રમાં શાસનપલટો થતાં અને વી.પી. સિંહના સ્થાને ચંદ્રશેખર વડાપ્રધાન બનતાં પુનઃ ગુજરાતના ગવર્નર પણ બદલાયા હતા.

ડૉ. સરૂપસિંહ

પરિણામે ૧૯૯૦ના અંત ભાગમાં મૂળે હરિયાણાના વતની ૭૩ વર્ષીય ડૉ. સરૂપસિંહ ચૌધરીએ ગુજરાતના દસમા રાજ્યપાલ



તરીકેનો હવાલો સંભાળ્યો હતો. શિક્ષણ ક્ષેત્રે વિશિષ્ટ અને ઘનિષ્ઠ કારકિર્દી ધરાવનાર ડૉ. સિંહે (જન્મ ૯મી જાન્યુઆરી, ૧૯૧૭) અંગ્રેજી સાહિત્યમાં પી.એચડી. (૧૯૫૩) અને મેરઠ યુનિવર્સિટીની ડી. લિટ્. (૧૯૬૦)ની પદવીઓ તથા બ્રિટિશ રિસર્ચ કાઉન્સિલની ફેલોશિપ પ્રાપ્ત કરી હતી.

ગુજરાતના ગવર્નર બન્યા અગાઉ તેઓ દિલ્હીની કોલેજોમાં અંગ્રેજીના વ્યાખ્યાતા, દિલ્હી વિશ્વવિદ્યાલયના ઉપકુલપતિ, અમેરિકન અને ઓસ્ટ્રેલિયન યુનિવર્સિટીઓના મુલાકાતી પ્રાધ્યાપક, યુનિયન પબ્લિક સર્વિસ કમિશનના સભ્ય, રાજ્યસભાના સદસ્ય અને કેરાલાના રાજ્યપાલ તરીકે કામ કરી ચૂક્યા હતા.

નામ પ્રમાણે માત્ર 'સ્વરૂપ' (દેખાવ)ના જ ગવર્નર નહિ, પરંતુ એક વ્યક્તિવિશેષના રૂપમાં પણ સરૂપસિંહે ગુજરાતની પ્રજામાં સ્મરણીય છાપ પાડેલી છે. રાજભવનની ચાર દીવાલો વચ્ચેની શાહી પરંપરાઓ જાળવીને પણ તેઓ પ્રજાભિમુખ કાર્યક્રમોમાં સહભાગી બનતા. ફરી શ્રીમન્ નારાયણને યાદ કરીએ તો એમના પછી પ્રકૃતિએ અને પ્રવૃત્તિએ વિદ્યાવ્યાસંગી તેમજ સાહિત્ય પ્રત્યે પણ અભિરુચિ ધરાવનાર સરૂપસિંહ ગુજરાતને બીજા 'શિક્ષણશાસ્ત્રી' ગવર્નરરૂપે મળ્યા હતા. ૧૯૯૦-૯૫ દરમિયાન ચીમનભાઈ, છબીલદાસ તથા કેશુભાઈ સાથે એમણે વહીવટ ચલાવેલો.

નરેશચંદ્ર સકસેના

શ્રી સરૂપસિંહની વિદાય પછી ૧૯૯૫માં ગુજરાતના અગિયારમા રાજ્યપાલ તરીકે ૬૧ વર્ષીય નરેશચંદ્ર સકસેના નિમાયા હતા, જેઓ કેન્દ્રીય ગુપ્તચર સંસ્થા 'રૉ'ના વડા અને



નરેશચંદ્ર સક્સેના



કૃષ્ણપાલસિંહ

જમ્મુ-કાશ્મીરના રાજ્યપાલ તરીકે કામગીરી બજાવી ચૂકેલા ગિરીશચંદ્ર સક્સેનાના ભાઈ થતા હતા. ભારતનાં રાજ્યપાલોના ઇતિહાસમાં કોઈ બે ભાઈઓ રાજ્યપાલ બન્યા હોય એવો આ સંભવતઃ એકમાત્ર કિસ્સો છે.

અલ્હાબાદમાં જન્મેલા, રાજસ્થાન કેડરના આઈ.એ.એસ. અધિકારી અને અપરિણીત એવા નરેશચંદ્ર આ અગાઉ એક વ્યાખ્યાતા, રાજસ્થાન અને કેન્દ્રના વિવિધ વિભાગોમાં સચિવ, જમ્મુ-કાશ્મીર રાજ્યપાલના સલાહકાર અને છેલ્લે વડાપ્રધાનના અયોધ્યા બાબતો અંગેના વરિષ્ઠ સલાહકાર તરીકે સેવાઓ આપી ચૂક્યા હતા. બી.કે. નેહરુ અને આર.કે. ત્રિવેદી પછી નરેશચંદ્ર ગુજરાતના ગવર્નરપદે આવનાર ત્રીજા નિવૃત્ત સનદી અધિકારી હતા.

૧૯૯૫માં શંકરસિંહ વાઘેલાએ 'ખજૂરાહો કાંડ' સર્જી પોતાના જ પક્ષ (ભાજપ)ની સરકાર સામે બળવો કરતાં કેશુભાઈ પટેલના સ્થાને સુરેશચંદ્ર મહેતા મુખ્યમંત્રી પદે આવ્યા હતા. તે વખતની રાજકીય અસ્થિરતા વચ્ચે તેમણે બંધારણીય પ્રણાલિકાને અનુસરીને હોદ્દાનું ગૌરવ સાચવ્યું હતું.

તે સિવાય એમના સમયની ખાસ કોઈ બાબત ઉલ્લેખનીય નથી. કે.એમ. ચાંડી અને મહિપાલ શાસ્ત્રીની જેમ નરેશચંદ્રનો કાર્યકાળ પણ ટૂંકો રહ્યો હતો. ૧૯૯૫-૯૬ દરમિયાન માત્ર આઠ મહિના જ રાજ્યનું બંધારણીય પદ તેમણે સંભાળ્યું હતું. અમેરિકામાં ભારતીય એલચી સિદ્ધાર્થશંકર રાય નિવૃત્ત થતાં તેમના સ્થાને ૧૯૯૬માં નરેશચંદ્રની નિમણૂક કરવામાં આવી હતી.

કૃષ્ણપાલસિંહ

નરેશચંદ્રના અનુગામી તરીકે લાંબી રાજકીય કારકિર્દી ધરાવનાર ૭૪ વર્ષીય કૃષ્ણપાલસિંહ(જન્મ ૨જી ઑગસ્ટ, ૧૯૨૨)એ ગુજરાતના બારમા રાજ્યપાલ તરીકે હોદ્દો સંભાળ્યો હતો. મધ્યપ્રદેશના વતની અને અગ્રણી એડ્વોકેટ, સ્વાતંત્ર્ય સેનાની, મજૂરનેતા તથા ચુસ્ત કૉંગ્રેસી એવા કૃષ્ણપાલ વિવિધ પક્ષીય હોદ્દા પર તથા રાજ્યમાં કેબિનેટ પ્રધાન તરીકે રહી ચૂક્યા હતા.

૧૯૯૬-૯૮ દરમિયાન પોતાના લગભગ સવા બે વર્ષના કાર્યકાળ દરમિયાન એક રાષ્ટ્રપતિશાસન, બે સત્તાપલટા અને ત્રણ મુખ્યપ્રધાનોના સાક્ષી બનેલા રાજ્યપાલ કૃષ્ણપાલ ગુજરાતમાં રાજકીય કટોકટી વખતે શંકરસિંહ વાઘેલાની તરફદારી કરીને ભારે વિવાદાસ્પદ અને ચર્ચાસ્પદ બન્યા હતા.

તેમના સમયમાં રાજભવન રીતસર રાજકીય ખટપટોનો અખાડો બની ગયું હતું. ગુજરાતના ઇતિહાસમાં પ્રથમ વખત અસાધારણ ઘટના સમાન રાજકીય પ્રવૃત્તિની પ્રેસનોટો રાજભવનમાંથી બહાર પાડીને તેમણે બંધારણીય વડાને બદલે રાજકારણીની ભૂમિકા ભજવી હતી!

કેશુભાઈ પછી સુરેશભાઈ મહેતા સામે પણ વાઘેલાએ બગાવતનો બૂંગિયો ફૂંક્યો ત્યારે સરકારે બહુમતી સાબિત કર્યા છતાં રાજ્યપાલે પક્ષપાતભર્યું વલણ દાખવી ગવર્નર-શાસનની ભલામણ કરી હતી. પરિણામે રાજ્યમાં ૧૯મી સપ્ટેમ્બરથી ૨૨મી ઑક્ટોબર, ૧૯૯૬ દરમિયાન 'પાંચમું રાષ્ટ્રપતિ શાસન' આવ્યું હતું, જે અત્યાર સુધીની તવારીખમાં સૌથી અલ્પજીવી (૩૪ દિવસનું) રહ્યું છે.

પ્રથમ વિવાદી રાજ્યપાલ

તે સમયે કૃષ્ણપાલસિંહ વિરુદ્ધ ભાજપ દ્વારા ગુજરાતમાં 'રાજ્યપાલ હટાવો' આંદોલન પણ છેડાયું હતું. રાજ્યપાલોની તવારીખમાં રાજકીય પક્ષોએ કોઈ રાજ્યપાલને પાછા બોલાવી લેવાની માગણી કરી હોય એવો ગુજરાતમાં આ પહેલો બનાવ હતો.

ઑક્ટોબર, ૧૯૯૭માં રાજપા સરકારને કૉંગ્રેસે ટેકો પાછો ખેંચતાં વિધાનસભાના વિસર્જનની અને રખેવાળ સરકાર તરીકે ચાલુ રાખવાની મુખ્ય મંત્રી વાઘેલાની માગણી રાજ્યપાલે નકારી કાઢી હતી. (મુખ્ય પ્રધાનની ભલામણ ગવર્નરે સ્વીકારી ન હોય એવો ૧૯૭૧માં શ્રીમન્ નારાયણ પછી કદાચ આ બીજો પ્રસંગ હતો).

ત્યાર બાદ ફરી કૉંગ્રેસના ટેકાથી દિલીપ પરીખની બીજી રાજપા સરકાર રચાઈ હતી, જેણે બે મહિનામાં જ વિધાનસભાના વિસર્જનની કરેલી ભલામણ રાજ્યપાલે સ્વીકારી લેતાં અને અન્ય કોઈ વિકલ્પ ખોળ્યા વિના તેને રખેવાળ સરકાર તરીકે ચાલુ રાખતાં શ્રી કૃષ્ણપાલ પુનઃ વિરોધનું પાત્ર બન્યા હતા. તે દરમિયાન લઘુમતીમાં મુકાઈ ગયેલી પરીખ સરકારે પણ જાન્યુઆરી, ૧૯૯૮માં રાજીનામું આપેલું ત્યારે ગવર્નરની ભલામણ છતાં રાષ્ટ્રપતિશાસન લદાયું નહોતું.

૧૯૯૮ની લોકસભાની ચૂંટણી પછી કેન્દ્રમાં સત્તાસ્થાને આવેલી ભાજપ સરકારના નિર્દેશના પગલે આખરે કૃષ્ણપાલસિંહને એપ્રિલ, ૧૯૯૮માં રાજીનામું આપવું પડ્યું હતું અને આમ એક વિવાદી રાજ્યપાલ વિદાય થયા હતા.

અંશુમાનસિંહ

કૃષ્ણપાલસિંહના અનુગામી અને ગુજરાતના તેરમા રાજ્યપાલ તરીકે ૧૯૯૮માં ઉત્તરપ્રદેશના વતની અને રાજસ્થાન વડી




અદાલતના નિવૃત્ત ન્યાયાધીશ ૬૩ વર્ષીય અંશુમાનસિંહ (જન્મ ૯મી જુલાઈ, ૧૯૩૫) પદનામિત થયા હતા.

કાયદાની પદવીથી પ્રારંભ કરીને જિલ્લા અને વડી અદાલતમાં ધારાશાસ્ત્રી તરીકેની પ્રેક્ટિસ બાદ ડિસ્ટ્રિક્ટ જજ, હાઈ કોર્ટ જજ, સીનિઅર જજ અને છેલ્લે ઍડમિનિસ્ટ્રેટિવ જજ... આમ ૧૯૫૭ થી ૧૯૯૭ સુધી શ્રી સિંહે પ્રલંબ અને સળંગ કારકિર્દી એક જ 'ન્યાય'ક્ષેત્રમાં પસાર કરી હતી. નિવૃત્તિ બાદ અને ગુજરાતના ગવર્નર તરીકે નિમાયા પૂર્વે તેઓ સ્ટેટ લિગલ સર્વિસ ઑથોરિટીના એક્ઝિક્યુટિવ ચેરમેન હતા.

ગાંધીનગરમાં રાજ્યપાલ માટે 'રાજભવન' નિર્માણની યોજના વર્ષોથી સરકારી તુમારશાહીમાં અટવાયેલી પડી છે. તે વચ્ચે આ યોજના પડતી મૂકવાના અખબારી અહેવાલથી નારાજ થયેલા અંશુમાનસિંહે આ બાબતે નુકતેચીની કરી મુખ્ય પ્રધાનનું પત્ર દ્વારા ધ્યાન ખેંચ્યું હતું. ચાંડી, શાસ્ત્રી તથા નરેશચંદ્રની જેમ અંશુમાનનો કાર્યકાળ પણ ટૂંકો (પોણા નવ મહિના) રહ્યો હતો અને તેમના સમયગાળા દરમિયાન ખાસ કોઈ રાજકીય બાબત નોંધાઈ નથી. ૧૯૯૯ના આરંભમાં તેમની રાજસ્થાનના રાજ્યપાલ તરીકે બદલી થઈ હતી.

સુંદરસિંહ ભંડારી

અંશુમાનસિંહની ખાલી પડેલી જગ્યાએ માર્ચ, ૧૯૯૯માં બિહારના રાજ્યપાલ સુંદરસિંહ ભંડારી નિયુક્ત થતાં તેઓ



ગુજરાતના ચૌદમા રાજ્યપાલ બન્યા છે. શ્રી ભંડારીનું ગુજરાતના રાજ્યપાલ બનવું તે પણ એક રસપ્રદ રાજકીય ઘટનાક્રમ છે.

બિહારના રાજ્યપાલ તરીકે તેમણે બે વખત કરેલી ભલામણો પછી કેન્દ્રે ત્યાંની રબડીદેવી સરકારને રુખસદ આપી રાષ્ટ્રપતિ શાસન લાદ્યું હતું. આ પગલાને લોકસભાની બહાલી પછી રાજ્યસભામાં કૉંગ્રેસના અસહકારના કારણે પીછેહઠ થતાં કેન્દ્રને બિહારમાંથી રાષ્ટ્રપતિ શાસન ઉઠાવી લેવું પડ્યું હતું. પરિણામે રબડીરાજની પુનઃસ્થાપના થતાં બદલાએલાં રાજકીય પરિમાણોને અનુલક્ષીને ભંડારીને ક્ષોભભરી સ્થિતિમાંથી બચાવવા તાકીદે ગુજરાતમાં ખસેડવામાં આવ્યા.

ભૂતકાળમાં ચૂંટણીઓ વખતે ગુજરાતનો હવાલો સંભાળનાર અને તે રીતે રાજ્યની ભૂગોળ તથા ઇતિહાસથી પરિચિત રહેલા ભંડારી મિતભાષી અને સૌમ્ય પ્રકૃતિના છે. મૂળે સંઘવાદી અને ભાજપના પીઢ નેતા ગણાતા ભંડારી શિસ્તના આગ્રહી અને અર્થશાસ્ત્રના નિષ્ણાત પણ છે.

આજીવન અપરિણીત એવા શ્રી ભંડારી રાજભવનમાં એકલા રહેનાર (નરેશચંદ્ર પછી) બીજા ગવર્નર છે. ધોતિયું-ઝભ્ભો પહેરતા શ્રી ભંડારી સાદાઈમાં અને દેખાવમાં લાલબહાદુર શાસ્ત્રીની યાદ અપાવવા ઉપરાંત શ્રીમન્નારાયણ અને મહિપાલ શાસ્ત્રી પછી ત્રીજા 'ગાંધીવાદી' ગવર્નર છે.

રાજકીય પરિસ્થિતિવશ શ્રી ભંડારી ગુજરાતમાં આવ્યાના બરાબર એક મહિનામાં જ લોકસભામાં એક મતે હારી જતાં ભાજપ સરકારના રાજીનામાના પગલે રાજકીય ઊથલપાથલ શરૂ થઈ છે અને જો કેન્દ્રમાં બિનભાજપી સરકાર સત્તાનાં સૂત્રો સંભાળશે તો ટૂંકા ગાળામાં ગુજરાતના રાજ્યપાલની પુનઃ ફેરબદલીની પણ શક્યતા વધી જાય છે.

ગુજરાતનાં ગવર્નરો

• ગુજરાતમાં અત્યાર સુધી જે ૧૪ વ્યક્તિઓ ગવર્નર તરીકે નિમાઈ છે એમનું વર્ગીકરણ કરીએ તો ૮ રાજકારણી, ૪ નિવૃત્ત અધિકારીઓ અને ૨ શિક્ષણશાસ્ત્રીનો સમાવેશ થાય છે.

• ગુજરાતમાં રાજ્યપાલોનું સ્થાન ૧૯૬૦-૬૫ સુધી બિનવિવાદાસ્પદ રહ્યું હતું. ગુજરાતમાં આ સાડાત્રણ દાયકાના સમયગાળા દરમિયાન રાજ્યપાલોની હારમાળામાં એકંદરે આ પદની તટસ્થતા, ગરિમા અને સુવાસ સચવાઈ રહ્યાં છે.

• પરંતુ, ૧૯૯૬માં ગુજરાતના બારમા રાજ્યપાલ તરીકે નિમાયેલા કૃષ્ણપાલસિંહના કાર્યકાળ દરમિયાન આ પદનું ગૌરવ ઝંખવાયું હતું. રાજભવનમાં રાજકીય નેતાઓની સંતલસો યોજી અને ખુલ્લેઆમ કૉંગ્રેસની તરફેણ કરીને તેમણે પ્રથમ વાર ગુજરાતના ગવર્નર પદની ગરિમાને લાંછન લગાડ્યું હતું.

• વતનના રાજ્યમાં નિમણૂક ન આપવાનો સામાન્ય શિરસ્તો રહ્યો હોવાથી ગુજરાતમાં ગુજરાતી રાજ્યપાલ ન નિમાય એ સ્વાભાવિક છે. જ્યારે તેનાથી વિપરિત લગભગ બાર જેટલી 'ગુર્જર વ્યક્તિવિશેષો' ભારતનાં અન્ય રાજ્યોમાં રાજ્યપાલ તરીકે સેવા આપી ચૂક્યા છે. આમાંથી મોટા ભાગનાં ગુજરાતી ગવર્નરો દક્ષિણ ભારતીય રાજ્યોમાં રાજ્યપાલ તરીકે ગયા છે.

• તેમાં મંગલદાસ પકવાસા (મધ્યપ્રાંત અને બિહાર), ચંદુલાલ ત્રિવેદી (પંજાબ અને આંધ્રપ્રદેશ), કૃષ્ણકુમારસિંહ (મદ્રાસ), એચ.પી. મોદી (ઉત્તરપ્રદેશ), કનૈયાલાલ મુનશી (ઉત્તરપ્રદેશ), ખંડુભાઈ દેસાઈ (આંધ્રપ્રદેશ), કે.કે. શાહ (તામિલનાડુ), જયસુખલાલ હાથી (પંજાબ અને હરિયાણા), પ્રભુદાસ પટવારી (તામિલનાડુ), કે.ટી.

સતારાવાળા (ઓરિસ્સા, ગોવા અને પંજાબ), કુમુદબેન જોશી (આંધ્રપ્રદેશ) અને હોમી તાલિયારખાન (સિક્કિમ)નો સમાવેશ થાય છે.

• આમાંથી પણ પંજાબ, તામિલનાડુ અને આંધ્રપ્રદેશ આ ત્રણ રાજ્યોમાં તો ત્રણ-ત્રણ રાજ્યપાલો ગુજરાતનાં હતાં.

• મોઢ બ્રાહ્મણ એવા સર ચંદુલાલ ત્રિવેદી નિવૃત્ત આઈ.સી.એસ. અધિકારી હતા. વિવિધ રાજ્યોમાં થઈને લગભગ દસ વર્ષ સુધી ગવર્નર તરીકે સેવા આપી હતી. તેઓ પંજાબના ગવર્નર હતા ત્યારે મંત્રીમંડળની બેઠકોનું અધ્યક્ષસ્થાન પણ સંભાળતા હતા. આંધ્રપ્રદેશના ગવર્નર તરીકે ચંદુલાલ ત્રિવેદીએ કેન્દ્ર સરકાર સમક્ષ નાગાર્જુન સાગર યોજનાનો સ્વીકાર કરાવવામાં મહત્ત્વની ભૂમિકા અદા કરી હતી.

• કનૈયાલાલ મુનશી ઉત્તરપ્રદેશમાં ગવર્નરપદે હતા ત્યારે તેમણે ઘણા નવા ચીલાઓ પાડ્યા હતા. ઉત્તરપ્રદેશનું રાજભવન સાહિત્યકારો, શિક્ષણશાસ્ત્રીઓ અને સામાજિક કાર્યકરોથી ઊભરાતું રહેતું હતું.

મુનશી ગવર્નરપદેથી નિવૃત્ત થયા પછી પણ સક્રિય રાજકારણમાં પ્રવૃત્ત હતા. નેહરુની નીતિ સામે બગાવત પોકારીને રાજાજીએ જ્યારે સ્વતંત્ર પક્ષની સ્થાપના કરી ત્યારે તેના સ્થાપક સભ્યોમાં મુનશી મોખરે હતા.

• ખંડુભાઈ દેસાઈ, જયસુખલાલ હાથી, કે.કે. શાહ કેન્દ્રમાં નીવડેલા મંત્રીઓ હતા એટલે વધુ જવાબદારીભર્યા હોદ્દા માટે લાયક ગણી તેમની ગવર્નરપદે નિમણૂક કરવામાં આવી હતી.

• કુમુદબેન જોશીની ગવર્નરપદે નિમણૂક ઇન્દિરા ગાંધીની વિશ્વસનીય વ્યક્તિ તરીકે વિપક્ષી રાજ્ય આંધ્રપ્રદેશમાં કરવામાં આવી હતી. પરંતુ પક્ષીય વલણને કારણે મુખ્યમંત્રી એન.ટી. રામારાવ સાથે મોટા વિવાદનાં વમળો સર્જાયાં હતાં. એમને દૂર કરવાની રાજ્ય સરકારે માગણી કરી હતી.

• પ્રભુદાસ પટવારીની નિમણૂક મોરારજીભાઈના માણસ તરીકે તામિલનાડુમાં કરવામાં આવી હતી, જ્યાં એમને રાજ્ય સરકાર સાથે મોટો સંઘર્ષ ખેલવો પડ્યો હતો. તત્કાલીન રાષ્ટ્રપતિ સંજીવ રેડ્ડી જ્યારે તામિલનાડુની મુલાકાતે ગયા હતા ત્યારે મદ્રાસના રાજભવનના રસોડે માંસાહારી ભોજન રાંધવાની મનાઈ હતી. આથી રાષ્ટ્રપતિ માટે બહારથી માંસાહારી ભોજન મંગાવવામાં આવ્યું હતું.

રાષ્ટ્રપતિ સંજીવ રેડ્ડી દ્વારા જ્યારે એમને ત્યાગપત્ર આપવાનો આદેશ આપવામાં આવ્યો ત્યારે તેમણે તેનો અનાદર કરતાં તા.૨૬-૧૦-૧૯૮૦ના રોજ પટવારીને ગવર્નરપદેથી ફારેગ કરવામાં આવ્યા હતા. સ્વતંત્ર ભારતના ઇતિહાસમાં આ પ્રકારની આ પ્રથમ ઘટના હતી.

ભારતનાં રાજ્યો અને તેનાં વર્તમાન રાજ્યપાલો

૧.	અરુણાચલ પ્રદેશ	: માતાપ્રસાદ
૨.	આસામ	: લેફ.જન. એસ.કે. સિંહા
૩.	આંદામાન-નિકોબાર	: લેફ.ગવ. આઈ.પી. ગુપ્તા
૪.	આંધ્રપ્રદેશ	: ડૉ. ચક્રવર્તી રંગરાજન્
૫.	ઉત્તરપ્રદેશ	: સૂરજભાણ
૬.	ઓરિસ્સા	: સી. રંગરાજન્ (વધારાનો હવાલો)
૭.	કર્ણાટક	: ખુર્શીદ આલમ શેરખાન
૮.	કેરળ	: સુખદેવસિંહ કાંગ
૯.	ગુજરાત	: સુંદરસિંહ ભંડારી
૧૦.	ગોવા	: લેફ.જન. જે.એફ.આર.જેકબ
૧૧.	જમ્મુ-કાશ્મીર	: ગિરીશચંદ્ર સક્સેના
૧૨.	તામિલનાડુ	: કુમારી ફાતિમા બીવી
૧૩.	ત્રિપુરા	: સિદ્ધેશ્વરપ્રસાદ
૧૪.	દિલ્હી	: લેફ.ગવ. વિજયકુમાર કપૂર
૧૫.	નાગાલેન્ડ	: ઓમપ્રકાશ શ્રીવાસ્તવ
૧૬.	પશ્ચિમ બંગાળ	: ડૉ. એ.આર. કિડવાઈ
૧૭.	પંજાબ	: લેફ.જન. બક્ષી કૃષ્ણનાથ છીબ્બર
૧૮.	પોંડિચેરી	: શ્રીમતી શીલા દીક્ષિત
૧૯.	બિહાર	: બ્રિજ મોહનલાલ (કાર્યકારી)
૨૦.	મણિપુર	: ઓ.એન. શ્રીવાસ્તવ
૨૧.	મધ્યપ્રદેશ	: ડૉ. ભાઈ મહાવીર
૨૨.	મહારાષ્ટ્ર	: ડૉ. પી.સી. એલેક્ઝાન્ડર
૨૩.	મિઝોરમ	: એ. પદ્મનાભન્
૨૪.	મેઘાલય	: એમ.એમ. જેકબ
૨૫.	રાજસ્થાન	: અંશુમાનસિંહ
૨૬.	સિક્કિમ	: ચૌધરી રણવીરસિંહ
૨૭.	હરિયાણા	: મહાવીર પ્રસાદ
૨૮.	હિમાચલ પ્રદેશ	: વી.એસ. રમાદેવી

ગુજરાતનાં રાજ્યપાલોનો કાર્યકાળ

૧. મહેંદી નવાઝ જંગ : ૧-૫-૧૯૬૦ થી ૩૧-૭-૧૯૬૫
૨. નિત્યાનંદ કાનુનગો : ૧-૮-૧૯૬૫ થી ૬-૧૨-૧૯૬૭
- પી.એન. ભગવતી (કાર્યકારી): ૭-૧૨-'૬૭ થી ૨૫-૧૨-'૬૭
૩. ડૉ. શ્રીમન્ નારાયણ અગ્રવાલ : ૨૬-૧૨-'૬૭ થી ૧૬-૩- '૭૩
- પી.એન. ભગવતી (કાર્યકારી) : ૧૭-૩-'૭૩ થી ૩-૪-'૭૩
૪. કમ્બતોદત્ત કુંજન વિશ્વનાથન્ : ૪-૪-'૭૩ થી ૧૩-૮-'૭૮
૫. શ્રીમતી શારદાબેન સુવ્રત મુખરજી : ૧૪-૮-'૭૮ થી ૫-૮-'૮૩
૬. પ્રો. કેળકેતિલ મેથ્યુ ચાંડી : ૬-૮-૧૯૮૩ થી ૨૫-૪-૧૯૮૪
૭. બ્રજકુમાર વ્રજલાલ નેહરુ : ૨૬-૪-૧૯૮૪ થી ૨૫-૨-૧૯૮૬
૮. રામકૃષ્ણ મહાવીરપ્રસાદ ત્રિવેદી : ૨૬-૨-'૮૬ થી ૨-૫-'૯૦
૯. મહીપાલસિંહ શાસ્ત્રી : ૨-૫-૧૯૯૦ થી ૨૦-૧૨-૧૯૯૦
૧૦. ડૉ. સરૂપસિંહ ગોરધનસિંહ ચૌધરી : ૨૧-૧૨-'૯૦ થી ૩૦-૬-'૯૫
૧૧. નરેશચન્દ્ર સક્સેના : ૧-૭-૧૯૯૫ થી ૨૯-૨-૧૯૯૬
૧૨. કૃષ્ણપાલસિંહ : ૧-૩-૧૯૯૬ થી ૨૪-૪-૧૯૯૮
૧૩. અંશુમાનસિંહ : ૨૫-૪-૧૯૯૮ થી ૧૫-૧-૧૯૯૯
- કે.જી. બાલકૃષ્ણન્ (કાર્યકારી) : ૧૬-૧-'૯૯ થી ૧૭-૩-'૯૯
૧૪. સુંદરસિંહ ભંડારી : ૧૮-૩-૧૯૯૯ થી ......

(ગતાંકથી પૂર્ણ)

સાહિત્યસંપર્ક

કુસુમાગ્રજની વિદાય

જાણીતા મરાઠી કવિ તેમજ નાટ્ય-લેખક વિષ્ણુ વામન શિરવાડકર ઉર્ફે કવિ કુસુમાગ્રજનું ૮૮ વર્ષની વયે અવસાન થયું. એ સાથે અનન્ય લોક-ચાહનાને વરેલા જ્યેષ્ઠ અને શ્રેષ્ઠ સર્જકની વિદાયથી મરાઠી સાહિત્ય રાંક બન્યું છે.



તાત્યાસાહેબના વહાલસોયા નામે જાણીતા આ સાહિત્યકારે નાટકો, કાવ્યો ઉપરાંત ટૂંકીવાર્તા અને નવલકથા જેવું વિપુલ સાહિત્ય સર્જ્યું છે.

૨૭મી ફેબ્રુઆરી, ૧૯૧૨માં જન્મેલા શિરવાડકરે ત્રીસના દાયકામાં કાવ્ય-સર્જનની શરૂઆત કરી હતી અને ચાળીસના દાયકામાં નાટ્યલેખનમાં પદાર્પણ કર્યું હતું. બીજા વિશ્વયુદ્ધ પછી લગભગ મૃતપ્રાયઃ બનેલી મરાઠી રંગભૂમિને પુનઃ પ્રાણવાન બનાવીને ધબકતી કરવામાં તેમનો અમૂલ્ય ફાળો છે. કેટલાંક નાટકોમાં તેમણે સુંદર અભિનય આપ્યો હતો તો એક ફિલ્મમાં તેમણે રામના ભાઈ લક્ષ્મણની ભૂમિકા પણ ભજવી હતી.

તેમણે ઓસ્કાર વાઈલ્ડ, શેક્સ્પિયર, મેટરલિન્ક જેવા સિદ્ધહસ્ત લેખકોનાં નાટકોનાં રૂપાંતરો સાથે નાટ્યલેખન શરૂ કર્યું હતું. 'નટસમ્રાટ' નામની નાટ્યકૃતિએ તેમને પ્રસિદ્ધિ અપાવવા ઉપરાંત સાહિત્ય અકાદમીના એવૉર્ડના અધિકારી બનાવ્યા હતા. તેમની જાણીતી નાટ્યકૃતિઓમાં 'વૈજયંતી', 'હરાચે દીવે', 'રાજમુકુટ', 'વીજ મ્હાલી ધારાતીલા' અને 'વિદૂષક'નો સમાવેશ થાય છે. તેમના 'સ્વાગત' અને 'મધુઘટ' જેવા કાવ્યસંગ્રહો મરાઠી કાવ્યપ્રેમીઓમાં ચિરંજીવ સ્થાન ધરાવે છે.

મરાઠી સાહિત્યમાં ૧૯૭૯થી ૧૯૮૨ દરમિયાન કરેલા ઉત્તમ સર્જનને ધ્યાનમાં લઈને તેમને ૧૯૮૭નો પ્રતિષ્ઠિત જ્ઞાનપીઠ એવોર્ડ આપવામાં આવ્યો હતો. સાહિત્ય સર્જનના પોતાના શ્રેષ્ઠ સમયગાળા દરમિયાન તેમણે ત્રણ કાવ્યસંગ્રહ તથા 'યયાતી આણિ દેવયાની' સહિતનાં ચાર ઉત્કૃષ્ટ નાટકો આપ્યાં છે. ૧૯૪૨માં પ્રકટ થયેલા તેમના 'વિશાખા' કાવ્યસંગ્રહ સાથે ધ્યાન ખેંચાય તે રીતે શરૂ થયેલી તેમની સર્જનયાત્રા બાદમાં એક પછી એક સિદ્ધિમાં અનેક શિખરોએ પહોંચી હતી. જો કે તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'જીવનલહરી' ૧૯૩૦માં પ્રકટ થયો હતો.

નાસિક જિલ્લાના પિમ્પલગાંવ બસવંત ખાતે પ્રાથમિક શિક્ષણ લીધા પછી ૧૯૩૦માં નાસિકની એચ.પી.ટી. કોલેજમાં ઉચ્ચ શિક્ષણ માટે દાખલ થયા હતા. તેમણે થોડાક સમય પૂરતું પ્રભાત (પુણે), સારથી, ધનુર્ધારી અને નવયુગમાં પત્રકાર કરીતે કામ કર્યું હતું.

ક્યારેય પણ ગુસ્સે ન થતા કુસુમાગ્રજનું મનોબળ લોખંડી હતું. મૃદુ સ્વભાવને કારણે તેઓ અત્યંત લોકપ્રિયતાને વર્યા હતા. કટોકટી વખતે જેલના સળિયા પાંછળ ધકેલી દેવાયેલાં જરૂરતમંદ લોકોનાં પરિવારજનોને તેમણે ખાનગીમાં આર્થિક સહાય કરી હતી. કટોકટીનો વિરોધ કરવાનો ખોટો દેખાવ તેમણે ક્યારેય કર્યો ન હતો. સંપૂર્ણપણે કવિ અને નાટ્યજીવ હોવા છતાં તેમણે રાજકીય અને શૈક્ષણિક ક્ષેત્રે જીવંત ભૂમિકા ભજવી હતી.

સાહિત્ય ક્ષેત્રમાં અકલ્પિત એવી ઘટના રૂપે મહારાષ્ટ્રના આ જ્યેષ્ઠ અને શ્રેષ્ઠ કવિના નામથી 'કુસુમાગ્રજ' તારો સ્વિટ્ઝર્લૅન્ડની ઇન્ટર નેશનલ સ્ટાર રજિસ્ટ્રી નામની આંતરરાષ્ટ્રિય સંસ્થાએ બહાલ કર્યો હતો. કવિના ૮૫મા જન્મદિનની પૂર્વસંધ્યાએ આ સંસ્થાએ લખેલા પત્રમાં તેમને જણાવ્યું હતું કે અવકાશમાં તારકોમાં પણ અધિરાજ્ય કરો.

ગોદાવરીને તીરે નાસિકના પરિસરમાં કોલાહલથી દૂર એક નાનકડા ઘરમાં વસતા આ કવિવર ઋષિના સ્તર પાસે પહોંચે એવા સર્જક હતા. પરંપરાને ઉજમાળી કરનારા અને એમાંથી જ પોતાની સર્જકતાને આગળ વધારનારા આ સર્જક માટે મહારાષ્ટ્રના તમામ સર્જકો અને પ્રજા હૃદયનો ઊંડો આદર ધરાવે છે. પુ.લ. દેશપાંડે તેમને 'સંસ્કૃતિના કુળદેવતા' કહે છે.

કુસુમાગ્રજની કવિતા મરાઠી કવિતાની પરંપરામાં રહીને રચાયેલી છે એટલું જ નહીં, પણ તેમની ચેતના યુગચેતના સાથે એવો સંવાદ કરી બેઠી હતી કે તેમની વાણી દ્વારા સમાજચેતનાનું આલેખન થતું રહ્યું. તેમની વજ્ર જેવી કલમ અન્યાય અને સામાજિક અસમાનતા પર હથોડાની જેમ ત્રાટક્યા વિના રહેતી નહીં.

ગદ્ય, પદ્ય અને નાટ્ય એમ ત્રણેય ક્ષેત્રે પ્રતિભાવંત સર્જન કરનાર આ સર્જકે ૧૯૬૪માં ગોવાના મામાંગોવામાં યોજાયેલા મરાઠી સાહિત્ય અધિવેશનમાં પ્રમુખપદ શોભાવ્યું હતું. તેઓ નાસિકના લોકહિતવાદી મંડળ સાથે સંકળાયેલા હતા. તેમના અધ્યક્ષપદે ૧૯૫૬માં મલાડ ખાતે મુંબઈ ઉપનગર સાહિત્ય સંમેલન યોજાયું હતું. તેમણે ૧૯૫૯ની સંયુક્ત મહારાષ્ટ્ર ચળવળમાં ભાગ લીધો હતો.

તેમને પ્રતિષ્ઠિત પદ્મવિભૂષણ એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. તેમણે સ્થાપેલું કુસુમાગ્રજ પ્રતિષ્ઠાન સાહિત્ય અને સામાજિક કાર્યમાં વિશિષ્ટ યોગદાન આપનારાઓને એવોર્ડ આપે છે. તેમણે અખિલ ભારતીય નાટ્ય પરિષદના રામગણેશ ગડકરી પુરસ્કાર, ડિ. લિટ્. પુણે યુનિવર્સિટી, સંગીત નાટ્યલેખન

અકાદમી પુરસ્કાર, પંડિત મહાદેવ શાસ્ત્રી પુરસ્કાર તથા રાજર્ષિ શાહ પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા.

લેખકોની અનેક પેઢીઓને પ્રેરણા આપનાર આ સર્જકની ચિરવિદાયથી દેશે પોતાનો શેક્સ્પિયર ગુમાવ્યો છે એમ બાબા આમ્ટેએ જે શ્રદ્ધાંજલિ આપી તે યોગ્ય છે. ('પ્રવાસી'માંથી)

કૃષ્ણવીર દીક્ષિત, સ્વ.

૧૩ એપ્રિલે ગુજરાતી સાહિત્ય અને પત્રકારત્વની એક અનન્ય નિષ્ઠામૂર્તિ



કૃ.દી.નો દેહવિલય થયો. તેમણે નેત્રજ્યોતિ ઘણે અંશે ગુમાવી હતી, છતાં તેમની નાગરી વિનોદવૃત્તિ ટકી રહી હતી! તેઓ પત્રમાં લખતા : 'હું એકક્ષી અર્થાત્ શુક્રાચાર્ય બન્યો છું અને હવે સુરદાસ બનવાની અણીએ છું!' હૃદયરોગ, મણકાની પરેશાની, કેન્સર વગેરે વ્યાધિઓથી તેઓ પીડિત હતા. છેવટે હૃદયરોગના હુમલાએ તેમને જીવનમુક્ત કર્યા. ૯૪ વર્ષની પરિપક્વ વયે તેમનું નિધન થયું છે, છતાં સાહિત્ય-તપસ્વીની ચિરવિદાય વિષાદપ્રેરક છે જ. તેમનું સમગ્ર જીવન અક્ષરદેવતાને ચરણે સમર્પિત હતું.

સુરતના હવાડિયા ચકલા પરના પૈતૃક નિવાસસ્થાને સંનિષ્ઠ પત્રકાર વડીલ બંધુ સ્વ. બટુકભાઈ દીક્ષિતની વત્સલ છાયામાં કૃષ્ણવીરભાઈની સાહિત્ય-પત્રકારત્વ-રુચિનું ઘડતર થયું. તેમના સાહિત્યગુરુ પરમ સારસ્વત સ્વ. ડૉ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી.

કૃષ્ણવીર દીક્ષિતની વિવેચનવૃત્તિ અને સાહિત્યવિભાવના પર વિષ્ણુપ્રસાદ ત્રિવેદીનો સંપૂર્ણ પ્રભાવ. ગુરુની જેમ શિષ્ય પણ ગુણદર્શી, સમદર્શી, વિધાયક દૃષ્ટિના સાહિત્યસમીક્ષક. એમની ભાષાશૈલી પણ સંસ્કૃતપ્રચુર. વિવેચનની રૂઢ પરિભાષાના તેઓ અનુસરણકર્તા. ૧૯૪૫થી મુંબઈના સાંધ્ય દૈનિક 'જન્મભૂમિ'માં 'કલમ-કિતાબ' અને ૧૯૫૪થી 'ગુજરાત મિત્ર'મા અક્ષરની આરાધના' એ બે સાહિત્ય વિભાગો કૃષ્ણવીર દીક્ષિતની ગ્રંથાવલોકન તથા સાહિત્યિક વૃત્તિ-વિવેચન-પ્રવૃત્તિના મુખ્ય વાહકો બની રહ્યા. 'કલમ-કિતાબ'માં તેઓ 'કૃ.દી.'ની ટૂંકાક્ષરી સંજ્ઞાથી અને 'અક્ષરની આરાધના'માં સ્વ. પુત્ર પરંતપના નામને પોતાનું ઉપનામ બનાવીને લખતા રહ્યા : ચાર - સાડાચાર દાયકા સુધી! શબ્દશઃ સેંકડોનાં સેંકડો પુસ્તકોનાં તેમણે અવલોકનો લખ્યાં. પાછું એવું યે નહિ કે પુસ્તકની પ્રસ્તાવના, નિવેદન કે ફ્લેપ પરનાં લખાણ વાંચી 'રિવ્યૂ' ધબેડી દે! પ્રત્યેક પુસ્તક અથેતિ વાંચે. આવશ્યક લાગે તો એક પુસ્તક ત્રણ-ચાર વાર પણ વાંચે. તેમણે વિવેચેલાં પુસ્તકો તેમની નોંધો વગેરેથી ભરચક હોય!

અને સમદર્શિતા એવી કે સર્જક નાનો હોય કે મોટો, સર્વને કૃષ્ણવીરની કલમમાંથી કંઈક ને કંઈક મધુપ્રસાદી મળે જ. તેમને સાહિત્યનો કોઈ વાડો, કોઈ વાદવિવાદ, કશા પૂર્વગ્રહ સ્પર્શ્યા જ નહિ. સર્જકોની મર્યાદાઓ પૂરેપૂરી પ્રીછે-સમજે, પરંતુ આક્રોશાત્મક કે ખંડનાત્મક વિવેચનથી વેગળા રહે. મૂળે પ્રસિદ્ધિની સ્પૃહા જ નહિ. વિવાદ જગાવીને લોકોનું ધ્યાન ખેંચવાનું વલણ સહજું ન મળે.

કૃષ્ણવીરની વૃત્તવિવેચનદક્ષતા અજોડ હતી. સાહિત્યસમારંભોમાં ચાલતી અને કદીક નીરસ બની જતી કાર્યવાહીઓનું પણ તેઓ જરા યે કંટાળ્યા-થાક્યા વિના નિષ્ઠાપૂર્ણ અહેવાલલેખન કરે અને તેની પ્રમાણભૂતતા એવી કે તે અચૂક દસ્તાવેજી કક્ષા પ્રાપ્ત કરે. એ દૃષ્ટિએ તેમણે કરેલાં આવાં અહેવાલલેખનો દ્વારા 'જન્મભૂમિ' અને 'ગુજરાત મિત્ર'ની ફાઈલોમાં છેલ્લા સાડાચાર દાયકાનો ગુજરાત અને મુંબઈની સાહિત્યસંસ્કાર પ્રવૃત્તિઓનો ઇતિહાસ જળવાઈ રહ્યો છે, જેનું સાચું મૂલ્ય તો ભવિષ્યના કોઇ ઇતિહાસકારને જ સમજાય તેમ છે.

સાન્તાક્રુઝની બીજી હસનાબાદ લેનના 'સિલ્વરાઈન' અપાર્ટમેન્ટમાં આવેલા તેમના નિવાસસ્થાનની મુલાકાત લેનારને એક સુવ્યવસ્થિત ગ્રંથાલયના સાક્ષાત્કારનો અનુભવ થાય. ચોપાસ ખડકાયેલી પુસ્તકોથી ખચિત અલમારીઓની વચ્ચે મેજ પર નીચું જોઈ લખતા કે વાંચતા કૃષ્ણવીર સાહિત્યઋષિનો ખ્યાલ આપે. ખંતીલા અને વ્યવસ્થિત, એટલે પોતે લખેલાં અવલોકનો અને વૃત્તવિવેચનોની વર્ગીકૃત ફાઈલોની સુનિયોજિત થપ્પીઓથી ભરેલાં કબાટો તેમના વ્યક્તિત્વને પ્રતિબિમ્બિત કરતાં વર્તાય. જીવનના ઉત્તરાર્ધમાં આ અમૂલ્ય લખાણોને ગ્રંથસ્થ કરવાની તેમની ખાસ્સી તાલાવેલી રહેતી. કથળેલા સ્વાસ્થ્ય અને તીવ્ર સ્મૃતિદોષ છતાં તેમની એ માટેની મથામણો ચાલુ રહેતી. 'સ્વામી આનન્દ' (૧૯૬૬), 'સંસ્પર્શ', 'સંનિધિ' (૧૯૭૩), 'સમ્પ્રાપ્તિ' (૧૯૮૮), 'ભક્તિયોગ અને ધર્મચિંતન' (૧૯૮૯) 'આહ્લાદ', 'ભાવન', 'કથાદીપ', 'રંગવિહાર', 'લહર', 'ચિંતન', 'શોધ' (૧૯૯૩), 'ચેતોવિસ્તાર' (૧૯૯૩), 'હીરાને પત્રો', 'હીરાને વધુ પત્રો' વગેરે એમના ચરિત્ર વિવેચન-સંપાદનગ્રંથો પ્રસિદ્ધ થયેલા છે અને હજી બીજાં બે ડઝન પુસ્તકો પ્રકાશનની પ્રતીક્ષા કરતાં તેમના નિવાસસ્થાનની અલમારીમાં પડેલાં છે.

સ્વ. કૃષ્ણવીર સુરતી સંસ્કારિતા અને નાગરી આભિજાત્યનું ઉમદા પ્રતીક હતા. સાહિત્ય જેટલો જ સંગીત તેમના રસ અને જાણકારીનો વિષય. સુરતમાં રહેતા કે સુરત આવતા ત્યારે સંગીતમાર્તંડ પંડિત ઓમકારનાથ ઠાકુર, કલામર્મજ્ઞ કંચનલાલ મામાવાળા, સંગીતજ્ઞ મહાદેવભાઈ શાસ્ત્રી, સંગીતનિષ્ણાત આર.સી. મહેતા વગેરેના

સાંનિધ્યનું તેઓ સેવન કરતા. હાસ્યસમ્રાટ જ્યોતીન્દ્ર દવેના તેઓ અતિ અંતરંગ. નાટ્યમહર્ષિ ચન્દ્રવદન મહેતા સાથે પણ તેમને પ્રગાઢ મૈત્રીસંબંધ. જ્યોતીન્દ્ર દવેનાં ત્રણેક પુસ્તકોનું કૃષ્ણવીરે સંપાદન પણ કરેલું. હવે જ્યારે ગુજરાતી વર્તમાનપત્રો ઘણે અંશે સાહિત્યવિમુખ થતાં જાય છે, અને નવી પેઢીના ગુજરાતી પત્રકારોમાં પણ સાહિત્યરુચિ અલ્પ માત્રામાં જોવા મળે છે ત્યારે કૃષ્ણવીર દીક્ષિત સાહિત્યરંગી ગુજરાતી પત્રકારત્વની ગઈ કાલના એક ઉત્તમ પ્રતિનિધિ હતા. ગુજરાતી દૈનિક પત્રકારત્વને ભવિષ્યે જો બીજા કૃષ્ણવીર દીક્ષિત સાંપડશે તો તે તેનું મોટું સદ્‌ભાગ્ય ગણાશે. અક્ષરના આરાધકના અક્ષરવાસની ક્ષણે તેમને હૃદયપૂર્વકની ભાવાંજલિ.

('ગુજરાત મિત્ર'માંથી ટૂંકાવીને)

ગુજરાતમાં કલાનાં પગરણ

કલાગુરુ સ્વ. રવિશંકર મ. રાવળની રસિક શૈલીમાં લખાએલું અને તેમના જીવનવૃત્તાંત સાથે વણાએલો ગુજરાતમાં કલાના પ્રવેશનો ઇતિહાસ વર્ણવતી કૃતિ છે.

સદ્‌ગત રવિશંકર રાવળની આત્મ-કથનાત્મક કૃતિ 'ગુજરાતમાં કલાનાં પગરણ' શીર્ષક નીચે કલારવિ ટ્રસ્ટે ગત વર્ષે પ્રસિદ્ધ કરેલ છે. 'કુમાર' માસિકમાં તેમના ૧૭૦ પ્રસંગોની લેખમાળા ૧૯૬૭માં પ્રસિદ્ધ થયા પછી બાકીના ૫૦૭ પ્રસંગો 'કુમાર'માં હમે હમે છપાએલા, પરન્તુ તે ગ્રંથસ્થ થયેલા નહિ. કલારવિ ટ્રસ્ટે ગયા વર્ષે જે આ ગ્રંથ પ્રસિદ્ધ કર્યો છે તેમાં સ્વ. રવિભાઈના જીવનવૃત્તાંતના બન્ને ખંડોને આવરી લેવામાં આવ્યા છે એટલું જ નહિ, પણ ૪૦૦ પાનાંના અને ૨૮x૨૨ સે.મી.ના આ દળદાર ગ્રંથમાં અસંખ્ય ચિત્રો પણ છાપવામાં આવ્યાં છે. તેમાં રવિભાઈના જન્મ પહેલાંનાં સ્મરણો તેમનાં માતાપિતા તથા વડીલો પાસેથી મેળવેલાં, ત્યારથી માંડી પૂરા ૭૫ વર્ષનો ઇતિહાસ આ ગ્રંથમાં આવરી લેવામાં આવ્યો છે. સ્મૃતિ ઉપર જે રોચક પ્રસંગો હતા તેનું સાહજિક અને સરળ ભાષામાં વર્ણન કરવામાં આવ્યું છે. સિલસિલાબંધ ઇતિહાસને સ્થાને વ્યક્તિત્વ, પ્રસંગ, સ્થાપત્ય, મૂર્તિકલા, દેશના અને વિદેશના પ્રવાસમાં કલાકારની દૃષ્ટિથી નિહાળેલાં સ્થાનો, મ્યૂઝીઅમો ઇત્યાદિનું બયાન તથા સાહિત્ય, સંગીત અને કલાની ત્રિવેણીને સમાવતું આ પુસ્તક ખરે જ વાચક માટે અમૂલ્ય સંભારણા જેવું છે.

ચાર્લ્સ લેમ્બના 'Drean Children' (સ્વપ્ન સંતાન)ની શરૂઆત માનવમાત્રના ભાવને સહજ રીતે અંકિત કરે તેવી રીતે થઈ છે. બાળકોને તેમના વડીલો પોતે બાળકો હતાં ત્યારની વાર્તાઓ તેમની પાસેથી સાંભળવી બહુ ગમતી. વડવા, શૈશવ, બાળપણનાં સંસ્મરણો અને કિશોરકાળના પચાસ જેટલા પ્રસંગોમાં કુટુંબગાથા ઉપરાંત મોસાળ, પિતાની રેલવે ને પોસ્ટખાતાની તત્ સમયની નોકરીની જે પરિસ્થિતિ હતી તેમાં બદલીઓના કારણે જે તે સ્થળોની ઘટનાઓ અને વર્ણનો, તે વખતના કાઠિયાવાડ ને ગુજરાતનાં શહેરોમાં રહેવાનું થયું, ત્યાંની સંસ્કૃતિ અને પ્રસંગ વાંચતાં આનંદ આવે તેવી રીતે આલેખેલાં છે, 'પહેલી આગ', 'નાટકો', 'ખૂની જોયો', 'ભાભી', 'ભવાઈ', 'ઊંટને કાળોવાં', 'બ્રાહ્મણના સંસ્કાર', 'બહારનું વિશ્વ', 'પ્લેગ', 'યમપટ' ઇત્યાદિ શીર્ષકો નીચે જે નિરૂપણ છે તે વાચકને ભાવવિભોર કરે તેવું છે. ભાવનગર થીઓસોફિકલ સોસાયટી એક સારું કેન્દ્ર લેખાયું છે. તે વેળા, હાઈસ્કૂલ, કૉલેજના પ્રિન્સિપાલને કેળવણી ખાતાના વડા એવા શ્રી જમશેદજી ઊનવાળા સર્વધર્મ સમભાવ વિષે લખતા, નિવૃત્તિ બાદ શ્રીમતી બેસન્ટ કાશી જતાં, વિશ્વનાથનાં દર્શન વેળા 'જય કાશીવિશ્વનાથ' નું ઉચ્ચારણ કરેલું તે મંચ ઉપર આવીને જ્યારે સૌને નમસ્કાર કરીને આ ઉચ્ચારણ કર્યું ત્યારે સૌ અભિભૂત બનેલા. આવો આ ગ્રંથ સહુ સંસ્કાર-કલાપ્રેમીઓ માટે વસાવવો અનિવાર્ય બની રહે તેમ છે.

– હરિહર મ. જોષી

પ્રાપ્ત પ્રકાશનો

કલાપી પત્રસંપુટ : સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ - કવિ 'કલાપી'એ



લખેલા પત્રોનો આ સંપુટના સંપાદક ડૉ. રમેશ મ. શુક્લએ કલાપીના પ્રકટ-અપ્રકટ બધા જ પત્રોને સંચિત કરીને - અગાઉ પ્રકટ થયેલાં 'કલાપીની પત્રધારા' અને 'કલાપીના ૧૪૪ પત્રો' આ બંને પુસ્તકોને નજર સમક્ષ રાખી, દરેક પત્રની ચકાસણી કરી તેને સમયાનુક્રમે ચોકસાઈથી ગોઠવીને આ શોધગ્રંથ સંપાદિત કર્યો છે. આ શોધગ્રંથમાં ઉપલબ્ધ પ્રકટ અને અપ્રકટ બધી વાચનાઓ તપાસી શ્રદ્ધેય વાચના કઈ હોઈ શકે તેનો નિર્ણય કર્યો છે તે ઉપરાંત પત્રોના અપ્રકટ અંશો, અપ્રકટ ચિઠ્ઠીઓ, સામેથી પ્રતિભાવરૂપ પત્રપ્રક્રિયા આદિ પ્રકાશમાં આણી તેનો કલાપીનાં જીવન અને સર્જનના અંતરંગ સાથેનો અનુબંધ પણ વિચાર્યો છે. તે સાથે પત્રલેખનની ક્રિયા, અનુક્રિયા, પ્રક્રિયા વિશે પણ કેટલુંક તથ્ય તારવી શકાયું છે. આના પરિણામરૂપે કલાપીના પત્રોનું આ સંપાદન રચાઈ ગયું. કલાપીના ચાહકો અને સાહિત્યના સંશોધકો-વાચકોને રસ પડે તેવું આ સંપાદન આપણા પત્રસાહિત્યમાં સારો ઉમેરો છે. (પાકું પૂઠું, ડિમાઈ સાઈઝનાં પૃ. ૪૮૯, કિં.રૂ.૧૮૦.)

(અનુસંધાન પૃ. ૩૫૯)

કલાવાર્તા

નટુભાઈ પરીખ

વહેલી સવારના કે ઢળતી સાંજે અમદાવાદના સેટેલાઈટ રોડ પર આવેલી





દીવના દરિયાકાંઠાનો એક ભાગ - લૅન્ડસ્કેપ

રચના સોસાયટીમાંથી પસાર થાઓ અને ઢીંચણ સુધીના ઝભ્ભા ને ખૂલતા લેંઘાધારી કોઈ આધેડ વયની વ્યક્તિને એમના બંગલા ફરતે ભાળો ત્યારે નક્કી માનજો કે એ વ્યક્તિ બીજી કોઈ નહીં પણ નટુભાઈ પરીખ હશે. એમણે હાથે ઉછેરેલ છોડવાઓ, વેલીઓ, વૃક્ષો એમને એમનાં પૌત્ર-પૌત્રીઓ જેટલાં જ વહાલાં છે.

નટુભાઈ આમ નખશિખ પ્રકૃતિપ્રેમી. એમના પ્રકૃતિપ્રેમે જ એમને પ્રકૃતિનાં ભિન્ન ભિન્ન સ્વરૂપોને કૅનવાસ પર ઉતારવા ઉદ્યુક્ત કર્યા હશે. આજે તો નટુભાઈ ગુજરાતના ગણ્યાગાંઠ્યા લૅન્ડસ્કેપ આર્ટિસ્ટોમાં મોખરાનું સ્થાન ધરાવે છે. જલરંગ એમનું માધ્યમ.

નટુભાઈને આ પ્રકૃતિપ્રેમ ગળથૂથી-માંથી જ મળેલો. એમનો જન્મ ચરોતર-માંના નાનકડા બાંધણી ગામમાં. બાંધણીની સીમના મોલથી લહેરાતાં લીલાંછમ ખેતરો, એ ખેતરોને શેઢે હવાની લહેરખીમાં ડોલતાં વૃક્ષો, ગાય પર વિસ્તરેલું ખુલ્લું આકાશ, એ આકાશમાં ક્ષણે ક્ષણે બદલાતી રહેતી રંગોની લીલા, આ બધું બાળક નટુએ આંખોથી ભરપેટ પીધું હશે. એટલેસ્તો, એમનાં ચિત્રોમાં ગામડાની શેરીઓ, વૃક્ષો, આકાશ, ટેકરીઓ, સરોવરો ને સાગર ઝિલાતાં રહ્યાં છે.

નટુભાઈના પિતા ગામમાં નાનકડી હાટડી ચલાવતા. એમનેય ચિત્રકલા તરફ થોડીઘણી અભિરુચિ ખરી. એ નવરા પડતા ત્યારે કાગળના ડેકોરેટિવ નમૂના કે સાથિયા માટેનાં બીબાં બનાવ્યા કરતા. એમના અક્ષરોય મોતીના દાણા જેવા હતા. એ માટે એમને ગાયકવાડ સ્ટેટ તરફથી ઇનામ પણ મળેલું. આમ કલા માટેની અભિરુચિ નટુભાઈને વારસામાં





જળરંગોમાં તૈયાર કરાયેલા બે લૅન્ડસ્કેપ

મળેલી. દાદા અમરતલાલે નટુભાઈની કલાશક્તિને પિછાણેલી.

પ્રાથમિક શિક્ષણ બાંધણીની ગામઠી શાળામાં પૂરું કર્યા પછી નટુભાઈ આગળ અભ્યાસ માટે અમદાવાદના સી.એન. વિદ્યાલયમાં જોડાયા. અહીં ઝીણાભાઈ તથા કલાગુરુ રસિકલાલ પરીખના સાન્નિધ્યમાં નટુભાઈમાં સાહિત્ય અને ચિત્રકલા માટે વિશેષ રુચિ કેળવાઈ. પરિણીત હોવાને કારણે તેઓને S.S.C. પછી ચિત્ર માટે સી.એન. જૈન બોર્ડિંગમાં પ્રવેશ મળી શકેલો નહીં, તે નિવાસની બીજી વ્યવસ્થા થતાં સુધી નટુભાઈ ઝીણાભાઈને ત્યાં રહીને અભ્યાસ કરતા રહેલા. રસિકલાલનાં ચિત્રો જોઈને નટુભાઈ એમના જેવા મહાન ચિત્રકાર બનવાનાં સ્વપ્નાં સેવતા થઈ ગયેલા.



← પ્રકૃતિનું એક દૃશ્ય



એક નારીનો સ્કેચ ↑

મેટ્રિકની પરીક્ષા પાસ કર્યા પછી તેઓ વધુ અભ્યાસ અર્થે ગુજરાત કોલેજમાં જોડાયા. દરમિયાનમાં 'બાલમિત્ર' જેવાં સામયિકોમાં એમનાં ચિત્રો પ્રકટ થતાં રહેલાં. બી.એ. પાસ કર્યા પછી એમને આગળ અભ્યાસ કરવાની ઇચ્છા તો ઘણી હતી, પણ આર્થિક સંકડામણને કારણે એમને નડિયાદ પાસેના પીજ ગામની શાળામાં શિક્ષક તરીકે જોડાઈ જવું પડ્યું. ઘરખર્ચને પહોંચી વળવા તેઓ સાઈન બોર્ડ્સ પણ ચીતરતા ને દેવ-દેવીઓનાં ચિત્રો દોરીનેય થોડીઘણી આવક ઊભી કરી લેતા. શાળાના વિદ્યાર્થી માટે શાળાના સમય બાદ ચિત્રના વર્ગો પણ ચલાવતા. આ વર્ગો માટે તેઓ કોઈ મહેનતાણું લેતા નહીં.

પણ ચિત્રકલામાં આગળ વધવાનું સ્વપ્ન વિસારે પડ્યું નો'તું. તે એક દિવસ સાહસ કરીને એમણે શાળાની નોકરીને તિલાંજલી આપી દીધી ને ચિત્રકલાની આરાધના કરવા કલાનગરી વડોદરાની વાટ ઝાલી. વડોદરામાં એમને એન.એસ. બેન્દ્રે તથા આંબેરકર જેવા કલાકારોનું માર્ગદર્શન સાંપડ્યું. એમ.એ.માં નટુભાઈનો મુખ્ય વિષય હતો આર્ટ ક્રિટિસિઝમ. વડોદરામાં નટુભાઈ બોર્ડિંગમાં રહેતા ને હાથે ભોજન બનાવતા. મહિને ૮૦ રૂપિયાના પગારની નોકરી સયાજી ગર્લ્સ હાઈ સ્કૂલમાં ગોતી કાઢેલી.

આ અગાઉ મુંબઈ રાજ્ય દ્વારા લેવાતી આર્ટ માસ્ટરની ઉપાધિ એમણે મેળવી લીધેલી. વડોદરા યુનિવર્સિટીમાંથી એમ.એ.ની ઉપાધિ મેળવ્યા પછી તેઓએ ગુજરાત રાજ્ય દ્વારા લેવાતી ડિપ્લોમા ઈન પેઈન્ટિંગની પરીક્ષા પણ પસાર કરી. એ પછી તેઓ અમદાવાદની સરસ્વતી વિદ્યાલયમાં ચિત્રશિક્ષક તરીકે જોડાઈ ગયા. આ શાળામાં હતા એ દરમિયાન એમણે શાળામાં જ પોતાનાં ચિત્રોનું પ્રદર્શન ગોઠવેલું. આ તેમનું પહેલું પ્રદર્શન હતું.

સરસ્વતી વિદ્યાલયમાં એકાદ વર્ષ સેવાઓ આપ્યા પછી તેઓ એમની માતૃસંસ્થા - સી.એન.ની ફાઈન આર્ટ્સ ફેકલ્ટીમાં વ્યાખ્યાતા તરીકે જોડાઈ ગયા. ત્યાં ૨૮ વર્ષ જેટલી સુદીર્ઘ સેવાઓ આપીને ૧૯૯૧માં વયમર્યાદાને કારણે નિવૃત્ત થયા.

નટુભાઈ સી.એન.માંથી ભલે નિવૃત્ત થયા, બાકી એમના શબ્દકોશમાં નિવૃત્તિ જેવો શબ્દ જોવા ન મળે. નિવૃત્તિકાળમાં એથીસ્તો તેઓ વધારે પ્રવૃત્ત રહે છે. ચીતરવામાં, ચિત્રશિક્ષણ મેળવવાની લગનવાળા એકાદ-બેને ચિત્ર દોરતાં શીખવવામાં ને લખવા-વાંચવામાં એમનો સમય વ્યતીત થતો રહે છે. આ ઉપરાંત ચિત્રશિક્ષણનો અભ્યાસ ઘડતી સમિતિના સભ્ય તરીકે કે ગુજરાત રાજ્ય દ્વારા આયોજિત ચિત્રકલાની શિબિરોમાં નિષ્ણાત તરીકે તેઓ પોતાની સેવાઓ આપે છે. અમદાવાદની એન.આઈ.ડી. સંસ્થામાં વિઝિટિંગ પ્રોફેસર તરીકે તેઓ નેચર સ્ટડી અને ડ્રોઈંગ વિષયો પર દર વર્ષે વ્યાખ્યાનો આપવા નિમંત્રાતા રહે છે.

ચિત્રોનું સર્જન નટુભાઈને દિવ્ય આનંદ અને સંતોષ તો બક્ષે છે, સાથે સાથે નાનાં-મોટાં પારિતોષિકો પણ એમને આ ચિત્રો મેળવી આપે છે. ગુજરાત કોલેજમાં ભણતા હતા ત્યારે યોજાએલી ચિત્રસ્પર્ધામાં એમની કૃતિને પ્રથમ ઇનામ

મળેલું. પછી તો ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમીનું ૧૯૬૧ના વર્ષનું ઇનામ પણ એમને ફાળે આવ્યું. મૈસુરના દશેરા પ્રદર્શનના પ્રથમ પારિતોષિકના વિજેતા પણ નટુભાઈ હતા.

આજ દિન સુધી નટુભાઈએ ૧૭ વન-મૅન-શો યોજ્યા છે. એમાં મુંબઈની તાજમહેલ આર્ટ ગૅલરીમાં યોજેલ પ્રદર્શનનો સમાવેશ પણ થઈ જાય. એમની કલાકૃતિઓને કલાવિદોએ અને કલારસિકોએ આકંઠ માણી પ્રમાણી છે

સર્જક તરીકે નટુભાઈ વિશેષ તો વાસ્તવદર્શી છે. તેઓ એમનાં ચિત્રોના વિષયો તરીકે પ્રકૃતિનાં ભિન્ન સ્વરૂપોને પસંદ કરે છે. એમનાં ચિત્રોમાં નદીઓ, પહાડો, સરોવરો, સૂર્ય, ચંદ્ર, સવાર, સાંજ પ્રતિબિંબિત થતાં રહ્યાં છે. ગામડામાં જિવાતા જીવનને પણ એ કેનવાસ પર ઉતારતા રહે છે. તેઓ નવરાશ કાઢીને નીકળી પડે ખભે થેલો ભરાવીને તે પહોંચી જાય એમની નજરમાં વસી ગએલ એકાદ મનોરમ સ્થળે. પછી પલાંઠી લગાવીને બેસી જાય. ને મન ભરાય ત્યાં સુધી ચીતરે. ક્યારેક જોએલ દશ્યની અંકિત થઈ ગએલી સ્મૃતિને આધારે એમના સ્ટૂડિઓમાં બેસીનેય ચીતરે. એમના લૅન્ડસ્કેપનું માધ્યમ મહદ્અંશે જલરંગો રહ્યું છે.

નટુભાઈને ચીતરતા જોવા એય એક લ્હાવો છે. તેઓ પ્રારંભે એમને પ્રિય એવા રંગોથી આખા કેનવાસને રંગી નાખે, દશ્ય ગૌણ બની જાય. રંગોની મદદથી કેનવાસ પર અવકાશ બંધાતો જાય ને પ્રતીકો દ્વારા ચિત્રનું નિર્માણ થતું જાય. ક્યારેક દ્વિપરિમાણી રચનાઓ પણ રચાય. આવી કૃતિઓનું માધ્યમ તૈલરંગો હોય. સંગીતમાં જેમ સૂરનું પોતીકું સૌંદર્ય હોય છે, તેમ આવાં ચિત્રોમાં રંગરચનાનું આગવું સૌંદર્ય ખીલી ઊઠતું હોય છે. ચિત્રમાં ક્યારેક ફોર્મ ન જામે ત્યારે એ થોડા વ્યથિત પણ થઈ જાય. રંગોથી અંકિત કેનવાસના ભીના ફલક પર રંગો ગોઠવાઈ જાય એટલે નટુભાઈ રંગોના લયને તોડ્યા વિના આકારોને જરૂર પૂરતા ઉપસાવે ને વિષયને ફલક પર ઉતારે.

સ્થળ અને સમયને લક્ષમાં રાખીને નટુભાઈ પેડની સાઈઝ પસંદ કરે છે. ક્યારેક ૪" x ૭"ની સાઈઝના પેડ પર પણ તેઓ હાથ અજમાવી લે છે. આમ છતાં હાફ ઇમ્પિરીઅલથી મોટી સાઈઝના કેનવાસ પર તેઓ કામ નથી કરતા. મોટા કદ માટે તૈલ રંગનું માધ્યમ અપનાવે છે. નટુભાઈનો આદર્શ સેઝાં છે.

વર્ષમાં બે-ચાર વખત નટુભાઈ પ્રવાસ ખેડવા નીકળી પડવાના. પ્રવાસેથી પાછા ફરે ત્યારે ભેગું સારું એવું ભાથું બાંધી લાવવાના. એમના સંગ્રહમાં તારંગા, જૂનાગઢ, દીવ, દાર્જિલિંગ, કાંચનઝંગાનાં સૂર્યોદયનાં દશ્યોને એમણે એવાં તો કલાત્મક રીતે કેનવાસ પર ઝીલ્યાં છે કે જોનારના સ્મૃતિપટ પર એ અવિસ્મરણીય રીતે અંકિત થઈ જાય. શાંતિલાલ શાહે એમને ઊગતા સૂર્યના કલાકાર તરીકે અમસ્તા નથી ઓળખાવ્યા!

ચિત્રકામની પૂર્વતૈયારી, ને ચિત્ર પૂરું થયા પછી બધું સમેટવાની કામગીરીમાં નટુભાઈનાં પત્ની શારદાબહેન એમને સારો સાથસહકાર આપતાં રહે છે. આઉટિંગમાં મોટા ભાગે તે સાથે જ હોય.

કલાજગતમાં પ્રચલિત 'ઇઝમો'થી નટુભાઈએ પોતાની જાતને મુક્ત રાખી છે. તેઓ પોતા સિવાય કોઈને અનુસરતા નથી. તેઓ શુદ્ધ રંગોના આગ્રહી છે. લાલ, પીળો અને નારંગી એમના માનીતા રંગો છે. તેમણે એમની એક આગવી શૈલી ઊભી કરી છે.

નટુભાઈનાં ચિત્રોને ગુજરાતમાં ને ગુજરાતની બહાર સારો આવકાર સાંપડતો રહ્યો છે. મહુધા (જિ. ખેડા)ની શેરીઓનાં એમણે દોરેલાં ચિત્રો તો સાત સમંદર પાર કરીને અમેરિકા જઈ પહોંચ્યાં છે.

નટુભાઈ બ્રશ ઉપરાંત કલમ પણ સારી ચલાવી જાણે છે. એમનાં 'કલા-સંસ્કાર' અને 'કલાવૃત્ત' પુસ્તકો કલાના વિદ્યાર્થીઓ માટે આજે ય આધારભૂત સંદર્ભગ્રંથો ગણાય છે. 'કુમાર' જેવાં સામયિકોમાં તેઓ ચિત્રકારોના પરિચય-લેખો અવારનવાર લખતા રહે છે.

નટુભાઈ કૅમેરા પાસેથીય સારું કામ લઈ જાણે છે. એમના દ્વારા ઝડપાએલું દશ્ય માત્ર ફોટોગ્રાફ ન રહેતાં એક ચિત્ર બની રહે છે. વ્યક્તિ કે વસ્તુનું તથા પ્રકાશ- છાયાનું આયોજન એવી કલાત્મક રીતે કરવામાં આવ્યું હોય કે ફોટોગ્રાફ કલાકૃતિની ઊંચાઈ પ્રાપ્ત કરી લે.

નટુભાઈ સ્વભાવે મળતાવડા. એમના મિત્રવર્તુળમાં કલાકારો, સાહિત્યકારો, કેળવણીકારો ને સાધુ-સંતોય ખરા. મિત્રો, સંબંધીઓ માટે ઘસાઈ છૂટવા એ સદાય તત્પર. ઊગતા કલાકારની આંગળી ઝાલીને એને પ્રકાશમાં લાવે, જો એ કલાકારમાં કૌવત ભાળી જાય તો.

પાંચેક ફૂટની ઊંચાઈ, ખભે અડવા મથી રહેલ વાંકડિયાં ઝુલ્ફાં, વિશાળ કપાળ - એમના વ્યક્તિત્વનાં દ્યોતક ચિહ્નો. એમના અવાજમાં સાંભળનારને આત્મવિશ્વાસનો રણકો સંભળાય. સ્વભાવે તેઓ નર્યા સરળ, નિખાલસ. થોડા આખાબોલાય ખરા. એમનું હૃદય લાગણીથી છલોછલ ભરેલું. કલાકાર તરીકે સારી નામના મેળવી હોવા છતાં એની સભાનતા એમનાં વાણીવર્તનમાં જોવા ન મળે. આજે ૬૯ની વયે પણ એમના ઉમંગ-ઉત્સાહમાં ઓટ આવી નથી. આગામી વર્ષો દરમિયાન એમની પાસેથી આપણને વધુ ઉત્કૃષ્ટ કલા કૃતિઓ મળતી રહેશે એવી શ્રદ્ધા છે. - હરિત પંડ્યા

કલાકાર ભરત પંચાલનાં પર્યાવરણીય ચિત્રાંકનો



જ્યારે પર્યાવરણપ્રેમીઓ સમગ્ર જગતમાં ૨૪મી એપ્રિલે 'The Earth Day' - 'પૃથ્વી દિન' ઊજવે છે ત્યારે કલાકાર ભરત પંચાલે સર્જેલાં પર્યાવરણ અંગેની ચિંતા તથા તીવ્ર વેદના અભિવ્યક્ત કરતા ચિત્રો ખાસ અર્થપૂર્ણ બને છે. કન્ટેમ્પરરી આર્ટ ગેલેરીમાં નાના કદમાં, શ્વેત-શ્યામ રંગોમાં સર્જાયેલાં શ્રી પંચાલનાં આ ચિત્રો વર્તમાન સમયનો ખૂબ જ જીવંત અને સળગતો પ્રશ્ન પર્યાવરણનો વિનાશ તેને પ્રતીકાત્મક રીતે રજૂ કરે છે. ડ્રોઈંગનું માધ્યમ પણ આ વેદનાને - ચિંતાને અભિવ્યક્ત કરવામાં કેટલું સક્ષમ, શક્તિશાળી તથા ચોટદાર બની શકે તે ભરત પંચાલનાં ચિત્રો સફળતાપૂર્વક દર્શાવે છે. તેમણે સ્થિર આકારો, ઊભાં આકારોના વિરોધમાં સામે ત્રાંસાં આકારોને મૂકી સુંદર સંયોજન કર્યાં છે. હાથીએ વિશાળ થડને પોતાની સૂંઢમાં દબાવ્યું છે અને તે હાથી સમગ્ર અવકાશમાં છવાઈ જાય છે અને ચિત્રમાં પ્રભુત્વ દર્શાવે છે. માનવને કપાયેલો, કપાયેલા વૃક્ષની નીચે દબાયેલો પણ દર્શાવ્યો છે. માનવ ચહેરાઓ પર તનાવનો ભાવ વ્યક્ત થયો છે. આ ચિત્રો દ્વારા ભાવકોને પ્રદૂષિત થતા, વિનાશ પામી






રહેલા આપણા પર્યાવરણ પરત્વે કલાકાર સભાન કરે છે. ભરતભાઈએ સાચો પ્રશ્ન કર્યો છે : 'શું માનવી જ કુદરતનો મોટો શત્રુ નથી?'

હાલમાં સી.એન. કૉલેજ ઓવ્ ફાઈન આર્ટ્સમાં અધ્યાપન કાર્ય કરી રહેલા ભરતભાઈ પંચાલે ગુજરાત લલિતકલાનાં ઘણાં ઇનામો મેળવ્યાં છે. ડ્રોઈંગ માટે તેમને બૉમ્બે આર્ટ સોસાયટીનું પણ ઇનામ મળ્યું છે. ૧૯૭૨ થી ૧૯૯૮ સુધીમાં તેમણે કુલ બાર પ્રદર્શનો યોજ્યાં છે. મુંબઈ, દિલ્હી અને અમદાવાદમાં તેમણે શિબિરોમાં પણ ભાગ લીધો છે. ૧૯૮૭ થી ૧૯૯૦ સુધી ગુજરાત લલિતકલા અકાદમીના સભ્ય રહી ચૂક્યા છે. તેમનાં ચિત્રો અને ડ્રોઇંગ્સ જાણીતાં જાહેર સંગ્રહાલયો તથા ખાનગી સંગ્રહોમાં સચવાયાં છે.

વીવર્સ સર્વિસ સેન્ટર દ્વારા યોજાયેલાં બે પ્રદર્શનો

વીવર્સ સર્વિસ સેન્ટર, અમદાવાદ દ્વારા હસ્તકલા ટેક્સ્ટાઈલના જે નમૂનાઓ તૈયાર થઈ રહ્યા છે તે તેમની ડિઝાઈનો - સર્જનાત્મક તથા પરંપરાગત - માટે ખૂબ પ્રશંસા પામ્યા છે. આ સેન્ટર દ્વારા







ગુજરાતના જુદા જુદા ભાગમાં કાર્ય કરી રહેલા વણકરોને તથા સેન્ટર પર યુવા વિદ્યાર્થીઓને ડિઝાઇન અંગેનાં શિક્ષણ અને તાલીમ આપવામાં આવે છે.

ખાસ તો આ સેન્ટર પર કામ કરતા ડિઝાઇનરો પરંપરાગત ડિઝાઇનોમાંથી પ્રેરણા લઈ નવી ડિઝાઇનો તૈયાર કરે છે તથા ગુજરાતની હિંદુ-ઇસ્લામિક સભ્યતાની ઐતિહાસિક ઇમારતોના ભાગોની નકલોવાળી ડિઝાઇનો પણ તૈયાર કરે છે. પરંતુ સૌથી વધુ રસપ્રદ બાબત છે તેમની સર્જનાત્મક દૃષ્ટિ. આ ડિઝાઇનરોનું કાર્ય કેવળ નવી-જૂની ડિઝાઇનો તૈયાર કરવા પૂરતું સીમિત નથી. તેઓ સાચા અર્થમાં કલાકારો છે, કારણ કે તેમણે તેમનાં સર્જનાત્મક ચિત્રોનાં વૈયક્તિક પ્રદર્શનો રજૂ કરી ઇનામો મેળવ્યાં છે તથા તેમના ક્ષેત્રનું ગૌરવવંતું - 'માસ્ટર ક્રાફ્ટમેન'નું રાષ્ટ્રિય કક્ષાનું ઇનામ પણ મેળવવા ભાગ્યશાળી થયા છે. નવીન ઢગત, જગદીશ ખત્રી, વિઠ્ઠલભાઈ પટેલનાં નામ આજે સમગ્ર ભારતના હસ્તકલા ટેક્સ્ટાઈલના ક્ષેત્રમાં પ્રખ્યાત થયાં છે. તેમની પાસે કલાકાર-સર્જકની સર્જનાત્મક કલ્પનાશક્તિ તો છે, તો સાથે સાથે ડિઝાઇનની ઊંડી, ઉચ્ચ કક્ષાની દૃષ્ટિ પણ છે. તેમના કામમાં ચોકસાઈ, ઝીણવટ, ચોખ્ખાઈ, સ્પષ્ટતા તરત જ જણાઈ આવે છે. આપણને તેમનું કામ સૌંદર્યાનુભૂતિ પણ કરાવે છે. મોઢેરા,

ગુજરાતનાં જૈન મંદિરોમાંનાં કેટલાંક તત્ત્વોમાંથી પ્રેરણા લઈ તેમણે આકર્ષક ડિઝાઈનો તૈયાર કરી છે. તેમાં ભૌમિતિક ડિઝાઈન તથા પ્રાણીઓ તેમજ ફૂલ, વૃક્ષ, પાંદડાં વગેરેનો કલાત્મક ઉપયોગ થયો છે. કૉટન તથા વૂલન ચાદરો પરની ડિઝાઈનો ધ્યાન ખેંચે છે.

ઈઝરાયલની એરિયલ ફોટોગ્રાફી

અમદાવાદની રવિશંકર રાવળ આર્ટ ગેલેરીમાં ઈઝરાયલ સરકારના 'ધ પબ્લિક અફેર્સ ડિવિઝન' અને 'ઈઝરાયલ મિનિસ્ટ્રી ઑવ્ ફોરીન અફેર્સ' દ્વારા યોજિત 'ક્ષિતિજો' નામક કથાવસ્તુ ધરાવતું એરિયલ ફોટોગ્રાફિક પ્રદર્શન હમણાં યોજાઈ ગયું. એરિયલ ફોટોગ્રાફી કરી છે ડુબી ટાલે અને પાઈલોટિંગ કર્યું મોની હારામતિએ. આ ઉભય વ્યક્તિઓ દ્વારા ફોટોગ્રાફી અંગેનાં સાત પુસ્તકો પણ પ્રસિદ્ધ થયાં છે. મોટી સાઈઝમાં એન્લાર્જ્ડ કરેલા રંગીન ફોટાઓની એરિયલ પરિપ્રેક્ષ્યવાળી, ક્ષિતિજવ્યાપ્ત દૃશ્યાવલી-વાળી, તથા ઊંડાણ ધરાવતી સંરચનાઓનો આ છબીઓમાં પ્રભાવ વર્તાયો છે. સાંધ્ય ફોટોગ્રાફી કરતી વેળા વસ્તુઓ અને સ્થળો પર પડતા સોનેરી રંગોનાં પ્રકાશનો અને પડછાયાનો પણ દૃશ્ય અનુભવ થાય છે તથા રાત્રિના સમયની ફોટોગ્રાફી રાત્રિના અંધકાર અને રંગીન ઇલેક્ટ્રિક પ્રકાશને તથા વાતાવરણને અદ્ભુત રીતે વ્યક્ત કરે છે. સમુદ્રકિનારાનાં તથા ડુંગરો અને ખીણનાં દૃશ્યો આકર્ષક છે. વિવિધ પીળા, લીલા, બદામી, જાંબલી અને ભૂરા રંગોની સમૃદ્ધિ અને સૂક્ષ્મતાનો અનુભવ મજાનો



યરુસાલેમની ન્યૂ વસાહત, પશ્ચિમી દીવાલ, ખડક પરનો ઘુમ્મટ વગેરેની મોહક સંરચનાત્મક છબી.



તેલ અવિવમાંનું એક ચર્ચ

છે. સ્થળો અને વસ્તુઓ પરની પ્રકાશ-છાયાની રમત પણ અદ્ભુત. અહીં ઈઝરાયલનો ભવ્ય ઐતિહાસિક ભૂતકાળ સાકાર થયો છે; તો તેનો સમૃદ્ધ વર્તમાન પણ દર્શાવવામાં આવ્યો છે. ઈઝરાયલના સ્વાતંત્ર્યનાં ૫૦મા વર્ષે તેને અંજલિ આપતું પ્રદર્શન. - બંસીલાલ દલાલ

અનુસંધાન] સાહિત્યસંપર્ક [પૃ. ૩૫૧થી

આપની યાદી : શ્રી હરિકૃષ્ણ પાઠક સંપાદિત 'કલાપીનાં કાવ્યો'ના આ સંગ્રહમાં શ્રી પાઠક લખે છે કે, 'જીવીશ, બની શકે તો એકલાં પુસ્તકોથી - એવો અભિલાષ સેવનાર આ કવિના જીવનમાં પ્રણય-વિરહની જે ઊથલપાથલ આવી ગઈ તેમાં પોતાની દુન્યવી પ્રતિષ્ઠાને બદલે હૃદયના ધર્મને વફાદાર રહેવાનું સ્વીકારી કવિએ પોતાની પ્રિયતમા શોભનાને પત્નીરૂપે સ્વીકારવાનું જે વિરલ સાહસ દાખવ્યું અને તેમાં તેમની જે ધર્મબુદ્ધિ અને પ્રણયભાવ સક્રિય રહ્યાં તે ઘટના' - એક વિરલ ઘટના છે. કલાપીની મુખ્ય અને મહત્ત્વની પ્રતિનિધિ રચનાઓનો આ સંચય શ્રી હરિકૃષ્ણ પાઠકે કર્યો છે. (કાચું પૂઠું, ડિમાઈ સાઈઝનાં પૃ. ૭૨, કિં. રૂ.૧૦.)

બૃહત્ કાવ્યદોહન - પદમાલામૂલક ભાગ ૧ : મૂળ ઇચ્છારામ સૂર્યરામ દેસાઈ સંપાદિત બૃહત્ કાવ્યદોહન ભાગ ૧ થી ૮ની સર્વ સામગ્રીને ત્રણ ભાગમાં વિભાજિત કરીને પ્રકાશિત કરવાની યોજના અન્વયે આ પ્રથમ ભાગ ડૉ. બળવંત જાનીએ સંપાદિત કર્યો છે. (પાકું પૂઠું, ડિમાઈ સાઈઝનાં પૃ. ૭૬૪, કિં. રૂ. ૩૨૦.)

ગુજરાતી લોકકથા : લોકસાહિત્ય માળા, મણકા ૧ થી ૧૪ અંતર્ગત 'ગુજરાતી લોકકથા'ના આ સંગ્રહના સંપાદક ડૉ. હસુ યાજ્ઞિક જણાવે છે કે, 'આ કથા-વાર્તા આધુનિક ટૂંકી વાર્તા, નવલકથા, નાટક, એકાંકીના સ્વરૂપે ઢળીને આવતી મૌલિક કલ્પિત કથાઓ નથી, પરંતુ પરંપરાગત પ્રવાહમાં ચલણી બનીને વિવિધ કાળે, વિવિધ રૂપે પ્રકટ થતી કથાઓ છે.' (પાકું પૂઠું, ડિમાઈ સાઈઝનાં પૃ. ૨૪૪, કિં. રૂ. ૯૦.)

ઉપરનાં ચારે પુસ્તકોના પ્રકાશક : ગુજરાત સાહિત્ય અકાદમી, જૂનું વિધાનસભા ભવન, ત્રીજો માળ, ટાઉન હૉલ, સેક્ટર ૧૭, ગાંધીનગર.

જૌહર હૂઁ જૌહરી ચાહતા હૂઁ : 'સ્વસ્થ માનવ'ના તંત્રી શ્રી ચીનુભાઈ ગી. શાહે જહેમતપૂર્વક આ પુસ્તકમાં ઉર્દૂ શાયરોના ૧૦૦૮ ચૂંટેલા શેઅર પેશ કર્યા છે. પ્રત્યેક શેઅરની નીચે ગુજરાતી અર્થચ્છાયા આપવામાં આવી છે. જિન્દગી, મૃત્યુ, પ્રેમ આદિ વિવિધ વિષયોને આવરી લેતા ઉર્દૂ નામી શાયરોના આ ચુનંદા શેઅર ગઝલપ્રેમીને સંતર્પક બની રહેશે. અંતે ઉર્દૂના અઘરા શબ્દોની અર્થસૂચિ પણ આપી છે. સુઘડ છપાઈ અને ડિમાઈ કદના કાચા પૂઠાનાં પૃષ્ઠ ૧૬૦. રૂ. ૧૦૦.૦૦. 'કુમાર'ના ગ્રાહકોને ૩૧-૭-૯૯ સુધીમાં ૪૦ ટકા વળતરથી ('સ્વસ્થ માનવ', સી/૧૪, રમણકલા, પહેલો માળ, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩ એ સરનામેથી મળી શકશે.)



શાયર
જાવેદ અખ્તર
(કૅરિકેચર :
નિર્મિશ ઠાકર)

અતીતમાં અવગાહન

આ માસ (જૂન) ઇતિહાસમાં - વ્યક્તિવિશેષ-દિનવિશેષ-પ્રસંગવિશેષ

તા. ૧ ઇંગ્લંડના ૨૭મા રાજકવિ જૉન મેઇસફીલ્ડનો જન્મ, ઈ. ૧૮૭૮. (અવસાન ૧૨ મે, ૧૯૬૭.) લગભગ ૯૦ જેટલા ગ્રંથોમાં નાટકો, નવલિકાઓ, નવલો, કિશોરકથાઓ, નિબંધો ને શેક્સપીઅર વિષેના અભ્યાસલેખો લખવા સાથે ખાસ તો પોતાની સરળ ને કથનાત્મક શૈલીથી એમણે અંગ્રેજી કાવ્યસાહિત્યમાં એક નવો જ વળાંક આપ્યો હતો. 'લખાતા'ને બદલે એમણે 'બોલાતું' પદ આપ્યું. ઈ. ૧૯૩૦માં તેમને ઇંગ્લંડનું રાજકવિ પદ મળ્યું હતું. (વિસ્તૃત પરિચય અંક ૫૨૩.)



તા. ૪ મીર જાફર અને ક્લાઈવ વચ્ચે ખાનગી કરારો થયા. આ પછી ક્લાઈવે સિરાજુદ્દૌલા સામે પલાશી (પ્લાસી)-માં લશ્કર ઉતાર્યું. પૂર્વયોજના પ્રમાણે લડાઈમાં મીર જાફર નિષ્ક્રિય રહ્યો. પરિણામે સિરાજુદ્દૌલાને યુદ્ધમેદાન-માંથી નાસી જવું પડ્યું. ક્લાઈવની જીત થઈ અને મીર જાફર બંગાળ, બિહાર તથા ઓરિસ્સાનો નવાબ બન્યો. બીજી જુલાઇએ સિરાજુદ્દૌલાને પકડી પાડી મીર જાફરના પુત્ર મીરને એને મારી નાખ્યો, ઈ. ૧૭૫૭. આ મીર મીરનનું આગળ જતાં અંગ્રેજોએ ખૂન કરાવી નાખેલું. (બાજુમાં મીર જાફર અને તેના પુત્ર મીરનનાં રેખાંકનો છે.)

તા. ૫ ફ્રાંસમાં ઍનોની મુકામે જૉસેફ અને એટીની મૉન્તગૉલ્ફર નામે બે ભાઇઓએ બલૂન ઉડાડવાનો સૌપ્રથમ સફળ પ્રયોગ કર્યો, ઈ. ૧૭૮૩. ઘરની ચીમનીમાં ધુમાડાના જોરે રાખના કણો ઊડતા જોઈ એમને પ્રેરણા મળી, અને ૩૮ ફૂટ જેટલો પહોળો ગબ્બારો બનાવી, સળગાવેલા ઘાસનો ધુમાડો ભરીને એમણે એ હવામાં ચડાવ્યો. ૧,૦૦૦ ફૂટ ઊંચે જઈ દસેક મિનિટમાં એ દોઢેક માઈલ દૂર જઈ પડેલો. હકીકતે ધુમાડાથી નહિ પણ ગબ્બારાની અંદરની હવા ગરમ થઇને બહારની હવા કરતાં હલકી થવાથી એ અધ્ધર ઊપડેલો. આ સિદ્ધાંત પર પછી વધુ સફળ પ્રયોગો થયા ને માણસનું હવા-માં ઊડવાનું સ્વપ્ન આકાર લેવા માંડ્યું.



મૉન્ત ગૉલ્ફર ભાઇઓ
જૉસેફ અને એટીની તથા
એમનું પ્રથમ બલૂન→



તા. ૧૧ દશ્ય-ચિત્રોના ઉસ્તાદ અંગ્રેજ ચિત્રકાર જૉન કૉન્સ્ટેબલનો જન્મ, ઈ. ૧૭૭૬. (અવસાન : ૩૧ માર્ચ ૧૮૩૭) આકાશ, વાદળો, નદી, વનરાઈ અને લાક્ષણિક મકાનોના આશક આ ચિત્રકારનાં અનેક સુંદર દશ્યચિત્રો ઘણાખરાં મ્યૂઝિયમોમાં સંઘરાયાં છે.



કૉન્સ્ટેબલની એક ચિત્રકૃતિ

તા. ૧૪ સમાજ પર કદાચ સૌથી વધુ ઊંડી અસર પાડનાર કથા 'અંકલ ટૉમ્સ કૅબિન'ની અમેરિકન લેખિકા હૅરીએટ બીચર સ્ટોનો જન્મ, ઈ. ૧૮૧૧. ૨૫મે વર્ષે ગુલામીની પ્રથાના વિરોધી પાદરી રેવ૦ એડવિન ઈ. સ્ટો સાથેના લગ્ન પછી ઉપાડેલી ઝુંબેશ-ના ફલસ્વરૂપ આ કથાએ જ ગુલામીની પ્રથા વિરુદ્ધ લિંકનને પક્ષે સૌથી વધુ લોકમત કેળવેલો.



હૅરીએટ બીચર સ્ટો

તા. ૧૬ હિંદમાં ઘણે સ્થળે—ભરૂચ, કચ્છ, કલકત્તા અને છેક પૉંડિચેરી સુધી—ભયંકર ધરતીકંપ, ઈ. ૧૮૧૯. અમદાવાદની જુમા મસ્જિદના ભવ્ય સુંદર મિનાર એમાં જ તૂટી ગયેલા.

તા. ૧૭ બુરહાનપુરમાં એક પુત્રીને જન્મ આપતાં શાહજહાંની બેગમ અર્જુમન્દબાનુ મુમતાઝ મહાલનું અવસાન, ઈ. ૧૬૩૧. સાતેક માસ પછી એના શબને આગ્રા લઈ જઈ શાહજહાંએ એની કબર પર જગવિખ્યાત મકબરો—તાજમહાલ બંધાવ્યો, જેનું કામ ઈ. ૧૬૪૫માં પૂરું થએલું.



મુમતાઝમહાલ

તા. ૧૯ અર્લ ઑવ રૉસે 'સ્પાઈરલ નેબ્યુલા'—દેવયાની નિહા-રિકા—ની શોધ જાહેર કરી, ઈ. ૧૮૫૦. દેવયાની તારામંડળમાં 'એમ-૩૧' નામે ઓળખાતી આ નિહારિકા નરી આંખે મોટામાં મોટી ને વધુમાં વધુ તેજસ્વી દેખાતી નિહારિકા છે. આપણાથી ૨૦ લાખ પ્રકાશવર્ષ દૂર અને ૧૫૦,૦૦૦ પ્રકાશ-વર્ષ જેટલા પ્રલંબ વ્યાસવાળું આ તારાજગત આપણા આકાશગંગા-તારાવિશ્વ જેવી ઘણીખરી ખાસિયતો ધરાવે છે.



સ્પાઈરલ નેબ્યુલા

તા. ૨૯ બંગભાષાના શ્રેષ્ઠ કવિ માઇકેલ મધુસૂદન દત્તનું અલીપોરની ધર્માદા દવાશાળામાં અવસાન, ઈ. ૧૮૭૩. (જન્મ : ઈ. ૧૮૨૪.) ગ્રીક, લૅટિન, ફ્રૅંચ, જર્મન, ઇટાલિયન, હિબ્રુ ને સંસ્કૃત ઉપરાંત તમિળ અને તેલુગુ ભાષાના જાણકાર એમણે અંગ્રેજીમાં કાવ્યો લખવાથી સાહિત્ય-જીવનનો આરંભ કર્યો પાછળથી માત્ર બંગાળીમાં લખવા માંડેલું. વીરરસપ્રધાન કાવ્યોમાં એમની સિદ્ધિ અગ્રિમ હતી. (અંક ૫૪૯માંથી)

મનાલી (દેશાટન-૫)

હિમાલયની કુલ્લુ ઘાટીમાં આવેલું મનાલી પદયાત્રા-અભિયાન માટે અને



સુંદર દૃશ્યો જોવા માટે એક ઉત્તમ સ્થળ છે. આમ તો મનાલી એક પર્વતીય સ્થળ છે જે પુરાણ કથાઓમાંના રાજા મનુનું નિવાસ-સ્થાન માનવામાં આવે છે.

મનાલીની પદયાત્રા માટે એપ્રિલથી જૂન અને સપ્ટેમ્બર-ઓક્ટોબરનો સમય ઘણો અનુકૂળ અને આહ્‌લાદક હોય છે. નદીના કિનારે તંબૂ બાંધી રહેવું, ઠારી નાખે એવી ઠંડીમાં સ્લીપિંગ-બૅગમાં હૂંફ મેળવી આરામ મેળવવો, કુદરતી શાંતિમાં નયનરમ્ય સૌન્દર્ય દૃશ્યો જોવાનો આનંદ માણવો અને એ દૃશ્યોને કૅમેરામાં ઉતારવાં એ એક અનન્ય લહાવો છે.

પર્યટક-કાર્યાલયથી દોઢ કીલોમિટર દૂર પ્રસિદ્ધ મનુમંદિર આવેલું છે, અને ૨૫ કીલોમિટર દૂર આવેલું છે ચમકતું શિખર હનુમાન-ટિબ્બા. ત્યાંથી વ્યાસ નદીના સ્રોત વ્યાસકુંડ જવાય છે, જ્યાં ઋષિ વ્યાસે તપસ્યા કરી હતી. નજીકમાં ગરમ પાણીનાં ઝરણ છે જે 'વસિષ્ઠ ઝરણ' તરીકે ઓળખાય છે. વશિષ્ઠ મુનિના મંદિરની પાછળ હિડમ્બા મંદિર આવેલું છે જે મનાલી શહેરથી ૨ કીલોમિટર દૂર જંગલમાં છે. કહેવાય છે કે આ મંદિર રાજા બહાદુરસિંહે ઈ.સ. ૧૫૫૩માં બંધાવ્યું હતું, અને ભીમની પત્ની હિડમ્બાને સમર્પિત કર્યું હતું. ત્યાંથી થોડેક દૂર તિબ્બતી મઠ આવેલો છે, જ્યાં મહાત્મા બુદ્ધની મૂર્તિઓ જોવા મળે છે.

મનાલી રેલવે માર્ગથી, સડક માર્ગથી અને હવાઈ માર્ગે જઈ શકાય છે.

('યોગક્ષેમ'ને આધારે)



એવા આવે છે ધરતીના સાદ રે... હાલો ભેરુ! ગામડે.
ભીની માટીની ગંધ આવે યાદ રે... હાલો ભેરુ! ગામડે...
ખૂંદવાને સીમ, ભાઈ! ખેડવાને ખેતરો,
ભારતના ભાવિનાં કરવાં વાવેતરો;
હે જી કરવા માભોમને આબાદ રે... હાલો ભેરુ! ગામડે.

– નાથાલાલ દવે

કેદાર શર્માની ચિરવિદાય

તેમનો આગવો વ્યવહાર જોઈને સહુને થયું કે હવે જરૂર કવિવર રવીન્દ્રનાથ ગુસ્સે ભરાશે! પણ તેમ ના થયું. સ્વયં કવિવર પોતાના આસનેથી ઊભા થઈને સહર્ષ એ યુવાનને ભેટી પડ્યા. આથી તો સહુનું આશ્ચર્ય વિશેષ વધી ગયું કે 'આ તો કવિવરે આ યુવાનને માન આપ્યું!' એ યુવાન હતો કેદાર શર્મા, જેમના કાવ્યસંગ્રહ 'પંછી' પર તે પછી રવીન્દ્રનાથે હસ્તાક્ષર પણ કરી આપ્યા હતા. શાંતિનિકેતનમાં જેઓ રવીન્દ્રનાથને મળવા જાય તેઓ નમીને તેમને પ્રણામ કરતા. પેલો યુવાન ત્યાંના રિવાજ પ્રમાણે નમ્યો ન હતો. ઊભા ઊભા જ તેણે કવિને હાથ જોડીને પ્રણામ કરેલા. તે વેળાએ કેદાર શર્માની વય સોળેક વર્ષની હશે. તે પછી તેઓ વારંવાર શાંતિનિકેતન જતા થયા. આમ, શર્મિલા ટાગોર, બલરાજ સહાની તેમજ અન્ય કેટલાક ફિલ્મી તારકોની જેમ આપણે કેદાર શર્માને પણ પ્રત્યક્ષ નહીં તો પરોક્ષ રીતે પણ શાંતિનિકેતનના સંસ્કારસિંચિત કલાકાર કહી શકીએ, જેમનું તાજેતરમાં જ ૨૯મી એપ્રિલે (૧૯૯૯) ૯૦ વર્ષની જૈફ વયે બપોરે એક વાગે દેહાવસાન થયું. તેમના પરિવારમાં બે પુત્રી અને એક પુત્ર છે. વિધિની વક્રતા તો એ છે કે ૧લી મેના દિને તો તેમને મહારાષ્ટ્ર સરકાર તરફથી 'રાજકપૂર એવોર્ડ' અર્પણ થનાર હતો! રાજકપૂરની શોધ કરનાર જ સ્વયં કેદાર શર્મા હતા.

તેમના પિતાની હાર્દિક ઇચ્છા હતી કે પોતાનો પુત્ર સરકારી ઉચ્ચ અધિકારી બને કે વકીલાત કરે. પિતાના આદેશ અનુસાર તેમણે અભ્યાસ તો કર્યો જ અને લગ્ન પછી પોતાની વાત પત્નીને કરતાં તેણે તત્ક્ષણે દસ રૂપિયાની નોટ પતિને આપતાં કહેલું કે, 'જાઓ અબઘડી કલકત્તા અને આપણું ભાગ્ય અજમાવો.' આવી સુલક્ષણા પત્ની પામીને



ધન્ય થયેલા પતિદેવ પણ ત્વરિત ભાગ્યમાર્ગી બન્યા.

હિન્દીના ખ્યાતનામ નવલકથાકાર શ્રી ભગવતીચરણ વર્માની નવલકથા 'ચિત્રલેખા' (પ્રકાશન ઈ.સ. ૧૯૩૪) પરથી એ જ નામે બે વાર ફિલ્મ બનાવનાર શ્રી કેદાર શર્માની છાપ એક કુશળ દિગ્દર્શક તરીકેની છે. જો કે તેઓ એક સારા લેખક અને કવિસંગીતકાર પણ હતા જ. તેમની દિગ્દર્શિત અન્ય ફિલ્મોમાં 'દેવદાસ', 'વિદ્યાપતિ', 'સપેરા', 'ઔલાદ', 'અરમાન', 'ગૌરી', 'કાલિયા', 'ધના ભગત', 'નીલકમલ', 'સુહાગરાત', 'નેકી ઓર બદી',

'જોગન', 'બાવરે નયન', 'બેદર્દી શોખિયાં', 'સપના', 'ગુનાહ', 'છોરા-છોરી', 'જલદીપ', 'કાકી ગુડા', 'રંગીન રાતે', 'સ્કાઉટ કેમ્પ', 'હમારી યાદ આયેગી', 'ફરિયાદ', 'મયખાના', 'પહલા કદમ', 'પ્યાસે નયન', 'સહમે હુવે સિતારે', 'જિંદગી', 'કરોડપતિ', 'અનાથઆશ્રમ', 'વિષકન્યા', ' મુમતાઝ મહલ', 'ભંવરા', 'દુનિયા એક સરાઈ' તથા 'ભીગી પલકે' વગેરેનો સમાવેશ થાય છે. 'ચિત્રલેખા'ની સફળતાએ સરદાર ચંદુલાલ શાહે તેમને ૧૯૪૧માં પોતાને માટે ફિલ્મો બનાવવા નિમંત્રણ આપ્યું અને રણજિત સ્ટુડિઓમાં કેટલીયે યાદગાર ફિલ્મો આ દિગ્દશકે બનાવી. એમણે ભારતીય ફિલ્મક્ષેત્રે રાજકપૂરની સાથે સાથે મધુબાલા, ગીતાબાલી, ભારત ભુષણ, મહેતાબ, માલા સિંહા જેવાં સક્ષમ કલાકારો પણ ફિલ્મજગતને આપ્યાં.

ઈ.સ. ૧૯૪૫માં હોલિવુડ તથા બ્રિટન મોકલાયેલા પ્રતિનિધિ મંડળમાં શ્રી કેદાર શર્માની પસંદગી થયેલી. ત્યાં તેઓ વોલ્ટ ડિઝની, સીસીલ બી, ડેમિલે તથા ત્યાંના ખ્યાતનામ ફિલ્મી કલાકારોને તેઓ મળ્યા હતા અને એ પછી તેમણે સ્વતંત્ર ફિલ્મનિર્માણનું કામ પણ શરૂ કર્યું. તેમની 'જોગન' ફિલ્મે તો એ સમયે એમને ખૂબ જ યશ અપાવડાવ્યો હતો. સંગીતકાર બુલો સી. રાનીને 'જોગન'થી જ નામના મળેલી. તેમની ફિલ્મકલાથી આકર્ષાઈને ઈ.સ. ૧૯૫૦માં જવાહરલાલ નેહરુએ તેમને ચિલ્ડ્રન્સ ફિલ્મ સોસાયટીના ડિરેક્ટર ઇન-ચીફ તરીકે નિમેલા અને 'જલદીપ' નામની બાળકોની ફિલ્મ પણ તેમણે એ સોસાયટીના નેજા હેઠળ બનાવેલી, જેને વેનિસના ફિલ્મ ફેસ્ટિવલમાં એવોર્ડ મળેલો. ત્યાર પછી ૧૯૫૮માં શ્રી શર્માને સિંગાપોરના શો બ્રધર્સે પોતાની ફિલ્મોના દિગ્દર્શન માટે નિમંત્રણ આપ્યું હતું.

તેઓ સંપૂર્ણતઃ ફિલ્મી જીવ હતા. કેવળ દિગ્દર્શનથી તેમને સંતોષ ન હતો. પરિણામે યથાવસરે પટકથા, સંવાદલેખન અને સ્વયં એક સારા કવિ હોવાને નાતે ગીતો પણ તેમણે લખ્યાં હતાં. જેમ કે સાયગલના કંઠસંસ્કારિત છતાં મૂકેશના કંઠે ગવાયેલું આ ગીત તો છે - 'તેરી દુનિયા મેં દિલ લગતા નહીં,

વાપસ બુલા લે,
મૈં સજદે પે ગિરા હૂં,
મુઝકો અય માલિક ઉઠા લે...'

ફિલ્મ 'બાવરે નૈન'માંની સંગીતકાર રોશન દ્વારા બંધાયેલી આ તરજ ને ગાયક મૂકેશને તથા ગીતકાર કેદાર શર્માને અદ્ભુત પ્રસિદ્ધિ અપાવી હતી. છતાં આજે પણ ઘણા ઓછા જાણે છે કે કેદાર શર્મા એક અચ્છા ગીતકાર હતા. તેમની કેટલીક કાવ્યપંક્તિઓ જુઓ -

'ભગવાન જો તેરા ભી,
ભગવાન કોઈ હોતા
હમ દેખતે ફિર ક્યોં કર,
આરામ સે તૂ સોતા'
(ફિલ્મ : 'ઠેસ', સંગીતકાર-સ્નેહલ ભાટકર)

ફિલ્મી ગાયકો અને ગીતકારોનું સ્મરણ કરીએ ત્યારે કુંદનલાલ સાયગલ તો અગ્રસ્થાને હોય જ. છતાં એ પણ યથાર્થ છે કે સાયગલને જે ગીતોએ ઊંચાઈ આપી જાણી છે તેના કસબીઓ ગાલિબ, મજરૂહ સુલ્તાનપુરી તથા ખુમાર બારાબંકવીની જેમ કેટલાંક ગીતો તો કેદાર શર્માએ પણ લખેલાં છે જેનો જાદુ આજેય હૃદયસ્પર્શી રહ્યો છે. આ રહ્યાં એ ગીતો :

* 'બાલમ આયે બસો મોરે મનમેં
સાવન આયા તુમ ન આયે
તુમ બિન રસિયા કુછ નહીં ભાવે
મનમેં મોહે હુક ઉઠત હય
જબ કોયલ કુકત બનમેં....બાલમ'

* 'દુઃખ કે... અબ દિન બિતત નાહી
સુખ દિન જો... એક સપનં થા
મોહે અબ દિન બિતત નાહીં. દુઃખ કે...' ('દેવદાસ')

* 'સોજા રાજકુમારી સોજા,
સોજા મૈં બલિહારી, સોજા...' ('જિંદગી')

* 'મૈં ક્યા જાનું, ક્યા... જાદુ હૈ...
ઈન દો મતવાલે નૈનોં મેં જાદુ હૈં' ('જિંદગી')

વળી, સાયગલના કંઠે કેદાર શર્મા લિખિત આ ગૈરફિલ્મી ગીત તો આજે પણ કોઈનેય હચમચાવી જાય એવું છે.

'પંછી! કાહે હોત ઉદાસ,
તૂ તોડ ન મન કી આસ,
પંછી, કાહે હોત ઉદાસ.'

નેવું વર્ષની જૈફ વયે આ કવિ વિદાય થાય છે ત્યારે જતાં જતાં સ્વગત જાણે કહેતા ન હોય કે -

'ઉઠ ઔર ઉઠકર આગ લગા દે
ફૂંક દે પિંજરા, પંખ જલા દે
રાખ બબુલા બનકર પંછી
પહુંચ ઉનકે પાસ,
પંછી કાહે હોત ઉદાસ....'

આમ, 'પિંજરા લેકર ઉડ જા પંછી, જા સાજન કે પાસ' કહીને આ કવિએ જાણે એ પંક્તિ આજે પોતાને માટે જ સાર્થક ન કરી હોય એવું નથી લાગતું? હિન્દી ફિલ્મક્ષેત્રના એક સમર્થ એવા દિગ્દર્શક જ નહીં પણ સારા સંવાદલેખક અને સંવેદનશીલ કવિ તરીકે ખ્યાતનામ કેદાર શર્મા સદાય સ્મરણીય રહેશે. - ડૉ. રજનીકાન્ત જોશી

સદ્‌ગત શ્રી કરમશી જેઠાભાઈ સોમૈયા

સોમૈયા ઉદ્યોગગૃહ, (સોમૈયા ટ્રસ્ટ, વિદ્યાવિહાર શિક્ષણ-સંકુલ, ગિરિવનવાસી પ્રગતિ મંડળના સ્થાપક-પ્રણેતા શ્રી



કરમશીભાઈ સોમૈયા, તેરા (કચ્છ)ના વતની. પરંતુ વડીલોના મહારાષ્ટ્રના વસવાટના કારણે એહમદનગર વિસ્તારના માલુંજા ગામે ૧૯-૫-૧૯૦૨ના રોજ જન્મ્યા હતા. શ્રી રામપુર-બેલાપુર વિસ્તારમાં સામાન્ય ધંધાના કામકાજથી પ્રારંભ કરી તેઓ. સખત પરિશ્રમ દ્વારા સોમૈયા ઉદ્યોગગૃહના સ્થાપક બની સાકરબજારમાં 'રાજા'નું સ્થાન પ્રાપ્ત કરી ચૂક્યા હતા, આની સાથે જ તેઓએ પ્રાપ્ત ધનનો સદુપયોગ થાય તે માટે સોમૈયા ટ્રસ્ટની સ્થાપના કરી. ઈ.સ. ૧૯૫૯માં સોમૈયા વિદ્યાવિહાર નામનું શિક્ષણ- સંકુલ સ્થાપ્યું હતું, જ્યાં આજે વિવિધ શાખાઓ ધરાવતી ૩૨ શિક્ષણસંસ્થાઓ કાર્યરત છે. આ ઉપરાંત મહારાષ્ટ્ર, કર્ણાટક અને ગુજરાતમાં પણ આરોગ્યકેન્દ્રો તથા અતિથિગૃહો સ્થાપેલ છે. સેવાકાર્ય માટે તેઓએ શ્રી ગિરિવનવાસી પ્રગતિ મંડળની સ્થાપના કરી હતી. આ મંડળ દ્વારા તેઓએ ૧૯૭૫ થી ૧૯૮૨ સુધી ભારતનાં વિવિધ રાજ્યોના આદિવાસી વિસ્તારોમાં વિશાળ આરોગ્ય શિબિરો રચી વિવિધ રોગોની સારવાર અને ઑપરેશન દ્વારા માનવસેવાનો યજ્ઞ આરંભ્યો હતો, જે કાયમી કેન્દ્ર તરીકે થાણા જિલ્લાના નરેશવાડી કેન્દ્ર દ્વારા કાર્યરત છે. છેલ્લાં દશ વર્ષથી તેઓ હંમેશાં જાન્યુઆરીની ૨૬મી તારીખે વિદ્યાવિહાર-મુંબઈમાં વયશ્રેષ્ઠી સંમેલન યોજતા અને એ દ્વારા વૃદ્ધજનો સાથેના એક દિવસના સંમેલનનો ભાવવાહી કાર્યક્રમ એક અદ્‌ભુત દૃશ્ય-સંગમ રચતો હતો.

આવા સતત પુરુષાર્થી અને કર્મશીલ કરમશીભાઈનું દેહાવસાન ૯-૫-૧૯૯૯ના રોજ થયું ત્યારે પુરુષાર્થ, માનવતા, આદર્શ, મૂલ્યો અને પ્રેરણાનો એક યુગ પૂરો થયો તેવું અનેકે અનુભવ્યું.

યુવાન વયમાં જ જ્યારે તેઓ ઉદ્યોગની સ્થાપના કરી રહ્યા હતા ત્યારથી જ એ આદર્શ સેવતા હતા કે મારા ધનનો ઉપયોગ સમગ્ર સમાજના કલ્યાણ-ઉત્થાન માટે કરીશ. હું કશું જ લઈને જન્મ્યો ન હતો, કશું જ લઈને જવાનો નથી. તો જે સમાજે આપ્યું છે તે તેને જ અર્પણ કરવું. વારંવાર કહેતા કે મારી લાયકાત કરતાં પણ મને ઘણું જ પ્રાપ્ત થયું છે. પરિણામે તેઓએ આદિવાસી વિસ્તારોમાં શિક્ષણક્ષેત્ર ઉપરાંત દુષ્કાળો, કુદરતી આફતોમાં સક્રિય થઈ, ગૌશાળા સ્થાપીને દાનનો અખૂટ પ્રવાહ વહાવ્યો. તેઓ હંમેશાં જાતે જ પોતાના આંતરમનમાં ઉદ્‌ભવતા મૌલિક વિચારો દ્વારા યોજનાઓ ઘડતા અને અંગત દેખરેખ નીચે સંસ્થાઓ સ્થાપતા.

તેઓ વ્યવસાય અને વહીવટમાં કડક અનુશાસનના આગ્રહી હતા. પરિવારમાં પણ શિસ્ત અને મૂલ્યો-નિયમોના દૃઢ પાલનના હિમાયતી હતા. પરિણામે સોમૈયા પરિવાર એક સંસ્કારી, પરિવાર બન્યો. દાનનો પ્રવાહ તેમણે અસ્ખલિતપણે વહેતો રાખ્યો અને ક્યારેય કોઈને તેઓ ના કહેવાનું શીખ્યા જ ન હતા. અનેક સંસ્થાઓ, સમાજના સભ્યો, વિદ્યાર્થીઓ માટે તેમનો હાથ અને હૈયું આપવા માટે તત્પર રહેતાં. સતત ૨૦ કલાક કરતાં વધુ કાર્યરત રહી તેઓએ અનેક મૌલિક યોજનાઓ વિચારી અમલમાં મૂકી હતી. ઊંડા આદિવાસી વિસ્તારોમાં યોજાએલી આરોગ્યશિબિરોમાં તેઓ પૂરો સમય હાજર રહી જાતે દરદીઓની સારવારમાં એક અદના સ્વયંસેવક તરીકે કાર્ય કરતા. પ્રકાશક તરીકે સોમૈયા પબ્લિકેશન દ્વારા બ્લિએ ઉત્તમ ગ્રંથોનું પ્રકાશન કર્યું હતું.

તદ્દન નાનીનાની અને સામાન્ય બાબતોમાં તેઓ પૂરો રસ લેતા. ચોક્સાઈ અને ગુણગ્રાહીપણું, નમ્રતા, નિરાભિમાનતા અને અન્યના કાર્ય વખતે પણ હું મારા કલ્યાણ અને સંતોષ માટે જ આ બધું કરું છું તેવી ભાવના એ તેમની વિશેષતા હતી.

સતત માનવતાભર્યું જીવન, હંમેશાં હસતો અને હાજર- જવાબી ચહેરો એ તેમનું પ્રતીક. અનેક હૃદયોમાં તેઓએ પ્રેરણા અને આદર્શનું સ્થાન સિદ્ધ કર્યું હતું. માનવ તરીકે જન્મીને માનવ કેવો થઈ શકે, હોઈ શકે તેનું મૂર્તિમંત, સ્વરૂપ તેઓએ પૂરું પાડીને આ સદીમાં એક આદર્શ સ્થાપ્યો છે.   - પ્રા. સુરેશ મ. શાહ

'એસ્પિરિન' ઊજવે છે શતાબ્દી

તા. ૬ઠ્ઠી માર્ચ ૧૯૯૯ના દિવસે ઍસ્પિરિન ઔષધે પોતાના અસ્તિત્વનાં સો વર્ષ પૂરાં કર્યાં. આ એસ્પિરિનની શતાબ્દી ધામધૂમથી જર્મનીમાં ઉજવાઈ રહી છે.

૧૮૨૫માં જન્મેલા જર્મન કેમિકલ સેલ્સમૅન ફ્રેડરિક બેયરે ૧૮૬૩માં બેયરે એ.જી. નામની આ કંપનીની સ્થાપના કરેલી. પહેલાં આનું વડુ મથક વુપરટાલમાં હતું. આજે લિવરકુસેન શેટરમાં આ બેયર કંપની છે. આ કંપની વિશ્વના ૩૦ દેશોમાં ફેલાયેલી છે તેમજ જુદી જુદી ૧૦,૦૦૦ જેટલી વિવિધ નીપજો બનાવે છે.

આશરે ૨૪૦૦ વર્ષ પૂર્વે વિખ્યાત ઔષધશાસ્ત્રના પિતામહ જેવા હેપોક્રેટિસે વીલો વૃક્ષની છાલનો ઉપયોગ સ્ત્રીની પ્રસૂતિ પીડાને ટાળવા માટે કરેલો. આ જ રીતે ૧૭૫૮માં પાદરી એડવર્ડ સ્ટોન તેમના ગામ ચિપિંગ નૉર્ટનની આસપાસ રહેતાં લોકોની સારવાર માટે આ વીલા વૃક્ષની છાલનો ઉપયોગ દવા તરીકે કરેલો અને તેમને તેનાં પરિણામો સારાં મળ્યાં. ૧૮૨૮માં જર્મનીના મ્યુનિચ શહેરમાં આવેલ ફાર્માકોલૉજિક ઇન્સ્ટિટ્યૂટ ઑવ્ મ્યુનિચના યોહાન એ. બુચુનરે આ વીલોવૃક્ષમાંથી સેલિસિન નામનું સ્વાદે કડવું સંયોજન મેળવ્યું.

ત્યાર બાદ ફ્રાન્સના વિજ્ઞાની એચ. લરે આજ સેલિસિન બનાવ્યું. ૧૮૩૩માં ઈ. મર્કે રાસાયણિક પદ્ધતિથી બનાવ્યું. ૧૮૩૦માં ફ્રેંચ વિજ્ઞાની રાફેલપિરીયાએ આ સંયોજનને ફ્રેંચ

ભાષામાં 'એલ એસિડ સેલિ સાયલિક' એવું નામ આપ્યું જે આજનું આ ઔષધ એલિસિલિક એસિડનું આ ફ્રેંચ નામ હતું. ૧૮૪૪માં ઑગસ્ટ કાટુસે જણાવ્યું કે તે સમયે વપરાતાં વિન્ટર ગ્રીન નામના ઔષધમાં સેલિસિલિક એસિડનું એક પ્રકારનું મિથાઈલ એસ્ટર છે. ૧૮૫૩માં જર્મન રસાયણશાસ્ત્રી કાર્લ જેકબે બીજા એક છોડમાંથી સેલિસિલિક એસિડ મેળવ્યો. તેમાંથી તેમણે સોડિયમ ક્ષાર બનાવ્યો જે તાવ અને માથાનો દુઃખાવો ઘટાડવામાં ઉપયોગી બન્યો. એ જ સમયમાં ફ્રેંચ રસાયણશાસ્ત્રી ચાર્લ્સ ગરહોર્ડે એસિટાઈલ સમુટ તેમાં ભેળવ્યો. ૧૮૯૭માં ૨૯ વર્ષની ઉંમરના રસાયણશાસ્ત્રીએ બેયર કંપનીમાં સંશોધન કરતાં એસ્પિરિન બનાવ્યું, બેયર કંપનીએ ૧૮૯૯માં જગત સમક્ષ રજૂ કર્યું. આજે ૧૯૯૯માં આ એસ્પિરિનને ૧૦૦ વર્ષ થશે.

બીજું એવું માનવું છે કે મીગે સ્વીટ નામના છોડમાંથી આ દવા મળી તેનું ઔષધીય નામ સીરા અલમારિયા હોવાથી આ દવાનું નામ એસ્પિરિન રાખ્યું. ૧૯૫૦માં એસ્પિરિન ઔષધ સૌથી વધુ વેચાયું. ૧૯૬૯માં એસ્પિરિનની ટીકડીનો ઉપયોગ અવકાશયાત્રી નિલ આર્મસ્ટ્રોંગે કરેલો. આ અવકાશયાત્રીઓને માથાના તેમજ સ્નાયુઓના દુઃખાવા માટે એસ્પિરિન લેવાનું કહેવામાં આવેલું. ૧૯૯૩માં ૩૮,૦૦૦ ટન એસ્પિરિન વિશ્વના લોકોએ દવા તરીકે લીધી.

રોયલ કોલેજ ઓવ્ સર્જન્સના ડૉ. જ્હોન વેને શોધી કાઢ્યું કે એસ્પિરિન હૃદયરોગના દર્દીને પણ ઉપયોગી છે. પ્રોસ્ટોગ્લેડીન્સ નામના આંતરસ્ત્રાવ જેવા તત્ત્વને ઝરતું તે અટકાવે છે. આ ઉપરાંત એસ્પિરિન લોહીમાં ગઠ્ઠા કરનારા તત્ત્વની પેદાશને અટકાવે છે, આથી વિશ્વમાં હૃદયના લાખો દર્દીઓ આ દવાનું સેવન કરવા લાગ્યા.

સર્વપ્રથમ સમજાય તે રીતે એસ્પિરિનની માનવશરીરમાં થતી પ્રક્રિયાની વિગતો લંડનની કોલેજ ઓવ્ સર્જન્સના ડૉ. જ્હોન આર. વેઈને આપી. તેમના આ અભ્યાસ માટે તેમને 'સર'નો ઇલકાબ આપવામાં આવ્યો અને ૧૯૮૨માં તેમને નોબેલ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા.

આજે આ એસ્પિરિન ૧૦૦ વર્ષ પૂરાં કરે છે. તેનું નામ ગિનેસ બુકમાં નોંધાયું છે. તેની શતાબ્દી પ્રસંગે લીવરકુસેન શહેરમાં ૪૦૦ ફૂટ ઊંચો ટાવર ઊભો કરવામાં આવ્યો છે, જેને એસ્પિરિન ટાવર તરીકે ઓળખવામાં આવશે. ટાવરમાં એસ્પિરિનની ટીકડીનાં બોક્સ ગોઠવવામાં આવશે. એસ્પિરિનની ઉજવણી ઇન્ટરનેટ પર કરવામાં આવશે. બેયર્સ કન્ઝ્યુમર કેર બિઝનેસ ગ્રૂપના જનરલ મૅનેજર ડૉ. ફ્રેન્ક મોરીચના કહેવા મુજબ જેમની પાસે ઇન્ટરનેટનું જોડાણ હશે તે આ શતાબ્દી મહોત્સવની મજા માણી શકશે. ઇન્ટરનેટ પરનું સરનામું www baya Com છે. - ડૉ. રમેશ ભાયાણી ('ફૂલછાબ'માંથી)

ગુજરાત સાહિત્ય અકાદમી

જૂનું વિધાનસભા ભવન, સે. ૧૭, ગાંધીનગર-૩૮૨૦૨૭

ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી નીચેની યોજનાઓ માટે નિયત સમયમર્યાદામાં પુસ્તકો હસ્તપ્રતો આવેદનપત્રો મંગાવવામાં આવે છે :

(૧) **શ્રેષ્ઠ પુસ્તકોને પારિતોષિક :**
ગુજરાતી ભાષામાં લખાયેલાં જુદાં જુદાં સાહિત્યસ્વરૂપોનાં મૌલિક પુસતકો, જે તા. ૧-૧-૯૮ થી ૩૧-૧૨-૯૮ સુધીમાં પ્રગટ થયાં હોય, તે શ્રેષ્ઠ પુસ્તકોને પારિતોષિક આપવાની યોજના અંતર્ગત મંગાવવામાં આવે છે. આ યોજના અન્વયે રસ ધરાવતા લેખકો/પ્રકાશકોએ પોતાના પુસ્તકની એક નકલ તા.૩૧-૭-૯૯ સુધીમાં વિના મૂલ્યે મોકલી આપવી. આ માટે લેખકે/પ્રકાશકે કોઈ આવેદનપત્ર ભરવાની જરૂર રહેતી નથી.

(૨) **શિષ્ટમાન્ય કૃતિઓને પ્રકાશન સહાય :**
ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, વિજ્ઞાન, કલા, ભાષાસાહિત્ય તેમજ સંશોધનને લગતા સાંસ્કૃતિક ભૂમિકા ધરાવતા ગ્રંથો અને અભ્યાસલેખોના સંગ્રહોને રૂ. ૧૦,૦૦૦/- સુધીની પ્રકાશન સહાય આપવામાં આવે છે. આ માટે આવેદનપત્ર સાથે જરૂરી હસ્તપ્રતો રજૂ કરવાની રહે છે.

(૩) **નવોદિત સાહિત્યકારોને પ્રકાશન સહાય :**
અગાઉ જેમની એક પણ સાહિત્યકૃતિ પુસ્તક સ્વરૂપે પ્રગટ થઈ નથી, તેવા નવોદિત લેખકને સાહિત્યનાં વિવિધ સ્વરૂપોમાં લખાયેલી મૌલિક કૃતિના પ્રથમ પ્રકાશન માટે રૂ. ૧૦,૦૦૦/- સુધીની પ્રકાશન સહાય આપવામાં આવે છે. આ માટે પણ જરૂરી હસ્તપ્રત રજૂ કરવાની રહે છે. નવોદિત લેખકોનાં કાવ્ય અથવા વાર્તા, નિબંધ કે રેખાચિત્ર, ગદ્યલેખો, ઇત્યાદિ સાહિત્યનાં શિષ્ટ સામયિકોમાં પ્રગટ થયેલાં હોય તો તેનો ઉલ્લેખ હસ્તપ્રતમાં કરવો અનિવાર્ય છે.

(૪) **ભારતીય ભાષાઓમાંથી અનુવાદ માટે પ્રકાશન સહાય :**
હિન્દી, અંગ્રેજી, સિંધી તથા ઉર્દૂ સિવાયની અન્ય અર્વાચીન ભારતીય ભાષામાંથી ગુજરાતીમાં કરેલ અનુવાદની હસ્તપ્રતો પ્રકાશન સહાય માટે મંગાવવામાં આવે છે. આ પ્રકાશન સહાય પણ રૂ. ૧૦,૦૦૦/- સુધીની છે.

(૫) **મૌલિક બાલસાહિત્યને ઉત્તેજન :**
બાલસાહિત્યનું પ્રકાશન થતું રહે અને ગુજરાતનાં બાળકોને નવું સર્જાતું બાલસાહિત્ય સુલભ થાય, તે હેતુથી આ વિષયના લેખકોને પ્રકાશન સહાયરૂપે અને બાલસાહિત્યને પ્રોત્સાહન માટે રૂ. ૫૦૦૦/- સુધીની પ્રકાશન સહાય આપવામાં આવે છે. આ માટે પણ જરૂરી હસ્તપ્રત આવેદનપત્ર સાથે રજૂ કરવાની રહે છે.

સંબંધિત લેખકો/ પ્રકાશકોએ ઉક્ત યોજના ક્રમાંક : ૨ થી ૫નાં આવેદનપત્રો ટપાલથી કે રૂબરૂ અકાદમી કાર્યાલયના ઉપરના સરનામેથી મેળવીને તા. ૩૧-૭-૯૯ સુધીમાં હસ્તપ્રતની જરૂરી નકલો સાથે મોકલી આપવાં. સુવાચ્ય હસ્તપ્રત વિનાનાં કે અધૂરી અને અસ્પષ્ટ વિગતોવાળાં આવેદનપત્રો અસ્વીકાર્ય બનશે, જેની નોંધ લેવા વિનંતિ છે.

દલપત પઢિયાર	કુમારપાળ દેસાઈ	ભોળાભાઈ પટેલ
મહામાત્ર	ઉપપ્રમુખ	પ્રમુખ

શબ્દ શબ્દ કહા કરો, શબ્દ કે હાથ ન પાંવ,
એક શબ્દ ઓખડ કરે, એક શબ્દ કરે ઘાવ.

— કબીર

કોઈ રાષ્ટ્રની પ્રજા જ્યારે કોઈ વસ્તુની તંગી અનુભવતી હોય ત્યારે રાષ્ટ્રધુરીણો તે વસ્તુનો ઓછો કે સંયમિત ઉપયોગ કરવાનો અનુરોધ કરતા હોય છે. પણ આવા અનુરોધનું સ્વના આચરણથી ઉદાહરણ પૂરું પાડનાર ધુરીણો કેટલા? એક વાર ઇંગ્લંડમાં ખાંડની અછત હતી ત્યારે ત્યાંના તત્કાલીન વડા પ્રધાન એટલીને ત્યાં પંડિત જવાહરલાલ નેહરુ મહેમાન થયેલા. સ્વ. એટલીએ નેહરુનું ખાંડ વગરની ચાથી સ્વાગત કરી પોતાના રાષ્ટ્રમાંની વસ્તુની અછતનો ખયાલ પોતે પણ કેવો રાખે છે તેનું ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

*

કાચી કેરીની ગોટલીને સૂકવી નાખી તેનો ભૂકો કરી શરીર પર લગાવવાથી ઉનાળુ અળાઈ શમી શકે છે.

*

પ્રત્યેક દેશ પોતાની ટપાલટિકિટ બહાર પાડે છે તેના પર તે તે દેશનું નામ હોય છે. પરન્તુ ઈંગ્લંડ એક એવો દેશ છે કે જેની ટપાલટિકિટ પર તે દેશનું નામ છાપવામાં આવતું નથી.

*


ચોખાના ડબામાં મીઠાના ગાંગડા મૂકવાથી તેમાં જિવાત પડશે નહિ.

*

દક્ષિણ અમેરિકામાં પેરુ અને બોલીવિયા દેશોની વચ્ચે એન્ડ્રિઝ પર્વતમાળા પર આવેલું ટીટીકાકા સરોવર વિશ્વનું સૌથી ઊંચું સરોવર છે, જે સમુદ્રની સપાટીથી ૩૮૧૧ મીટરની ઊંચાઈ પર આવેલું છે. આ સરોવરનું ક્ષેત્રફળ ૮૨૮૫ ચો.કિ.મી., લંબાઈ ૧૭૮ કિ.મી. અને ઊંડાઈ ૩૭૦ મીટર છે.

ગણિતગમ્મત

નીચે આપેલા ચોકઠામાં ૧ થી ૧૩ સુધીના આંકડા એવી રીતે ગોઠવવાના છે



કે, દરેક હારના ચાર ખાનાંના અંકોનો સરવાળો સરખો જ આવે. દરેક અંક એક જ વખત વાપરવાનો છે. પ્રયત્ન કરી જુઓ.
(ઉકેલ નીચે) – પ્રભુલાલ દોશી

*

શાસ્ત્રીય સંગીતમાં સૌથી જૂના ગ્વાલિયર ઘરાનાની સ્થાપના ૧૬મી સદીમાં થઈ હતી.

*

ગિરનારને હિમાલય કરતાં પણ જૂનો ગણવામાં આવે છે. તેનું સૌથી ઊંચું શિખર ૧૧૧૭ મીટર ઊંચાઈનું ગોરખનાથ છે, જે ગુજરાતના તમામ પહાડો કરતાં ઊંચું છે.

*

બ્રેડની કોઈ પણ તળેલી વાનગી બનાવવી હોય તો પહેલાં બ્રેડને ટોસ્ટર કે તવી પર જરા કડક કરી લો, જેથી તળતી વખતે તેલ બહુ ન વપરાય.

*

દાંતના રોગમાં લીંડીપીપર, સિંધવ અને જીરાનું બારીક ચૂર્ણ દાંતે ઘસવાથી રાહત થાય છે.

*

૧૨	૨	૫	૧૧			
૭			૪			
૧			૯			
૧૦			૬	૮	૩	૧૩

ગણિતગમ્મતનો ઉકેલ : સરવાળો ૩૦

પુસ્તકો યુવાવસ્થામાં આપણને માર્ગ દર્શાવે છે અને વૃદ્ધાવસ્થામાં આપણને આનંદ આપે છે; એકાંતમાં આપણને આશ્રય આપે છે અને આપણા જીવનને બોજારૂપ થતું અટકાવે છે.
જેરિમ કોલિયાર

જાપાનનો શિગેચિયો ઇજુમી ૧૧૭ વર્ષે મરણ પામ્યો હતો.

*

પતિયાલાના મહારાજાએ ઈંગ્લંડના બકિંગહામ પેલેસના વેઈટરોને એક લાખ રૂપિયાની બક્ષીસો આપેલી નોંધાઈ છે.

*

અમેરિકાના 'ન્યૂ યૉર્ક' ગેઝેટ નામક એક અખબારના ૧૭૭૭ના મે મહિનાની ૧૭મી તારીખે પ્રકટ થયેલા અંકમાં સૌપ્રથમ વાર આઇસક્રીમ શબ્દનો પ્રયોગ થયેલો જણાય છે.

*

'ડૉક્ટર સાહેબ, આ બજારમાં મળતાં મીઠાઈ-ફરસાણ ખાવામાં કાંઈ વાંધો ખરો?'
'ના રે, મારી આજીવિકાનો એ તો આધાર છે.'



કલાકણિકા : ઈ.સ.પૂ. બીજી કે પહેલી સદીમાં બનાવાયેલ ટેરાકોટાની એક પંખધારિણી દેવીની સુન્દર પ્રતિમા.